તદુપરાંત પૂજ્યપાદ પરમ વિદ્વાન પંન્યાસ પ્રવરશ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર્યનો ઉપકાર પણ અમે ભૂલી શકીએ તેમ નથી. તેઓશ્રીની મમતાભરી લાગણી અમારા પર અત્યંત વરસી રહી છે. તેઓશ્રીના સદુપદેશથી અમને સારો આર્થિક સહકાર મળ્યો છે. અમે તેઓશ્રીના આથી અત્યંત ઋણી છીએ.

'કલ્યાણ'નું સંચાલન અમારા હસ્તક આવ્યા પછી, સાહિત્યની દૃષ્ટિએ, તથા તેના બાહ્ય-અંતરંગ વિકાસની દૃષ્ટિએ તે ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહ્યું છે, જે અમારે મન ગૌરવનો વિષય છે. તેનો 'પર્યુષણા પર્વ વિશેષાંક' ૪૦ ફર્માનો વિવિધ વિષયોથી સુસમૃદ્ધ તથા બાહ્ય-અંતરંગ સુશોભનોથી શોભિત જૂલાઈ-ઓગસ્ટ-૬૪ નો જે પ્રસિદ્ધ થયેલ તે 'કલ્યાણ'ની પ્રગતિની મૂક સાક્ષીરૂપ બનેલ. આજે પણ તે વિશેષાંકને પ્રશંસાનાં પુષ્પો વિદ્વાનો તરફથી મળી રહ્યાં છે.

આ રીતે ઉત્તરોત્તર શાસન, સંઘ, સાહિત્ય તથા સંસ્કૃતિની સેવા કરવાના શુભ કાર્યમાં વધુ ને વધુ દૃઢતાપૂર્વક અમે વિકાસ સાધતા રહીએ તેવા શુભાશિષ આ પ્રસંગે પૂ. પાદ પરમ શાસનપ્રભાવક આચાર્ય દેવેશાદિ મુનિવરોની પાસે વિનંતિ પૂર્વક યાચીએ છીએ, ને પ્રાર્થના કરીએ છીએ કે 'કલ્યાણ'ના વિકાસમાં તેઓશ્રી આત્મીયભાવે અમને પોતાનો સહકાર અવશ્ય આપતા રહે.

પ્રાન્તે પ્રસ્તુત પ્રકાશનનાં મનન, વાંચન, નિદિધ્યાસન દ્વારા સહુ કોઈ 'જીવનમાં જાગૃતિ'ને લાવી વાસનાને ખંખેરી પરમ મંગલમય શાશ્વત સુખના સ્થાનને પ્રાપ્ત કરો.એ શુભ કામના.

શાસનદેવ 'કલ્યાણ' દ્વારા શાસન સેવા કરવાની અમારી પ્રવૃત્તિઓમાં અમને નિરંતર સહાયક બનો.

નિવેદક

આ. શુ. ૧૦: વિજયાદશમી શુક્રવાર ૧૬-૧૦-૬૪ વીર સં. ૨૪૯૦: વિ. સં. ૨૦૨૦: વઢવાણ શહેર

કીરચંદ જે. શેઠ
માનાર્હ તંત્રી-સંપાદક
'કલ્યાણ' પ્રકાશન મંદિર ટ્રસ્ટ

ॐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

મંગલવચન

અનાદિકાલથી આ [illegible] કોઈપણ જન્મમાં કોઈપણ ગતિમાં [illegible] પ્રાપ્તિ થઈ નથી, ને થઈ હોય તે તે ફળી નથી. [illegible] મળ્યું છે આત્માને [illegible] દેવના ધર્મની પ્રાપ્તિ થઈ નથી. [illegible] ગતિમાં ભમતો [illegible] પૂર્વે [illegible] જન્મની પ્રાપ્તિ થઈ [illegible] શ્રી જિનેશ્વર દેવના ધર્મની [illegible] પ્રાપ્ત ન થયો એટલે [illegible] માનવ દેહની અર્થકતા આત્મામાં ન કરી, રાગ [illegible] પરિણામે જન્મ, [illegible] આયુષ્ય [illegible] મરીને ફરી જન્મ મરણના ચક્રાવામાં ચડયો.

આજે ફરી એને મહામૂલ્ય માનવ દેહની પ્રાપ્તિ થઈ છે. [illegible] કાળપંચમ હોય, દુઃષમ અવસર્પિણી [illegible] આપણને શ્રી જિનેશ્વર દેવનું શાસન મળ્યું છે, તેના પ્રભાવે [illegible] સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ચારિત્રની સાધના મળી છે, તેથી આત્માને માટે આ કાળ પણ સાધનાનો સુવર્ણ કાળ છે.

પ્રસ્તુત પ્રકાશન કે જે આજથી બે વર્ષ પૂર્વે પ્રસિદ્ધ થયેલ 'સાધનાનાં સોપાન'ની સંસ્કારિત સર્વાધિત આવૃત્તિરૂપ છે તેમાં આજ ઉદ્દેશને આંખ સામે રાખીને થયેલા મનનીય પ્રવચનોનું સુરમ્ય અવતરણ પ્રસિદ્ધ થયું છે. જુદા જુદા સ્થળે અમદાવાદ શહેરમાં થયેલા પ્રવચનો વિવિધ વિષયસ્પર્શી, વિચારણીય તથા પ્રેરક અને ઉદ્બોધક છે.

(૧) 'સાધનાનો સુવર્ણ યુગ' પ્રવચન પ્રભુભકિતની મહત્તા ગાઈ રહ્યું છે. સમ્યગ્દર્શનની નિર્મલતા પ્રભુભકિત પર નિર્ભર છે. જ્ઞાનયોગ, ધ્યાનયોગ, ક્રિયાયોગ અને ભકિતયોગ એ ચાર યોગમાં જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર તથા ક્રિયાની પાત્રતા આત્મામાં પ્રગટાવનાર તેમજ ધ્યાનમાં આત્માને સ્થિર કરનાર જો કોઇ હોય તો ખરેખર તે ભકિત છે. ભકિત મુકિતની દૂતી છે, આ ભકિતના મહિમાને તેની ભવ્યતાને આ પ્રથમ પ્રવચનમાં વ્યાખ્યાનકાર મુનિરાજશ્રી સ્પષ્ટતાથી દૃષ્ટાન્તો દ્વારા જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલા પ્રસંગ ચિત્રો દ્વારા રોચક તથા હૃદયંગમ શૈલીએ સમજાવે છે.

(૨) 'આત્મ ઉજજવલતાનાં અનન્ય પ્રતીકો : પ્રવચનમાં વ્યાખ્યાનકાર મુનિશ્રી, શ્રી જિનેશ્વરદેવના ધર્મની આરાધના માટેના પગથીયારૂપ અભય, અદ્વેષ તથા અખેદને અંગે ખૂબ ખૂબ સ્વચ્છ તથા સરલ શૈલીએ ઉપદેશે છે. આ પ્રવચનમાં શ્રી શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધાર કરનાર શ્રી વાગ્ભટ્ટ મંત્રી તથા ભીમાકુંડલીયાનો પ્રસંગ રજૂ કરી ભકિત, ભાવના તથા શ્રદ્ધાપૂર્વકના સદ્‌ભાવનો મહિમા ગાય છે. શ્રી જિનમંદિર જિનમૂર્તિ તથા જિનાગમ એજ કલિકાલમાં પણ આત્મઉજજવલતાનાં આત્મનિર્મલતાનાં પ્રબલ આલંબનો છે, તેની ભકિત કરવાથી આત્માની ઉન્નતિ થાય છે. આ હકીકત પ્રવચનમાં વ્યકત થઈ છે.

(૩) 'જીવન જીવવાની કળા' પ્રવચનમાં મુનિશ્રી ધર્મની ઉપયોગિતા સમજાવી, સર્વ કલાઓમાં ધર્મકલા શ્રેષ્ઠ છે. એ ઉપદેશે છે. જયતાક પલ્લીપતિના દૃષ્ટાંત દ્વારા કર્માધીન સંસારમાં કર્મને વશ આત્મા કર્મના યોગે કેવી રીતે પટકાય છે? ને જાગૃત થતાં તેનો ઉદ્ધાર કઈ રીતે થાય છે? તે વિસ્તૃત રીતે સમજાવે છે.

(૪) 'શ્રી સંઘ ભકિત' નામના વ્યાખ્યાનમાં વ્યાખ્યાનકાર મુનિશ્રી સંઘનો મહિમા, સંઘનું સ્વરૂપ, તથા સંઘ ભકિત વિશે વિચાર-

ને તેના આવિષ્કાર રૂપ વિજ્ઞાન પ્રત્યે માનવને આંધળી શ્રદ્ધા વધતી જાય છે, ને શુદ્ધ દેવ, સુગુરૂ તથા સુધર્મ પ્રત્યેની સમ્યગ્શ્રદ્ધા જે રીતે દિન પ્રતિદિન ઘટતી જાય છે, તેને અંગે અહીં ઘણી ઘણી સ્પષ્ટ વાતો યુક્તિપૂર્વક કહેવાઇ છે. મૃગાવતી જેવાં સ્ત્રીરત્ન તથા શ્રાવિકા શ્રેષ્ઠના જીવનમાં શ્રદ્ધાએ કેટ-કેટલો મહત્વનો ભાગ ભજવ્યો છે. તદુપરાંત શ્રદ્ધા, પરમ-શ્રદ્ધાના બળે મૃગાવતીજી જેવાં ચંડપ્રદ્યોત જેવા રાજાના સકંજામાંથી છૂટી પોતાનું શીલ નિર્મલ રાખીને આત્મશ્રેય સાધવા જે રીતે ઉજમાળ બન્યા તેનું સુંદર આલેખન આ વ્યાખ્યાનમાં થયું છે. અન્તે તેઓ કહે છે કે 'આત્મવિશ્વાસ સાથે અડગ શ્રદ્ધા જગતમાં આદર્શ સ્વરૂપ બને છે' સમ્યગ્શ્રદ્ધા કેટ-કેટલું બળ આપે છે, સત્વ આપે છે, શક્તિ તથા સામર્થ્ય આપે છે, તેનું વર્ણન વચનાતીત છે, છતાં આ પ્રવચનમાં ટુંકમાં સુંદર સચોટ વર્ણન થયું છે

(૮) **'સાધર્મી સેવાનું સુંદર સ્વરૂપ'**માં સાધર્મિક ભક્તિ માટે શાસ્ત્રીય મર્યાદાપૂર્વક અહીં સુંદર રીતે કહેવાયું છે, તેઓ જણાવે છે કે 'સ્વાર્થનો અંધાપો લઈ ફરનાર પોતાના જ મોજશોખને પૂરા કરવા પાછળ જીવન વેડફી નાંખનાર માનવને સાધર્મિભક્તિ કયાંથી મળે?' આ કથન કેટલું વેધક તથા સત્યગર્ભિત છે? આજે સંસારમાં રાચનારા ને માચનારા જડ વાદને જ ઉન્નતિનું ધ્યેય માની બેઠેલાઓને સાધર્મિકોની સાચી ભક્તિ સૂઝે નહિ. એ દેખાઇ રહ્યું છે. તેઓ સાધર્મી-ભક્તિની વિટંબના સિવાય અન્ય કશું કરી શકે તેમ નથી. જેમના હૈયામાં ધર્મ પ્રત્યે દૃઢ અનુરાગ છે. જૈન શાસન જેમને મન સર્વસ્વ છે, તેવા ધર્મ-શીલ ઉદાર દીલ આત્માઓ સાધર્મી ભક્તિના રહસ્યને પામી શકે છે.

ગરીબમાં ગરીબ સાધર્મિકને જોઇને જેનું ધર્મશીલ હૃદય આનંદની ઉર્મિઓથી નાચી ઉઠે છે, તે જ ખરેખર સાધર્મિકોની સાચી ભક્તિ કરી શકે છે. સાધર્મિક ભક્તિનો આદર્શ દૃષ્ટાન્ત દ્વારા અહિં સ્પષ્ટ રીતે

વૈમનસ્ય જગાડનાર, પરંપરાએ પરલોકમાં પણ આત્માને અનર્થ આપનાર રસનાનો અસંયમ છે. વ્યાખ્યાતા મુનિવરશ્રીએ મંગુ આચાર્ય મહારાજનું દૃષ્ટાન્ત આ વિષય પર સ્પષ્ટતાથી સમજાવ્યું છે. તેમજ જીભના, બોલવાના અસંયમ ઉપર માતા–પુત્રનું દૃષ્ટાન્ત વિસ્તારપૂર્વક જણાવ્યું છે. એકંદરે પાંચેઈંદ્રિયોમાં રસના ઇંદ્રિયનો સંયમ ઘણો જ ઉપકારક છે. એ જ સંપૂર્ણ આ વ્યાખ્યાનનો મુખ્ય ધ્વનિ છે.

(૧૧) **'પ્રગતિના પંથે પુનિત પ્રયાણ'**માં વ્યાખ્યાનકાર માનવજીવનની મહત્તા તથા તેની સફળતા માટે દૃષ્ટાન્તોપૂર્વક મનનીય તથા સચોટ ઉદ્બોધન કરે છે. આ વ્યાખ્યાનમાં ચિન્તામણિરત્નને વગર સમજે ગુમાવનાર રબારી અને સમજીને કેવલ એક આડ આના ખાતર ગુમાવનાર વાણીયો, બંનેના દૃષ્ટાન્તથી સમજણ તથા અણસમજણ વચ્ચેનું અંતર વ્યાખ્યાનકાર મુનિશ્રી સ્પષ્ટ કરે છે. અણસમજથી કદાચ માનવજન્મ ભૂતકાળમાં એળે ગયો, પણ વર્તમાન કાલે સમજણ આવ્યા પછી માનવજન્મ જેવો મહા મોંઘો જન્મ નિષ્ફળ ન જવો જોઇએ તે વિશે આ પ્રવચનમાં તેઓ પ્રેરણા આપી રહ્યા છે. જાગ્યા ત્યાંથી સવાર માનીને જીવનને ઉજ્જવલ બનાવવાનો પ્રેરક સંદેશ આ વ્યાખ્યાનમાંથી મળી રહે છે. વંકચૂલનું દૃષ્ટાન્ત વિસ્તારપૂર્વક સચોટ શૈલીએ વ્યાખ્યાનકાર આ પ્રવચનમાં ઉપદેશે છે.

અગીયાર મનનીય વ્યાખ્યાનોનો આ સંગ્રહ, ચિન્તન, મનન તથા પ્રેરણાથી સભર છે. તેના વિષયોનું એકંદર સર્વગ્રાહી વિહંગાવલોકન અહિં રજૂ થયું છે

લગભગ ૨૪ વર્ષની ભર યુવાન વયે ગુરુનિશ્રાએ રહી સંયમની સાધના સાથે સ્વાધ્યાય વિનય વૈય.વચ્ચાદિ ગુણોની આરાધના કરતાં પૂર્વકાલીન ક્ષયોપશમથી જે શક્તિ વ્યાખ્યાતા મુનિવરશ્રીને પ્રાપ્ત થઈ છે તે દ્વારા આ રીતે તેઓ જૈનશાસનનાં પરમ સત્યોની પ્રભાવના કરી રહ્યા છે.

સં. ૨૦૦૯ની સાલમાં

સારંગપુર, તળિયાની પોળ, અમદાવાદના ચાતુર્માસમાં થયેલ અદ્ભુત

શાસન પ્રભાવના

અમદાવાદ-સારંગપુર તળિયાની પોળમાં ઘણા વર્ષે પૂર્વે પૂજ્ય ૧૦૦૮ [illegible] દાદાશ્રી જિતવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન પૂજ્ય બુદ્ધિવિજયજી મહારાજ, તથા પૂજ્ય પં. પ્રવરશ્રી [illegible]વિજયજી ગણિવરાદિ મુનિવરોનું ચાતુર્માસ થયેલ ચાલુ સાલે તેઓશ્રીજી (પૂ. બુદ્ધિવિજયજી મ. સા.)ના પટ્ટપ્રભાવક આચાર્ય દેવેશ શ્રીમદ્વિજય શાન્તિચંદ્ર સૂરીશ્વરજી મહારાજને શ્રીસંઘે ચાતુર્માસ પધારવા આગ્રહ પૂર્ણ વિનંતી કરી. પૂજ્ય આચાર્ય દેવેશની ભાવના હતી. પરંતુ શરીરના અસ્વાસ્થ્યના કારણે એઓશ્રી પધારી નહિ શકવાથી તેઓશ્રીજીના શિષ્ય રત્ન પંન્યાસ પ્રવર શ્રી સુજ્ઞાન વિજયજી ગણિવર તથા મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજને ચાતુર્માસ માટે મોકલેલ. ઘણા વર્ષે પોળમાં ચાતુર્માસ થતું હોવાથી સંઘમાં ઉત્સાહ અમાપ હતો. વ્યાખ્યાનમાં 'શ્રાદ્ધપ્રતિક્રમણ' અને ભાવનાધિકારે 'ભીમસેન' વાંચવાની શરૂઆત થઈ. પૂજ્ય પન્યાસજી મહારાજ સુંદર શૈલીએ ધર્મોપદેશ આપતા હોઈ સૌનું આકર્ષણ વધતું હતું.

દર રવિવારે પૂજ્ય પંન્યાસજી મહારાજની આજ્ઞાથી તેઓશ્રીજીના શિષ્ય મુનિરાજશ્રી રાજેન્દ્ર વિજયજી મહારાજ જુદા જુદા વિષયો પર 'જાહેર પ્રવચન' આપતા હતા. રવિવારે ઉપાશ્રયનો વિશાળ વ્યાખ્યાન હોલ સંકીર્ણ થઈ જતો. થોડા મોડા આવનારને બેસવા જગ્યા પણ

મળી શકતી નહિ. પોળના જ નહિ. આજુબાજુના જૈન જૈનેતરો પણ રવિવારે વ્યાખ્યાનમાં ઉપસ્થિત થતા. આધુનિક પ્રશ્નને સામે રાખી મુનિરાજશ્રી તેની તાત્વિક સમાલોચના કરતા. ઘણા કોલેજિયનો પણ વ્યાખ્યાનથી આકર્ષાયા હતા. જુદી જુદી આરાધનાઓ થતી. અને ચતુર્માસ આરાધનાની સૌરભથી મઘમઘી ઉઠ્યું. નવકાર મંત્રનો સામુદાયિક જાપ, આંબીલ એકાસણાં તપ, જપ વિશિષ્ટ પ્રકારે થતાં. પર્યુષણ પર્વની આરાધના, અટ્ઠાઇના તપ, ગણધરવાદનું સુચારૂ વર્ણન વગેરે અનેક જાતની નિર્મળ સાધનાઓ સહુને યાદગાર બની ગઇ હતી. આરાધના નહિ કરનાર ઘણો વર્ગ આરાધના સન્મુખ બની ગયો હતો.

સંવત્સરી પ્રતિક્રમણ પછી ઉત્સાહી કાર્યકરોએ **'ચૈત્યપરિપાટી'** કરવાનો નિર્ણય પૂજ્ય પન્યાસજી મહારાજ આગળ જણાવ્યો. જિનબિંબોના દર્શનની ઝંખના પૂજ્ય મુનિરાજોના હૃદયમાં તો હતી જ આ વાતથી પ્રોત્સાહન મજબૂત બન્યું.

પોળે-પોળે પ્રવચનો યોજાય, ધર્મવિમુખ થતી જનતા ધર્મસન્મુખ બને, શ્રી સંઘની સાથે જિન મંદિરો, જિનબિંબોનાં દર્શન થાય આ શુભ ઉદ્દેશથી ચૈત્ય પરિપાટીના નિર્ણયને સહુએ વધાવી લીધો.

જડપભેર શુ. ૧૪ના શુભ મુહૂર્તથી શહેર યાત્રાનું શુભકાર્ય શરૂ થયું. પ્રારંભમાં ૫૦૦ માણસો જોડાયાં હતાં. દિવસે દિવસે ભરતી વધતી હતી.

જગ્યાએ જગ્યાએ ગહુંલીઓથી પૂજ્ય પન્યાસજી મહારાજને વધાવવામાં આવતા. વ્યાખ્યાનો જ્યાં યોજાતાં ત્યાં ખાસ મંડપ ઉભો કરવામાં આવતો. વ્યાખ્યાનમાં કાયમી હાજરી હજારથી ૧૨૦૦ માણસોની રહેતી. રવિવારના દિવસે સંખ્યા ઘણી જ વધી જતી. સારંગપુર તળિયાની પોળના ઇતિહાસમાં આવો પ્રસંગ પહેલ વહેલો જ હતો. આગળ જીયા બેન્ડ, પાછળ મુનિરાજો, શ્રાવક સમુદાય, સાધ્વીજી મહારાજ, શ્રાવિકા વર્ગ, સાથે નિયમિત આઠ વાગે કાર્યક્રમ શરૂ થતો. સામુદાયિક ચૈત્યવંદન

પછી વ્યાખ્યાન મંડપમાં [illegible] [illegible] સંઘ માટે [illegible] [illegible]
દિવસનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

પહેલો દિવસ:— ૨૩-૯-૬૧ ભા. શુ. ૧૪ શનિવાર, આજે [illegible] યાત્રાનો પહેલો દિવસ હતો. [illegible] [illegible] ભાઈ બહેનો [illegible] [illegible] [illegible] [illegible] યાત્રાનો કાર્યક્રમ શરૂ થયો.

(૧) [illegible] નગિનાની પોળ: ચિંતામણિ પાર્શ્વનાથ [illegible] મહાવીર સ્વામી [illegible] [illegible] ભગવાનના દર્શન કરી, (૨) [illegible] [illegible] [illegible] પ્રભુ. (૩) [illegible] (ઘરદેરાસરમાં) પદ્મ પ્રભુજીનાં દર્શન કરી ત્યાંથી રવાના થયાં. (૪) [illegible] પોળ, સુમતિનાથ ભ. (૫) [illegible] અભિનંદન સ્વામી. (૬) [illegible], વાસણ શેરીમાં સુમતિનાથ ભગવાનના દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન થયું. શ્રી સંઘની વિનંતીથી પૂજ્ય પન્યાસજી મહારાજે મંગલાચરણ સંભળાવ્યું, પછીથી પ્રભાવના લઈ સહુ વીખરાયા હતા.

બીજો દિવસ:— ૨૪-૯-૬૧ રવિવાર ભા. શુ ૧૫ આઠ વાગે નગિનાની પોળમાંથી ચતુર્વિધ સંઘ સાથે રવાના થઇ. (૭) મણિનગર–વાસુપૂજ્ય સ્વામી (૮) રખીયાલ–ચાર મંદિરમાં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથનાં દર્શન કરી (૯) રાજપુર–શ્રી સંભવનાથ ભ. ભોંયરામાં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથની ચમત્કારી પ્રતિમાનાં શ્રીસંઘ સાથે દર્શન કરી સામુદાયિક ચૈત્ય વંદન કરી. સહુ સંઘ ઉપાશ્રયમાં આવ્યા. રવિવારની રજા હોઈ –ઉપાશ્રયના વ્યાખ્યાન હૉલમાં જાહેર વ્યાખ્યાન એક કલાક સુધી અપાયું. પછી પ્રભાવના લઇ સહુ વિખરાયા.

ત્રીજો દિવસ:— ૨૫-૯-૬૧ સોમવાર ભા, વ. ૧ (૧૦) ખેતરપાળની પોળ સંભવનાથ ભગવાન. (૧૧) ધરણેન્દ્ર શાન્તિનાથ. ભ. (૧૨) વીરના ઉપાશ્રયમાં અજિતનાથ ભ. (૧૩) અદાશાની ખડકી (પતાસાની પોળમાં) ઘ. દે. શીતલનાથજી. (૧૪) હિરાભાઇની પોળ–સુમતિ નાથજી. (૧૫) ઘ. દે. સુમતિનાથ ભગવાન (૧૬) લાલાનો ખાંચો. ઘ. દે. વાસુપૂજ્ય

સ્વામી (૧૭) શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ (૧૮) બ્રહ્મપુરી ધ. દે. આદીનાથ ભ. (૧૯) નવીપોળ ધ. દે. આદિનાથ ભ. (૨૦) ઢાળમાં-પદ્મપ્રભુજી, (૨૧) સ્ટેન્ડ પાસે ધ. દે. ચિંતામણિ પાર્શ્વનાથ (૨૨) ચોકડામાં-પતાસાની પોળ મૂ. ના. શ્રેયાંસનાથ ભ. (૨૩) શ્રી વાસુ પૂજ્યસ્વામી મેડા ઉપર ધર્મનાથ ભ.નાં દર્શન કરી ચોકડામાં '**સાધનાનો સુવર્ણયુગ**' એ વિષય પર પ્રવચન થયું. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી ચતુર્વિધ સંઘ સાથે ગાંધી રોડ ઉપર આવેલા (૨૪) મહાવીર સ્વામીજીના દેરાસરમાં સામુદાયિક ચૈત્યવંદન કરી સહુ વિખરાયા હતા.

ચોથો દિવસ :— ૨૬-૯-૬૧ ભા. વ. ૨ મંગળવાર- બેન્ડ સાથે સવારે ૮ વાગે તળિયાની પોળમાંથી રવાના થઈ (૨૫) મુહુરતપોળ મૂળનાયક, શિતળનાથભ. (૨૬) નાગજી ભુદરની પોળમાં (૧) સંભવનાથ. (૨) શાંતિનાથ. (૩) ભોંયરામાં આદીશ્વરભ. (૪) મેડા ઉપર અજીતનાથ (૨૭) માંડવીની પોળ. ધ. દે. પદ્મપ્રભુજી, (૨૮) ધ. દે. ધર્મનાથ (૨૯) મંકોડીની પોળ ધ. દે. અજીતનાથ. (૩૦) લાલાભાઈની પોળ વિમળનાથ (૩૧) સુરદાસશેઠની પોળ (૧) કુંથુનાથ (૨) ઉપર શ્રેયાંસનાથ. (૩૨) ચકાપકાની ખડકી ધ. દે. આદિનાથભ. (૩૩) કાકા બળિયાની પોળ સુવિધિનાથભ. (૩૪) ધ. દે. વિમળનાથભ. (૩૫) શેઠની પોળ શાન્તિનાથભ. (૩૬) સમેત શિખરજીની પોળ. ચિન્તામણિ પાર્શ્વનાથનાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કરી. શ્રી સંઘની વિનંતીથી પૂજ્ય પન્યાસજી મહારાજે થોડો સમય વ્યાખ્યાન આપ્યું. પછી પ્રભાવના લઈ સહુ વિખરાયા હતા.

પાંચમો દિવસ :-૨૭-૯-૬૧ ભા. વ. ૩ બુધવાર (૩૭) જમાલપુર આણંદજી કલ્યાણજીના બ્લોકમાં મૂલનાયક આદિનાથ ભ.નાં ભાવથી દર્શન કરી (૩૮) જમાલપુર ટોકરશાની પોળમાં (૧) ગોડી પાર્શ્વનાથ (૨) ભોંયરામાં આદિનાથ (૩) મેડા ઉપર શાન્તિનાથ ભ.નાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કરી સહુ આનંદથી છૂટા પડયા હતા.

જિન બિંબોનાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કર્યા પછી 'આત્મ ઉજ્જ્વલતાનાં અનન્ય પ્રતીકો' એ વિષય પર જાહેર પ્રવચન થયું હતું. વ્યાખ્યાન પછી લાડુની પ્રભાવના લઈ સહુએ ભાવભીની વિદાય સ્વીકારી હતી.

નવમો દિવસ :–૧–૧૦–૬૧ ભા. વ. બીજી સાતમ રવિવાર. નવમા દિવસનું નવલ પ્રભાત જગત પર પ્રકાશ પાડી રહ્યું હતું. આજે રજાનો દિવસ હોઈ ઘણા ભાવિકો લાંબા યાત્રા પ્રવાસમાં પગપાળા આવવાના ઉત્સાહમાં વહેલી તૈયારી કરી રહ્યા હતા. સવારના આઠ વાગે નિત્ય કાર્યક્રમ પ્રમાણે 'જ્યાબેન્ડ'ના બુલંદ અવાજે સાથે પ્રયાણ પ્રારંભાયું. (૫૯) જમનાભાઈ ભગુભાઈના બંગલે ઘ. દે.માં શ્રી શાન્તિનાથભ.નાં દર્શન કર્યાં. પતાસાંની પ્રભાવના થઈ હતી. (૬૦) ત્યાંથી ગિરધરનગરના જિનાલયમાં શ્રી આદિનાથભ.નાં દર્શન કરી શ્રી સંઘની વિનંતીથી પૂજ્ય પન્યાસજી મહારાજે માંગલિક સંભળાવ્યું. પ્રભાવના લઈ સહુ આગળ વધ્યા. (૬૧) કેશવનગર કોઠારીકુંજ. અદબદદાદાની મોટી પ્રતિમાજી, તથા શ્રી શાંતિનાથજી ભ.નાં દર્શન કર્યાં. અહીં પણ પ્રભાવના થઈ હતી. ગરમી અસહ્ય હતી, છતાં ય યાત્રાનો ઉત્સાહ સહુના મુખ પર ઉપસી રહ્યો હતો. બાર વાગતાં બધા સાબરમતી પહોંચ્યા. (૬૨) સાબરમતી–રામનગર શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથનાં દર્શન કરી, મેડા ઉપર શ્રી આશાપુરી પાર્શ્વનાથનાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કરી અગાઉથી જાહેર થયા પ્રમાણે, આંબિલશાળાના વિશાળ વ્યાખ્યાન હોલમાં **'જીવન જીવવાની કળા'** એ વિષય પર જાહેર પ્રવચન થયું. આવેલ સાધર્મિકોની ત્યાંના સંઘે ભક્તિ કરી હતી તે ભક્તિને ઈન્સાફ આપી સહુએ હસતે મુખે વિદાય સ્વીકારી.

દશમો દિવસ :–ભા. વ. ૮ સોમવાર તા. ૨–૧૦–૬૧ (૬૩) મનસુખભાઈની પોળમાં શ્રી નેમિનાથ ભ. મેડા ઉપર શ્રી સુમતિનાથજીનાં દર્શન કરી (૬૪) ઘ. દે. શાંતિનાથજી (૬૬) રામજી મંદિરની પોળમાં.

શ્રી ગોડીજી દેરાસર આજુબાજુ પાર્શ્વનાથજી શેરી ઉપર શાન્તિનાથજી (૬૬) ધ. દે. શાન્તિનાથજીના દર્શન કરી ચતુર્વિધસંઘ શાન્તિનાથની પોળમાં આવ્યો (૬૯) શ્રી ચંદ્રપ્રભુજી, ... સ્વામી (૭૦) ધ. દે. આદિનાથજી (૭૧) શ્રી શાન્તિનાથજી ... પાર્શ્વનાથ પદ્મપ્રભુજી ... આદિનાથજીના દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કરી ... વ્યાખ્યાન ... પૂજ્ય પંન્યાસજી મહારાજે ... 'બંધન અને મુક્તિ' એ વિષય પર પ્રવચન આપ્યું હતું. વ્યાખ્યાન પછી પ્રભાવના ... વહેંચવામાં હતા.

અગિયારમો દિવસઃ—આ. વ ૯—૩—૧૦—૬૧ મંગળવાર (૭૧) ... પોળમાં શ્રી આદિનાથજીના દર્શન કરી શ્રી નંદીશ્વરદ્વિપનાં દર્શન કર્યા. (૭૨) ... ગોડી પાર્શ્વનાથ (૭૩) ... આદિનાથ ઉપર શાન્તિનાથજી (૭૪) ધ. દે. પદ્મપ્રભુજી (૭૫) ધ. દે. અજીતનાથજી, (૭૬) ... ધ. દે. પાર્શ્વનાથજી. (૭૭) ... ધ. દે. ચંદ્રપ્રભુજી (૭૮) ધ. દે. શાન્તિનાથજી. (૭૯) શ્રી સીમંધરસ્વામીજીના ... સીમંધર સ્વામીના દર્શન કરી મેડા ઉપર આદિનાથજી. (૮૦) ... પાર્શ્વનાથના દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન પછી વ્યાખ્યાન મંડપમાં 'શ્રી સંઘ ભક્તિ' એ વિષય પર પ્રવચન થયું.

બારમો દિવસઃ—આ. વ. ૧૦. ૪-૧૦-૬૧. બુધવાર (૮૧) ઝવેરીવાડ લહેરીયાપોળ મહાવીર સ્વામી (૮૨) રાણીપા શેઠ શ્રી શાંતિનાથજી (૮૩) સંઘાજીની પોળ શ્રી શાન્તિનાથ, શ્રી મહાવીર સ્વામીજી, (૮૪) ખરતરની ખડકી ધ. દે. ગોડી પાર્શ્વનાથ (૮૫) ઝવેરીપોળમાં ધ. દે. પાર્શ્વનાથ, (૮૬) મહાવીર સ્વામીજી (૮૭) નીશાપોળ ધ. દે. શ્રી આદિનાથજી. (૮૮) ગોડીજી પાર્શ્વનાથ (૮૯) વાસુપૂજ્ય સ્વામી (૯૦) ભોંયરામાં જગવલ્લભ પાર્શ્વનાથ, બાજુના ભોંયરામાં શ્રી આદિનાથજીના દર્શન કરી ચતુર્વિધસંઘ સાથે ઉપર ચિન્તામણિ પાર્શ્વનાથ તથા સહસ્રફણાપાર્શ્વનાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કર્યું.

ચૈત્ય વંદન પછી ખરતરની ખડકી સામે ચોકડામાં 'સાધર્મી સેવાનો શુભ સંદેશ' એ વિષય પર અસરકારક પ્રવચન થયું હતું. દિવસે દિવસે જન સંખ્યા વધવા લાગી હતી, તેમાં પણ મુનિરાજશ્રીની વાણીનો જાદુ અજબ અસર કરતો હતો. વ્યાખ્યાનમાં લોકોની ભીડ ઘણી જ વધી જતી. પહેલેથી તે તે પોળના આગેવાનો તરફથી વ્યાખ્યાનની વિનંતી આવતી. વિશાળ વ્યાખ્યાનમંડળમાં વ્યાખ્યાનો યોજાતાં...ઠેર ઠેર, ગહુંલીઓ થતી. પ્રભાવના દરેક જગ્યાએ પ્રાયઃ થતી. લોકોનો ઉત્સાહ અમાપ વધી રહ્યો હતો.

તેરમો દિવસઃ— ભા. વ. ૧૧ તા. ૫-૧૦-૬૧. નિયત સમય પ્રમાણે બેન્ડ સાથે ચૈત્ય પરિપાટી શરૂ થઇ. (૯૧) રતનપોળ-નગીનાપોળ શ્રી આદીશ્વર ભ. (૯૨) શ્રી મહાવીરસ્વામીજી (૯૩) વાઘણ પોળમાં-શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ, સંભવનાથ, શાન્તિનાથજી, ચૌમુખજી શ્રી સુમતિનાથ ભ. (૯૪) રતનપોળમાં શ્રી સુવિધિનાથ, ભોંયરામાં આદિનાથ ભ. (૯૫) અજિતનાથ ભ. (૯૬) ધ. દે. આદિનાથ ભ. (૯૭) સંભવનાથની ખડકીમાં-શ્રી સંભવનાથ, મહાવીર સ્વામી, સુપાર્શ્વનાથ, ભોંયરામાં સંભવનાથ, શાન્તિનાથ ભ. (૯૮) ચૌમુખજીની ખડકીમાં શાંતિનાથ પાર્શ્વનાથ, અજિતનાથ, (૯૯) શ્રી અજિતનાથ ભ.નાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન થયું.

ચૌદમો દિવસઃ-આ. વ. ૧૨ તા. ૬-૧૦-૬૧ શુક્રવાર. આજે ઘણા દૂર જવાનું હોઇ સમય થોડો વહેલો રખાયો હતો. નિયત સમય પ્રમાણે સહુ હાજર થઈ ગયા. ઉત્સાહના વેગથી પ્રયાણ પ્રારંભાયું. પૂલ પરથી પસાર થઈ શ્રી સંઘ શ્રીમાલી સોસાયટી નવરંગ પુરા પહોંચ્યો ત્યાં (૧૦૦) ધ. દે. ચિન્તામણિ પાર્શ્વનાથ (૧૦૧) સ્વસ્તિક સોસાયટી ચંદ્રાલયમાં શ્રી ચંદ્રપ્રભુજી, (૧૦૨) વાડીલાલ સોડા ફાઉન્ટનવાળાના બંગલામાં ભોંયરામાં શ્રી સુમતિનાથ ભ.નાં દર્શન કરી શાન્તિનગર ...ણ પ્રારંભાયું. આજે ગરમીનું પ્રમાણ ઘણું જ હતું, છતાંય


[illegible]

પાંચમો દિવસ [illegible] દર્શનાર્થે [illegible] (૧૦૫) [illegible] ઉપર [illegible] (૧૦૬) [illegible] (૧૦૭) [illegible] (૧૦૮) આદિનાથજી [illegible] મુનિસુવ્રતસ્વામી [illegible] (૧૦૯) [illegible] (૧૧૦) [illegible] (૧૧૧) [illegible] ચિન્તામણિપાર્શ્વનાથ (૧૧૨) [illegible] ચિન્તામણિપાર્શ્વનાથ (૧૧૩) [illegible] (૧૧૪) શ્રી શાન્તિનાથજી [illegible] દર્શન કરી [illegible] ચૈત્યવંદન કર્યું.

[illegible] બાંધેલા વ્યાખ્યાન મંડપમાં 'આત્મા [illegible]' એ વિષય પર જાહેર પ્રવચન થયું. પ્રવચન પછી પ્રભાવના [illegible] હતી

છઠ્ઠો દિવસ આ. વ. ૧૪ તા. ૮–૧૦–૬૧ રવિવાર.

(૧૧૬) કાળુપુરી સોસાયટી ધ. દે. શ્રી આદિનાથજી. (૧૧૭) જૈન મર્ચન્ટ સોસાયટી પંચકેન્દ્રાસર શાંતિનાથજી. (૧૧૮) શ્રી શાન્તિનાથજી. (૧૧૯) અરુણ સોસાયટી શ્રી વાસુપૂજ્યસ્વામી (૧૨૦) ગીતા બાગ સોસાયટી શ્રી શાન્તિનાથજી. (૧૨૧) દશાપોરવાડ સોસાયટીમાં શિતલ



[illegible]

અમદાવાદમાં [illegible] (૧૩૦) રતનપોળ [illegible] પાર્શ્વનાથ (૧૩૧, [illegible] શાંતિનાથ (૧૩[illegible] [illegible] ([illegible]) [illegible] [illegible] શાંતિનાથ (૧૩[illegible]) [illegible] શેઠની વાડીમાં [illegible] પાર્શ્વનાથ જીની ચમત્કારિક પ્રતિમાજીના દર્શન કરી [illegible] (૧[illegible]) [illegible] શેઠની વાડીમા આદિનાથ (૧[illegible]) [illegible] શેઠના [illegible] શ્રી પાર્શ્વનાથજીના દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કર્યું.

૨ [illegible] પૂજ્ય પન્યાસજી મહારાજ [illegible] પધારતા ત્યાં ત્યાં પ્રાયઃ

બધે જ ગહુંલીઓ થતી. દરેક દેરાસરે પ્રભાવના થતી. પ્રત્યેક જિન-મંદિરોમાં પ્રભુજીને આકર્ષક અંગ રચના કરવામાં આવતી.

ઓગણીશમો દિવસ આસો શુ. ૨ ૧૧–૧૦–૬૧ બુધવાર (૧૩૭) લલ્લુ રાયજી (એલ. આર.) જૈન બોર્ડિંગમાં આદિનાથભ. (૧૩૮) કલ્યાણ સોસાયટીમાં શ્રી પાર્શ્વનાથ (૧૩૯) આંબાવાડીમાં ઘ.દે. વાસુપૂજ્ય સ્વામી (૧૪૦) સી. એન. વિદ્યાલયમાં મહાવીર સ્વામી ભ.નાં દર્શન કરી સહુ વિદાય થયા.

વીશમો દિવસ આ. શુ. ૩ ૧૨–૧૦–૬૧ ગુરૂવાર સવારે આઠ વાગે બેન્ડ સાથે શ્રી સંઘ સાથે પ્રયાણ કરી. (૧૪૧) ધનપીપળીનીપોળમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી (૧૪૨) ગુસ્સા પારેખની પોળ શ્રી ધર્મનાથ સ્વામી (૧૪૩) ઘ. દે. શાંતિનાથ (૧૪૪) ઘ. દે. અજિતનાથજી (૧૪૫) લવારની પોળમાં અજિતનાથભ. (૧૪૬) રૂપા સુરચંદની પોળ વાસુ પૂજ્યસ્વામી (૧૪૭) ઘ. દે. આદિનાથ (૧૪૮) ઘ. દે. વાસુપૂજ્ય સ્વામી (૧૪૯) ઘ. દે. ચંદ્રપ્રભુ સ્વામી (૧૫૦) ડાહીની ખડકીમાં ઘ. દે. આદિનાથભ. (૧૫૧) વિમળનાથભ. ત્યાંથી નીકળી ધાંચીની પોળમાં શ્રી સંઘે પ્રવેશ કર્યો. ત્યાંના આગેવાનોની હાજરી સારા પ્રમાણમાં હતી ગહુંલીઓથી પૂ. ગુરૂદેવને વધાવવામાં આવ્યા. (૧૫૨) ઘ. દે. આદિનાથભ. (૧૫૩) ઘ. દે. શ્રી પાર્શ્વનાથભ. (૧૫૪) ઘ. દે. ચંદ્રપ્રભુજી (૧૫૫) ઘ. દે. આદિનાથભ. (૧૫૬) ઘ. દે. શ્રી પાર્શ્વનાથભ (૧૫૭) શ્રી વિમળનાથભ મેડા ઉપર શાંતિનાથભ.નાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન કર્યું.

પછીથી ચોકડામાં ખાસ ઉભાં કરાયેલ વ્યાખ્યાન મંડપમાં જંગી માનવમેદની વચ્ચે **'સાધર્મી સેવાનું સુંદર સ્વરૂપ'** એ વિષય પર પ્રવચન થયું.

એકવીશમો દિવસ આ. શુ. ૪ ૧૩–૧૦–૬૧ શુક્રવાર. આજે નિયત સમયે રવાના થઇ (૧૫૮) હરિપુરા શ્રી વાસુપૂજ્ય સ્વામી ભોંય-રામાં શ્રી સુમતિનાથભ. આદિ જિનબિંબોનાં દર્શન કરી સામુદાયિક

હતી (૧૬૭) હઠીભાઇની વાડી–બાવન જિનાલય. મૂ. ના. શ્રી ધર્મનાથજી. (૧૬૮) કસ્તુરભાઈ સૌભાગ્યચંદનો બંગલે–શાહીબાગ ઘ. દે. આદિનાથજી. (૧૬૯) કસ્તુરભાઇ લાલભાઈ ઘ. દે. શ્રી શાન્તિનાથજી.નાં દર્શન કરી સહુ આગળ વધ્યા.

આજે 'કેમ્પ સદર'નો કાર્યક્રમ હતો. તાપ તપતો હતો છતાં ઉત્સાહ માતો ન હતો. ૧૨।। વાગે કેમ્પ પહોંચ્યા. ત્યાંના ઘરો ઘણાં જ ભાવિક ધર્મશીલ છે. (૧૭૦) કેમ્પ સદર–શ્રી સુમતિનાથજી.નાં દર્શન કરી સામુદાયિક ચૈત્યવંદન પછી પૂજ્ય મુનિરાજશ્રીએ **'દાનધર્મની મહત્તા'** વિશે પ્રવચન આપ્યું. કેમ્પના સંઘે આવેલ શ્રીસંઘની લાડુથી ભક્તિ કરી.

ચોવીસમો દિવસ–આ. શુ. ૭ ૧૬–૧૦–૬૧ સોમવાર (૧૭૧) રાયપુર કામેશ્વરની પોળ શ્રી સંભવનાથજી. (૧૭૨) વાઘેશ્વરની પોળ. શ્રી આદિનાથજી. (૧૭૩) ઢાલની પોળમાં ઘ. દે શાંતિનાથજી. (૧૭૪) શ્રી મુનિસુવ્રતસ્વામીજી. (૧૭૫) શામળાની પોળનાં ઘ. દે. વાસુપૂજ્ય સ્વામી (૧૭૬) શ્રી મહાવીરસ્વામીજી, ઉપર ચંદ્રપ્રભુજી. (૧૭૭) શ્રી શ્રેયાંસનાથજી. (૧૭૮) શામળા પાર્શ્વનાથજી.નાં દર્શન સામુદાયિક ચૈત્યવંદન કરી શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય જૈન ઉપાશ્રયમાં **'રસનાની રામાયણ'** એ વિષય પર પ્રવચન થયું પ્રાન્તે પ્રભાવના થઇ.

પચીશમો દિવસ–આ. શુ ૮ ૧૭–૧૦–૬૧ મંગળવાર આજે શહેરયાત્રાનો અંતિમ દિવસ હતો. બેન્ડના બુલંદ અવાજો સાથે પોળમાંથી નિયત સમયે યાત્રા શરૂ થઇ. (૧૭૯) શેખનો પાડો રીલીફરોડ અજિત-નાથજી. (૧૮૦) શાંતિનાથજી. (૧૮૧) શિતલનાથજી. (૧૮૨) વાસુપૂજ્ય-સ્વામી. (૧૮૩) ઘ દે. શાંતિનાથજી. (૧૮૪) મૂળિયાપાર્શ્વનાથ (૧૮૫) શ્રી ધર્મનાથજી. (૧૮૬) દાદા સાહેબની પોળમાં શાંતિનાથજી ભગવાન. (૧૮૭) પાંજરાપોળમાં શાશ્વતાભગવાન શ્રી વર્ધમાન સ્વામી. (૧૮૮) વાસુ-પૂજ્યસ્વામી ભોયરામાં શ્રી સુમતિનાથજી. (૧૮૯) શ્રી શાંતિનાથજી. ભોયરામાં આદિનાથજી. (૧૯૦) શ્રી શિતલનાથજી.ની સ્તુતિ કરી સામુદાયિક ચૈત્યવંદન કર્યું. ત્યાંથી પાંજરાપોળના ઉપાશ્રયમાં ગયા.

પ્રવચન પૂર્ણ થયા પછી ઘણા ભાવુકોએ શહેરયાત્રાની યાદગીરી નિમિત્તે શક્તિ મુજબ નિયમો ગ્રહણ કર્યા હતા. પૂજ્ય આચાર્ય દેવેશે 'માંગલિક' સંભળાવ્યું પ્રભાવના લઈ સહુ બહાર આવ્યા. આજે અંતિમ દિવસ હોઈ સહુને તળિયાની પોળમાં સાથે જવાનું હતું. બેન્ડ સાથે શ્રી સંઘ રવાના થયો. પોળમાં પ્રવેશતાં જ સંખ્યાબંધ ગહુંલીઓ થઇ હતી. બે બે, ત્રણ ત્રણ, ચાર-ચારની સંખ્યામાં લાઇનસર લગભગ ૧૦૦ ઉપરાંત ગહુંલીઓ થઈ હતી. પોળના દરવાજાથી ઉપાશ્રય આવતાં લગભગ ૧ કલાક થયો હતો. આ દૃશ્ય જોનાર કહેતા કે 'પોળના ઇતિહાસમાં આજનો દિવસ નવીજ ભાત પાડી જાય તેમ છે ઘણા ઉત્સવો ઉજવાયા હશે. પણ આ જાતનો જનતાનો ઉત્સાહ પૂજ્યગુરૂદેવો ઉપરનો અજબ ભક્તિભાવ આજ સુધી જોવા મળ્યો નથી.'



[પોળમાં પ્રવેશ કરતી વખતે લાઇનસર સંખ્યાબંધ થયેલી ગહુંલીઓનું એક દૃશ્ય.]

ઉપાશ્રયમાં આવ્યા પછી પૂજ્ય પન્યાસજી મહારાજે મંગલાચરણ સંભળાવ્યું, તેમજ 'ચૈત્યપરિપાટી'માં તન, મન, ધનથી સહયોગ આપનાર ભાગ્યશાળી આત્માઓને ફરીને શાસન શોભાનાં સત્કાર્યોમાં સહયોગ આપવા સૂચના કરી હતી.' પૂજ્ય પન્યાસજી મ.ની મધુર વાણીનું પાન શ્રોતાઓ આનંદથી કરી રહ્યા. જિનેશ્વરના જયનાદ સાથે સહુ છૂટા પડ્યા. પેઢી તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

ઓળીના બાકીના દિવસોમાં વ્યાખ્યાન ચાલુ હતું. આ. શુ. ૧૪ 'અનંત ભવનાં પુદ્ગલ વોસિરાવવાની' ક્રિયામાં ૩૫૦ ભાઈબ્હેન જોડાયાં હતાં. ૨॥ કલાકની ક્રિયા પૂજ્ય પન્યાસજી મહારાજે ઘણી જ વિવેચના પૂર્વક કરાવી હતી. લોકો ખૂબ જ ક્રિયાથી ભાવિત બન્યા હતા. બપોરે મહાદેવનાં ખાચે 'માનવતાનું મૂલ્યાંકન' એ વિષય પર જૈન-જૈનેતરોની જંગી મેદની વચ્ચે ૨ થી ૩॥ પ્રવચન થયું હતું. ઉપરાંત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધના, રવિવારનાં જાહેર વ્યાખ્યાનોનો કાર્યક્રમ તો ચાલુ જ હતો.

૨૦૧૮ કા. વ. ૫ પૂજ્ય પન્યાસજી મહારાજ આદિ વિહાર કરવાના હતા શ્રી સંઘ સાથે નરોડા દર્શન કરવા જવાનું નક્કી થયું. ઘણા ભાવિકો પૂજ્ય ગુરુદેવો સાથે વિહાર કરી નરોડા જવા તૈયાર થયા હતા. પૂજ્ય ગુરુદેવના વિહારના સમાચાર જાણી ધર્મપ્રેમી જનતા દુઃખની લાગણી અનુભવતી હતી. આ રીતે અપૂર્વ ધર્મ આરાધનામય ચાતુર્માસ વ્યતીત કરી ગુરુવર્યો પધારે તો દુઃખ તો જરૂર થાય. પૂજ્ય ગુરુદેવે સહુને ધર્મકાર્યમાં આગળ વધવા મંગલ આશીર્વાદ સંભળાવી વિહાર કર્યો. સંઘ સાથે નરોડા પધાર્યા. ત્યાં પ્રતિમાજીનાં દર્શન ચૈત્યવંદન કર્યું. બપોરે પેઢી તરફથી 'નવકારશી'નું જમણ હતું. 'પંચકલ્યાણક'ની પૂજા ભણાવવામાં આવી તથા અંગરચના થઈ. શહેરયાત્રામાં નરોડાતીર્થ રહ્યું હતું તેની પણ યાત્રા થઈ ગઈ.

આ રીતે પૂજ્ય પન્યાસજી મહારાજના આગમનથી ધર્મ પ્રભાવના ખૂબ જ સુંદર થવા પામી. તળિયાની પોળના ઇતિહાસમાં આ ચાતુર્માસ સદાને માટે યાદગાર બની ગયું હતું.

અનેક અસદ્ આચરણનો માર્ગ ચાલુ થશે'' પ્રગતિ અને ક્રાન્તિના શબ્દછળનો આશ્રય લઇને આવી નિંદ્ય પ્રવૃત્તિ આજ ફેલાવી શરૂ થઈ છે અને આવી પ્રવૃત્તિને પોષણ આપનારો, પોતાને સુધારક માનનારો વર્ગ શાસનનું ભારેમાં ભારે અકલ્યાણ કરતો હોય છે.

આ રીતે આ ગ્રંથમાં જુદા જુદા દૃષ્ટિકોણને નજર સામે રાખી ગુંથવામાં આવેલ અગિયારે વ્યાખ્યાનો પોતપોતાના વિષયને સુંદર રીતે રજૂ કરે છે.

વ્યાખ્યાનકાર મુનિશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ એક ત્યાગમૂર્તિ સમા તેજસ્વી છે, તેઓની ભાષામાં હૈયાનું બળ છે. તેઓશ્રીની દલીલો અકાટ્ય છે, અને પ્રત્યેક વ્યાખ્યાનોમાં આવતાં દૃષ્ટાન્તો તે તે વિષયને વધુ ને વધુ સચોટ બનાવે છે.

મને તો તેઓશ્રીનાં વ્યાખ્યાનોમાં એક ભવ્ય સાહિત્યકારનું દર્શન થયું છે. જો તેઓશ્રી જૈનદર્શનના આદર્શ પર પોતાની લેખિનીને વહેતી કરશે તો જૈન સમુદાયને ઉત્તમ સાહિત્યકૃતિઓનો લાભ મળશે.

હું એક સંસારી અને સામાન્ય માનવી મુનિશ્રીના વ્યાખ્યાનોની સમીક્ષા કઈ રીતે કરી શકું ? એમનાં હૈયાને જે સ્પર્શ થયો છે તે ત્યાગરૂપી તત્વથી હું ઘણો દૂર છું....છતાં એમની વાણીને વધાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવાનો લોભ હું જતો કરી શકતો નથી.

મને આશા છે કે. આ નાનો છતાં ઉપયોગી ગ્રંથ સર્વના માટે હિતકર બનશે અને જૈન સમુદાય આ ગ્રંથને એક 'મંગળધન' માનીને ઝીલી લેશે.

વિષયાનુક્રમ




પ્રકાશક : શ્રી હીરચંદ શેઠ, પ્રકાશન મંદિર વતી, વઢવાણ શહેર
મુદ્રક : ધ્રુવકુમાર ન. માલવી ગાંડીવ મુદ્રણાલય હવાડિયા ચકલા, સુરત–૨



જીવન જાગૃતિ

—મુનિશ્રી રાજેન્દ્ર વિજયજી



ॐ અર્હમ્

સાધનાનો સુવર્ણયુગ

ભા. વ. ૧ સોમવાર ૬૫-૯-૬૨ પતાસાની પોળ

વ્યાખ્યાન પહેલું

श्री तीर्थपान्थरजसा विरजीभवन्ति;
तीर्थेषु बम्भ्रमणतो न भवे भ्रमन्ति ।
द्रव्यव्ययादिह नराः स्थिरसम्पदः स्युः
पूज्या भवन्ति जगदीशमथार्चयन्त ॥ः

અનન્ત જ્ઞાની મહાપુરુષો ભવ્યજીવોના પરમ ઉપકારના અર્થે ઉપદેશ આપતા ફરમાવે છે કે આજ સુધી વાસનાને આધીન બની જીવે અનંતા જન્મ એળે ગુમાવ્યા. જીવનના પરમ ધ્યેયને ભૂલી જઈ હીરાને બદલે પથ્થરને પકડવાની ઘેલછામાં એને સાચવવા પાછળ સમય બરબાદ કર્યો. પણ....ધૂમાડાના બાચકા ભરનારનું પેટ થોડું જ ભરાવાનું હતું ?

માટે જ જ્ઞાનીઓએ જિન દર્શન-સ્તવન-પૂજનની ખૂબ જ મહત્તા બતાવી છે, જ્યારે ભાવનાની એકાકાર પ્રતીતિ સાથે એ પવિત્ર પુરુષોથી પાવન થયેલાં તીર્થ સ્થાનોમાં યાત્રા નિમિત્તે

ગમન થાય છે, ત્યારે સાચે જ! ખોવાયેલ આત્મધન પાછું મેળવતાં આરાધકને વાર લાગતી નથી.

તીર્થયાત્રાનું ફળ—તીર્થના પવિત્ર માર્ગની રજથી યાત્રિક કર્મમલથી રહિત બને છે. તીર્થસ્થાનોમાં પરિભ્રમણ કરનાર ભવ-(સંસાર)માં ભટકતો નથી. તીર્થસ્થાનોમાં દ્રવ્યવ્યય કરવાથી આત્મિક સંપત્તિ સ્થિર બને છે. જગત નાયક જગદ્‌વંદ્ય જિનેશ્વરની પૂજા કરતાં પૂજક પણ અંતે પૂજ્ય બને છે!

એજ પવિત્ર તીર્થયાત્રા માટે ચતુર્વિધ સંઘની સાથે આપણું પ્રયાણ પ્રારંભાઈ ગયું છે. એ પવિત્ર પરમાત્માના દર્શનથી હૃદયમાં દર્શન શુદ્ધિના દીપકો પ્રગટ થવા જોઇએ. તીર્થયાત્રાની કિંમત ત્યારે જ સાચી લેખાશે જ્યારે અંતરના એક ખૂણામાં એ પૂજ્યો પ્રત્યે રાગ પ્રગટયો હશે!

ભાવનાની ભરતી—પણ એટલું જરૂર યાદ રાખજો કે-આ તીર્થયાત્રામાં મહેફિલ માણવા ખાતર યા તો શહેરને જોવા ખાતર નથી આવવાનું. અહિં તો જેને સંસાર પર નફરત છૂટી હોય, વિષય કષાયની નીબીડ ગ્રંથિથી જે કંટાળી ગયો હોય, વાસનાની નાગચૂડથી મુક્તિ મેળવવી હોય, એ જ આવા પવિત્ર પરમાત્માના દર્શનને હૃદયથી પામી શકે છે. બાકી ભાવવિનાનાં દ્રવ્ય દર્શનની ખાસ કિંમત નથી; એવાં દ્રવ્યદર્શન અનંતીવાર કરવા છતાં કદી કોઈનુંય કલ્યાણ થયું નથી, માટે જ પૂજ્ય આનંદઘનજી મહારાજ ફરમાવે છે કે

દરિશન દરિશન રટતો જો ફીરું; તો રણરોઝ સમાન ।
જેહને પીપાસાહો અમૃતપાનની કીમ ભાંજે વિષપાન ॥

અરેભાઈ! તમે કદી સાંભળ્યું છે કે! અમૃત પાનની ઈચ્છાવાળો વિષ વેલડીને અટકીને ઉભો રહ્યો હોય? જેને અમૃત પાનની ઈચ્છા જાગી એ તો અમૃતને શોધી જ લેવાનો! બાકી

લાભ. જિનમંદિરની મધ્યમાં આવતાં પંદર દિવસના ઉપવાસનો લાભ. જિનેશ્વર દેવનાં જ્યારે દર્શન કર્યાં ત્યારે એક માસખમણનો લાભ આત્મા મેળવે છે.

તમે બધા રોજ દર્શન કરવા તો જતા જ હશો ? અને માસખમણનો લાભ પણ મેળવતા જ હશો ? કેમ ખરૂં ને ? પણ...એ લાભ મનના તીવ્ર વિશુદ્ધ અધ્યવસાય ઉપર આધાર રાખે છે. જ્યાં મન જ ઠેકાણે ન હોય ત્યાં ગમે તેટલાં દર્શન કરો તો એનાથી આત્મ શુદ્ધિ થવાની છે ખરી ? આ ફળ શાસ્ત્રકારોએ બતાવ્યું છે, એમાં ભાવનાની તો પહેલી જ જરૂર રહેશે.

આવું નિર્મલ દર્શન આપણને મળી ગયું છે, અને આટલો લાભ બતાવ્યો છે, એમાં તકેદારી રાખવાની ખૂબ જ જરૂર છે.

અહં અને મમને પહેલાં મારો:—આ તકેદારી અગત્યની છે. "હું અને મારૂં" એ જ્યાં સુધી બેઠું છે ત્યાં સુધી સંસારના સમસ્ત જીવો સાચી વસ્તુ પામી શકતા નથી. આજે તો દિવસે દિવસે "અહમ્ અને મમ" ની મમતા વધતી જાય છે. પરિણામે એને પોષવા માટે અનેક પાપાચરણો સેવવાં પડે છે. જ્યાં સુધી આ વિચારણા નહિ આવે ત્યાં સુધી એ તારકની અવજ્ઞા; તારકના શાસનની અવજ્ઞા કરતાં જરા એ પાછું વાળી નહિ જોઈ શકાય. દિવસે દિવસે પોતાના મનઘડંત પ્રશ્નોને સામે લાવી પવિત્ર સ્થાનોની સામે પણ કાદવ ઉડાડનાર નબીરાઓની સંખ્યા વધતી જાય છે. જ્યાં એમનું 'અહમ્' ઘવાયું ત્યાં એ ઉછળી પડવાના ! પછી ભલે એમની સામે અરિહંત દેવ હોય કે સુસાધુઓ હોય ! એમને તો પોતાનો માની લીધેલો મતાગ્રહ જ કાયમ રાખવો હોય છે, આવી પરિસ્થિતિમાં પરમાત્માનું પૂનિત દર્શન પણ એ પામર આત્માઓનો ઉદ્ધાર કયાંથી કરી શકે ?

આ વાહિયાત વાતો નથી:—અહમ્ અને મમની લાગણી

જ્યારે ભૂલાય ત્યારે જિનદર્શન જરૂર કલ્યાણ સધાવી શકે. અજ્ઞાનીને પણ એ તારકનું દર્શન જ્ઞાનચક્ષુની ઉજ્જ્વળ ભેટ આપે છે. સંસારના રોગથી રીબાતાને રામબાણ દવા સમાન એ દર્શન છે. ઉદ્ધારની આશા પણ જેના માટે ન રાખી શકાય એવા આત્માને પણ એ દર્શન ઉગારી શકે છે. આટલી છે એ દર્શનની તાકાત.

માની લેશો નહિ કે આ બધી વાહિયાત વાતો છે, પણ એટલું જરૂર કે મિથ્યાત્વના કાળા ચશ્માંમાંથી સમકિતનું ઉજ્જ્વળ દર્શન કદી જ ન થઈ શકે. તેમ સંસારની વાસનામાં ઉંડે ખૂંચેલા આત્માને આ વાતો વાહિયાત લાગે તો નવાઈ નહિ. બાકી શાસ્ત્ર તો તમારી સામે નક્કર સત્ય હકિકત પૂરી પાડવા હરહંમેશ તૈયાર છે એ શાસ્ત્રને સાંભળવા કાન જોઈશે. એ શબ્દોને ધારણ કરવા હૈયું જોઈશે.

સુવર્ણયુગઃ—આજે આપણે આપણી જાતને મહાભાગ્યશાળી માનવી જોઈએ કારણ કે આપણને એ પરમાત્માનું સાચું દર્શન મળ્યું છે. તીર્થસ્પર્શના મળી છે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય મ. તો ફરમાવે છે કે—

युगान्तरेषु भ्रान्तोऽस्मि त्वद्दर्शन विनाकृतः ।
नमोऽस्तु कलये यत्र त्वद्दर्शनमजायत ॥

બીજા સત્ યુગોમાં પણ હે ભગવાન! તારા દર્શન વિના આજ સુધી મારી ભવોની ભ્રમણા ચાલુ જ રહી, આ કલિયુગને હું નમસ્કાર કરૂં છું. કે જે યુગમાં તારા દર્શન થઈ શકે છે.

કલિયુગમાં પણ સાધક જો સાધના કરે તો સુવર્ણ પ્રકટાવી શકે છે. આ કલિયુગમાં [illegible] નહિ [illegible] નહિ. "મારે તો સુખમાંથી દુઃખ આવ્યા છે પૂર્ણ

કલિયુગમાં પણ જો થોડી ભાવ સભર સાધના થાય તો જરૂર તરી જવાય. આરાધકે પ્રત્યેક પળે જીવનમાં શક્ય જાગૃતિ રાખવી જ જોઈએ.

આવી સાચી ભાવના જાગી જાય તો પછી કસોટી થાય છતાં એ આરાધક પીછે હઠ નથી કરતો. આત્માનંદનો અખૂટ ખજાનો એને મળી જાય છે.

દેવપાળની દેવપૂજા :—અચલપુરના જિનદાસ શેઠને ત્યાં દેવપાળ નામનો એક નોકર હતો. દેવપાળ રોજ શેઠને ભગવાનની પૂજા કરતાં જુએ છે અને હૃદયમાં આનંદિત બને છે. ભગવાન પ્રત્યે એને વિશ્વાસ–અતૂટ પ્રેમ ધીરેધીરે ઉત્પન્ન થતો જાય છે. જે કુલના જે સંસ્કાર હોય છે તે સંસ્કાર પોતાના બાલક બાલિકા પર તો જરૂર અસર કરે જ સાથે સાથે નોકર ચાકર પણ એ ઘરના સંસ્કાર જોઈ જીવન ઘડતો જાય. આજે તમારા કુલના સંસ્કાર ક્યા ? તમારા ત્યાં જન્મ લેનાર જો કુસંસ્કારથી વાસિત થતો હોય તો એના જવાબદાર તમે છો એ ભૂલશો નહિ. કદાચ ભવિતવ્યતાના યોગે તમારાં પુત્ર પુત્રીઓ ન પામે એ વાત જુદી છે. પણ તમે કયા સંસ્કાર આપો છો એની નોંધ તમારી પાસે છે ખરી ?

શ્રદ્ધા ફળી અને મૂર્તિ મળી'—પેલો દેવપાળ હૃદયની શ્રદ્ધા ને અડગ બનાવતો જાય છે. એક દિવસ વર્ષા ઋતુમાં નદીના કાંઠે ગાયો ભેંસો ને ચરાવતો ઉભો હતો. એના હાથમાં કડીવાળી મજબૂત ડાંગ હતી. મજબૂત બાંધો. અલમસ્ત શરીર. દેવપાળ પોતાની ડાંગથી જમીનને ખોદી રહ્યો છે. થોડીવારે એની ડાંગ સાથે કોઈ મજબૂત વસ્તુ ટકરાઈ. એણે નીચે જોયું. કુતૂહલવૃત્તિથી રેતી દૂર કરતાં તેને જણાયું કે અહા ! આ તો મારા શેઠ જે દેવની પૂજા કરે છે એ જ દેવ ! મારાં અહોભાગ્ય જાગતાં કે મને આવા દેવ મળ્યા. એની શ્રદ્ધા આજે ફળી હતી.

અને કદાચ ભૂલેચૂકે કોઇ પ્રભુ દર્શન કરવા જતા હશે તો કઈ રીતે? પહેલું પેપર, પછી ચા પાણી, અને બધા જ કામથી પરવારી દુકાને જતાં દોડતાં દોડતાં દેવદર્શન કરી આવે! આવું દોડધામનું દેવદર્શન, આજ્ઞાના બહુમાન વિનાનું જિનદર્શન, તમને કંઇ રીતે આત્મશાંતિ અપાવી શકે?

સંસારની પાછળ ૨૪ કલાક રસપૂર્વક વ્યતીત કરનાર જો થોડો સમય પણ ખૂબ શાંતિથી પરમાત્માનું દર્શન કરતાં શીખી જાય તો જરૂર વીતરાગ શાસનની સાચી આરાધના એ ધીરે ધીરે પામી શકે છે.

કોણ ઉત્તમ? દેવપાલ કે તમે? દેવપાલનો નિયમ તમને કંઈ બોધપાઠ આપે છે ખરો? હૃદયમાં લાગે છે કે અમે જૈન બન્યા. જૈન કુલને પામ્યા. જિનેશ્વરને દેવ તરીકે મેળવ્યા-જ્યારે દેવપાળે આમાંનું કશું જ નથી મેળવ્યું. છતાંય ઉત્તમ કોણ? દેવપાળે નિયમ લીધો પણ એય તમારા જેવો નહિ. કદાચ મનથી-યા તો સદ્‌ગુરુના મુખથી નિયમ લો, અને જ્યારે કસોટી પડે ત્યારે શું કરો? એ તો તમે જાણતા જ હશો ને?

"બાધા મારી મા. શીરા ઉપરથી ઉતરી શાક ઉપર જા" નિયમને પલટાવતાં વાર લાગે ખરી? **જયાં દૃઢ મનોબળ નહિ ત્યાં પળ પણ શાંતિ નહિ'** એ સિદ્ધાંતને હૃદયમાં લખી રાખજો.

દેવપાળની શ્રદ્ધા અડગ હતી. પ્રતિજ્ઞા અચલ હતી. સાથે એનું મન મજબૂત હતું.

કપરી કસોટી :—નિયમને રસપૂર્વક પાળતો દેવપાળ દિવસો વિતાવી રહ્યો છે. એક વખત વર્ષાઋતુના સમયે સાત સાત દિવસ મુશળધાર વરસાદ વરસ્યો. જમીન જળબંબાકાર બ -ગઈ. નદીમાં પૂર આવ્યું. સામે કિનારે જઈ શકાય એવી

પડે નહિ. દેવપાલ પર્ણકુટીમાં દેવાધિદેવનાં દર્શન કરવા આગળ ધપી રહ્યો છે. ત્યાં જ તેણે વિકરાળ સિંહને જોયો. પણ એના હૃદયમાં જરાય ભય નથી. ડર નથી. એને તો દેવાધિદેવનાં દર્શન કરવાં છે. પૂજન કરવું છે. સિંહને પણ ગણકાર્યા વિના ઝુંપડીમાં જઈ ભાવથી પૂજા કરી ગદ્‌ગદ્ કંઠે બોલ્યો.

'હે સ્વામિન્! ભગવન્! તારા દર્શન વિના મારા સાત દિવસ અરણ્ય ભૂમિમાં ઉગેલા વૃક્ષોના ફળની જેમ અકૃતાર્થ નકામા ગયા!'

હૃદયમાં કેટલું દુઃખ છે? કેટલો વસવસો છે? આવી જો વિચારણા આવી જાય તો આજ સુધીનો કરાતો બધો પરિશ્રમ સફળ ગણાય.

એની ભક્તિથી દેવ પ્રસન્ન થયા—આની આવી ભક્તિ આવો અપૂર્વ ઉત્સાહ અરિહંત પ્રત્યેનો અપૂર્વ અનુરાગ જોઈ અધીષ્ઠાયક દેવ પ્રસન્ન થાય છે. તમને થતું હશે કે એ નોકરને દેવ પ્રસન્ન થયા, જ્યારે આજ સુધી અમને દેવ પ્રસન્ન ન થયા; કેમ, આવી ભાવના જાગે છે ખરી? સમજી લેજો કે જ્યાં સુધી હૃદયમાં આવી ભાવના જાગતી હશે, ફળની ઈચ્છા બેઠી હશે ત્યાં સુધી તમને તે કર્તવ્ય તેના રૂપે ફલદ બની શકવાનું નથી.

कर्मण्येवाधिकारस्ते; मा फलेषुकदाचन ।

આપણો અધિકાર કેવળ ક્રિયા કરવામાં જ છે. ફળ ઉપર અધિકાર કદિ હોઇ શકે નહિ અને જ્યાં ફળ પર દૃષ્ટિપાત પણ થયો ત્યાં પરિણામ પ્રાયઃ શૂન્ય આવવાનું!

દેવપાળની દેવ પ્રસન્ન થાય તેવી ભાવના ન હતી તેને તો પોતાના સુકર્તવ્ય પ્રત્યે અચલ અનુરાગ હતો.

રાજ્યપ્રાપ્તિ—પ્રસન્ન થયેલા દેવે કંઇક વરદાન માગવા કહ્યું. દેવપાળે થોડી ક્ષણ વિચાર કરી જવાબ વાળ્યો. દેવ!

પુણ્યનાં પનોતાં પગલાં પડવા માંડે છે. દુનિયા ભલે હસે પણ દેવપાલ પોતાની પ્રતિજ્ઞાથી નહિ ખસે. એ તો માટીના હાથી પર ચઢી ગયો. હાથી દૈવી પ્રભાવથી ચાલવા માંડયો.

કુતૂહલ વૃત્તિ શાન્ત થઈ ગઈ. ગંભીર નયને બધાજ ચમત્કારિક પુરુષને જોઈ રહ્યા. જેનામાં માટીના હાથીને ચલાવવાની શક્તિ છે. એનામાં બીજી કઈ શક્તિ નહિ હોય ? ભયભીત બનેલા રાજાઓ દેવપાળના શરણે ગયા. વિજયી બનેલો દેવપાલ નગરમાં આવ્યો.

ભવ્ય જિનમંદિર બંધાવી એમાં એણે આદિનાથ ભગવાનની મૂર્તિ સ્થાપન કરી. દરરોજ નિયમ પ્રમાણે પૂજા કરવા લાગ્યો.

મહારાજા દેવપાળે પૂજા પ્રભાવના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું, પ્રાન્તે પ્રવજ્યા ગ્રહણ કરી દેવપાળ દેવલોકે ગયો.

રંકમાંથી રાજા બન્યો. રાજા બનીને તીર્થંકર નામ કર્મ પણ બાંધ્યું. આવી છે, અરિહંત દેવોની ઉપાસના.

એ જ અરિહંતોની ઉપાસના આજે તમને મળી છે. હવે તો માત્ર તે અરિહંત પરમાત્માનાં શરણે જઈ સાચી આત્મશુદ્ધિ થાય એ જ ઈચ્છવું યોગ્ય છે.

કલિયુગ હોવા છતાં જો સાધક ધારે તો એ જ કલિયુગને સાધનાના સુવર્ણ યુગમાં ફેરવી શકે તેમ છે પણ જ્યાં આત્મ-વિશ્વાસ જ ન હોય અતુલ શ્રદ્ધા ન હોય ત્યાં તો ભાવ તિર્થંકરને પામીને પણ આત્મા હારી જાય.

"अन्यथा शरणं नास्ति" આવી એકાગ્ર ભાવનાથી જગતના સમગ્ર જીવો અરિહંતોની ઉપાસના કરી કલ્યાણ સાધો.

સ્થૂલનાં બંધન છોડી સૂક્ષ્મતા તરફ જ્યારે પગરવ થશે ત્યારે જ આવી આત્મહિતકર વસ્તુ મળી શકશે.

અભય અદ્વેષ અખેદ :—દેહ અને આત્માને ભિન્ન માન્યા પછીથી પણ મનની ચંચલતાને મીટાવવા, પ્રાપ્ત થયેલ ધર્મ સામગ્રીનો સદુપયોગ કરવા સજાગ રહેવું પડશે. સાચી સાધનાને સંપ્રાપ્ત કરી સાધક પોતાના સાધ્યને મેળવી શકે છે. સુદેવ, સુગુરુ, સુધર્મ મળવા છતાં પણ જો મનની કાયરતા ન મટી તો પટકાઈ જતાં વાર લાગે નહિ, માટે પહેલાં જીવનમાં "અભય" કેળવવું પડશે. એટલા ખાતર આપણે પહેલાં અભય. અદ્વેષ અને અખેદનો વિચાર કરીએ.

૧ અભયઃ—ધર્મ માર્ગમાં દઢ થવા માટે વધતી જતી મનની ચંચળતાને દૂર કરવી જોઇએ

૨ અદ્વેષઃ—શુભ અનુષ્ઠાનોનું આચરણ કરતાં કદિ તેના પ્રત્યે અરુચિ ન થવી જોઇએ.

૩ અખેદઃ—વારંવાર એ અનુષ્ઠાનોનું આચરણ કરવા છતાં કદિ કંટાળો ન આવવો જોઇએ.

અહીં ત્રણ શબ્દો પોતપોતાના વિશિષ્ટ અર્થમાં છે. આત્મ ઉજ્જવળતાના અનન્ય પ્રતીક સમાન સુદેવ સુગુરુ સુધર્મની આરાધના; તીર્થભક્તિ; સાધર્મિક ભક્તિ વિગેરે પ્રાપ્ત થવા છતાં પણ જો મનની ચંચળતા ન મટી તો સમજી લેજો કે એ આરધનાનાં સાધનો પરમશાંતિ નહિ જ આપી શકે.

ધર્મ સાધના:—મંત્ર સાધક સાંસારિક સુખોની ખાતર ક્રિયા કરતો હોય છતાં પણ તેને એ મંત્ર પ્રત્યે વિશ્વાસ, શ્રદ્ધા, અને અતૂટ પ્રેમ રાખવો પડે છે. સાધનામાં આવતાં વિઘ્નોને દૂર કરવા પ્રત્યેક પળે જાગૃત રહેવું જરૂરી ગણાય. તે જાગૃતિ ત્યારે જ આવે જ્યારે મનની ચંચલ પરિણુતિ દૂર થાય. જ્યાં સુધી મનની ચંચલતા મટે નહિ. ધર્મ સાધનામાં અચલ પણું આવે નહિ ત્યાં સુધી આત્મ ઉજ્જવલતા પણ ક્ષણજીવી બની જાય.

મનનું તાંડવ

मन एव मनुष्याणां; कारणं बन्धमोक्षयोः ।
क्षणेन सप्तमीं याति, क्षणेन याति विक्रियाम् ॥

મન એ મનુષ્યોને બંધનું જેમ કારણ છે; તેમ મોક્ષનું પણ કારણ બને છે. એક જ ક્ષણમાં મનના સામર્થ્યથી મુક્તિ મેળવી શકાય છે, અને એ મનના કારણે એક જ ક્ષણમાં સાતમી નરક પણ મળે છે.

માટે ચિત્તની ભૂમિકા પહેલાં "અભય" દ્વારા બાંધી લો. મનની ચંચળતાને રોકી લો. અન્યથા સુધર્મની આરાધના કરવા છતાંય એ સુધર્મ સાચી આત્મશાન્તિ નહિ આપી શકે પછી દોષ તો આપણી સ્થૂલ દૃષ્ટિએ ધર્મને જ દેવાનાને ? ધર્મના ફળ પ્રત્યે પછીથી આ ચંચળ મન શંકાઓની શ્રેણી જ ઉભી કરી દેશે.

વિશ્વાસને સ્થાન આપતાં શીખો :—કેટલીક વખત મનના જ તાંડવના કારણે સુધર્મ પ્રત્યે પણ ભોળા જીવો શંકા કરતા થઈ જાય છે. ધર્મસાધના કરતાં પહેલાં ફળની ઈચ્છાઓની ઉંડી જડ જામી જાય છે. આ બધું શું સૂચવે છે ? હજુ સુધી વૃતિઓની ચંચળતા દૂર થતી નથી. દૂર કરવાની મહેનત પણ નથી થતી. જેના પ્રત્યે વધુ વિશ્વાસ હોય છે તેની આજ્ઞા પ્રતિ આત્મિક વિશ્વાસ જરૂર આવી જાય છે. ડોકટરે કોઈ દવા બતાવી હોય. ત્યારે શું તમે એ દવાનું લાભ નુકશાન જાણો છો ? દવા શાની બને છે તે જાણો છો ? છતાંય કહો કે ત્યાં અતૂટ વિશ્વાસ હોય છે. ડીગ્રીધર ડોકટર છે માટે માનનીય માનો છો ને ? અને સાથે સાથે એ પણ સચોટ વિશ્વાસ રાખવો જ પડે છે કે આ દવા હું લઇશ તો મને જરૂર લાભ થશે જ; અનન્ત ઉપકારી અરિહંત દેવોનું પરમ પવિત્ર શાસન મળ્યું છે, પણ તેમની આજ્ઞા પ્રત્યે આવું બહુમાન જાગ્યું છે ખરૂં ? તમારા મતે

ડૉકટર વૈદ્ય કે મનોભાવના રોગનું નક્કર નિદાન કરનાર અહિં ક્યાં હતા?

પણ કહો કે અમને હજુ સંસાર ગમે છે. સંસારનો રાગ ગમે છે. સંસારની સામગ્રી બારોબાર ગમે છે, પછીથી અરિહંત દેવની આજ્ઞા ઉપર અરુચિ હોય એમાં નવાઈ જ શી?

पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
पापस्य फलं नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥

પુણ્યનું ફળ દરેક પ્રાણી ઇચ્છે છે, પુણ્ય કરવા માટે કોઈ તૈયાર હોતું નથી. પાપનું કડવું ફળ કોઈને ય ગમતું નથી પણ પાપ કરવામાં પ્રત્યેક પ્રાણીઓ ખૂબ જ આદરવાળા હોય છે.

આનું કારણ શું?

પુણ્યકર્મ કરવા જતાં કષ્ટ પડે છે, પરિણામે તે હિતકર છે. પાપકર્મ પરિણામે દુઃખદ હોઈ પ્રથમ ક્ષણિક તે સુખદ જેવું લાગે છે.

માટે જ પ્રાણીઓની પાપમય પ્રવૃત્તિ બની રહી છે.

સંસારનાં સુખોના કારણ વિષયો [illegible] માટે જ સંસારે [illegible]

અરેરે ! [illegible]

પણ [illegible]

મનનું તાંડવ

मन एव मनुष्याणां; कारणं बन्धमोक्षयोः ।
क्षणेन सप्तमीं याति, क्षणेन याति विक्रियाम् ॥

મન એ મનુષ્યોને બંધનું જેમ કારણ છે; તેમ મોક્ષનું પણ કારણ બને છે. એક જ ક્ષણમાં મનના સામર્થ્યથી મુક્તિ મેળવી શકાય છે, અને એ મનના કારણે એક જ ક્ષણમાં સાતમી નરક પણ મળે છે.

માટે ચિત્તની ભૂમિકા પહેલાં "અભય" દ્વારા બાંધી લો. મનની ચંચળતાને રોકી લો. અન્યથા સુધર્મની આરાધના કરવા છતાંય એ સુધર્મ સાચી આત્મશાન્તિ નહિ આપી શકે પછી દોષ તો આપણી સ્થૂલ દૃષ્ટિએ ધર્મને જ દેવાનાને? ધર્મના ફળ પ્રત્યે પછીથી આ ચંચળ મન શંકાઓની શ્રેણી જ ઉભી કરી દેશે.

વિશ્વાસને સ્થાન આપતાં શીખો :—કેટલીક વખત મનના જ તાંડવના કારણે સુધર્મ પ્રત્યે પણ ભોળા જીવો શંકા કરતા થઈ જાય છે. ધર્મસાધના કરતાં પહેલાં ફળની ઈચ્છાઓની ઉંડી જડ જામી જાય છે. આ બધું શું સૂચવે છે? હજુ સુધી વૃતિઓની ચંચળતા દૂર થતી નથી. દૂર કરવાની મહેનત પણ નથી થતી. જેના પ્રત્યે વધુ વિશ્વાસ હોય છે તેની આજ્ઞા પ્રતિ આત્મિક વિશ્વાસ જરૂર આવી જાય છે. ડોકટરે કોઈ દવા બતાવી હોય. ત્યારે શું તમે એ દવાનું લાભ નુકશાન જાણો છો? દવા શાની બને છે તે જાણો છો? છતાંય કહો કે ત્યાં અતૂટ વિશ્વાસ હોય છે. ડીગ્રીધર ડોકટર છે માટે માનનીય માનો છો ને? અને સાથે સાથે એ પણ સચોટ વિશ્વાસ રાખવો જ પડે છે કે આ દવા હું લઇશ તો મને જરૂર લાભ થશે જ; અનન્ત ઉપકારી અરિહંત દેવોનું પરમ પવિત્ર શાસન મળ્યું છે, પણ તેમની આજ્ઞા પ્રત્યે આવું બહુમાન જાગ્યું છે ખરૂં? તમારા મતે

ડોક્ટર વધે કે ભવોભવના રોગનું નક્કર નિદાન કરનાર અરિહંત દેવો?

પણ કહો કે અમને હજુ સંસાર ગમે છે. સંસારનો રાગ ગમે છે. સંસારની સામગ્રી બારોબાર ગમે છે, પછીથી અરિહંત દેવોની આજ્ઞા ઉપર અરુચિ હોય એમાં નવાઈ જ શી?

पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
पापस्य फलं नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥

પુણ્યનું ફળ દરેક પ્રાણી ઇચ્છે છે, પુણ્ય કરવા માટે કોઈ તૈયાર હોતું નથી. પાપનું કટુ ફળ કોઈને ય ગમતું નથી. પાપ કરવામાં પ્રત્યેક પ્રાણીઓ ખૂબ જ આદરવાળા હોય છે.

આનું કારણ શું?

પુણ્યકર્મ કરવા જતાં કષ્ટ પડે છે; પરિણામે તે હિતકર છે. પાપકર્મ પરિણામે દુઃખદ હોઈ પ્રથમ દૃષ્ટિએ તે સુખદ જેવું લાગે છે.

માટે જ પ્રાણીઓની પાપમય પ્રવૃત્તિ બની ગઈ છે.

સંસારનાં સુખોના દારૂણ વિપાકો ખ્યાલમાં નથી માટે જ સંસારનો રસ વધતો જાય છે. ઇંદ્રિયોના તાગડધિન્ના ચાલુ છે.

ખરેખર! જીવનવ્યવહારો મલીન બની ગયા છે. આચાર ને વિચાર વિનાના બની ગયા છે. આવા સંયોગોમાં તારક પરમાત્માનાં કહેલાં ઉજ્જવલતાનાં અપ્રતિમ પ્રતીકો આપણને આનંદ ક્યાંથી આપી શકે?

પણ જો સુબુદ્ધિ આવી જાય, સદ્ભાગ્ય જાગતાં હોય તો સંસારનો રસ ઓછો થાય અને ધર્મ પર રાગ જાગે. સુધર્મ-પ્રતિ બહુમાન જાગે તો જ કર્તવ્યના પાલનમાં આદરપૂર્વક પ્રવૃત્ત થવાય.

કર્તવ્યની ભૂમિકા:—આપણી વાત એ ચાલે છે કે- આરાધના કરતાં પહેલાં આરાધકે મનની ચંચલતા રોકવી જોઇએ. મનની ચંચલતા જ્યાં સુધી હશે ત્યાં સુધી ભાવ અરિહંતો પણ કદાચ મળી જાય, આરાધનાની પૂર્ણ સામગ્રી મળી જાય, છતાંય સાધક સિદ્ધિના સોપાને નહી ચઢી શકે. આજે ચતુર્વિધ શ્રી સંઘની સાથે અરિહંતદેવોની અનન્ય ઉપાસના માટે બધા તૈયાર થયા છો. રોજ નવી નવી પ્રતિમા જોઈને કેટલો આનંદ થવો જોઈએ? દર્શન શુદ્ધિ કેટલી થવી જોઈએ! આત્મ જાગૃતિને અપનાવવી જોઈએ.

ભૂમિકા યોગ્ય બનાવો:—ખેડૂત ખેતર ખેડવા જાય છે ત્યારે પહેલાં શું કરે છે; તે જાણો છો ને? ભૂમિને તૈયાર કરવી પડે છે. સૂડ **નીદાન** કરે છે. હળથી ખેડી જમીન ને કોમળ બનાવે છે. પછીથીજ બીજ એમાં પડે છે. વરસાદના યોગે એ બીજ અન્ન-ફળ રૂપે બહાર આવે છે. તેવીજ રીતે જ્યાં સુધી મનની ભૂમિકા આવી કોમળ; વાસનાની બદબો વિનાની, મિથ્યાત્વના પથ્થરથી રહિત નહિ બનાવાય ત્યાં સુધી પડેલું ધર્મ બીજ પણ બળીને ખાખ થઈ જશે અથવા અનુપયોગી બની જશે.

અરે! પથ્થર પર પુષ્પ ઉગે એવું કહિ સાંભળ્યું છે? નહિજ; તો પથ્થર હૃદય પર ધર્મ પુષ્પ ખીલશે એ ઘેલછા મૂર્ખતામાં મળે ને?

માટેજ મન ને એવું મનાવી લ્યો. અભય એવી રીતે કેળવી લ્યો કે જેથી તમને ધર્મારાધનમાં ખૂબ આનંદ આવે.

દ્વેષને દૂર દફનાવજો:—અભય આવ્યા પછી અદ્વેષ પણ આવવો જ જોઈએ સુધર્મની આરાધના ઉપર જો અરુચિ હોય તો સાધક તેને આરાધી શકતો નથી. ખીરની સામગ્રી મળી

ગઈ, ખીર બનાવી પણ લીધી, છતાંય તેને ખીર ખાવા પર અરુચિ જ હોય તો પરિણામ શું આવે? માતા કદાચ પુત્રની અનિચ્છા છતાંય ખીર પાઈ દે તો કાં તો બાળક તેનું વમન કરી દે અથવા તેને જે ગુણ થવો જોઈએ તે થાય નહિ આ જગ પ્રસિદ્ધ વાત છે. તેવી જ રીતે સુંદર સાધનાની સામગ્રી મળી જવા છતાંય જો તેના પર અભાવ હોય તો તેનાથી સાધક સુસાધન કરી શકતો નથી. ઉલટું એજ સાધન એને ઘૃણાસ્પદ ભાસે છે. અનાદરણીય લાગે છે. માટે અભય આવ્યા પછી દ્વેષને દૂર કરવા પ્રયત્ન સેવવો અત્યંત આવશ્યક ગણાય.

સાધનાના સોપાને ચઢતા સાધકે ત્રીજા નંબરે "અખેદ"ને જીવનમાં ઉતારવો જોઈએ.

શુભ પ્રવૃત્તિમાં કંટાળો ન આવવો જોઈએ. રોજ રોજ જ્ઞાનીઓએ બતાવેલી અનેક આત્માઓએ આરાધેલી, અનંતકલ્યાણને આપવાવાળી આરાધનામાં કદિ ખેદ ન થવો જોઈએ. જમાનો બદલતો જાય છે. પણ શાશ્વત ધર્મ તો એના એજ સ્વરૂપે સદા રહ્યો છે, અને રહેવાનો છે.

એ ક્રિયાઓ પ્રતિ કંટાળો આવે એટલે સમજી લેવાનું કે ભાગ્ય દશા હવે પરવારી બેઠી.

અભય, અદ્વેષ, અને અખેદ આવી જાય તો જે આ મહાન્ પુણ્યોદયે સામગ્રી મળી છે તે સામગ્રીનો સદુપયોગ થઈ શકે. મનુષ્ય ભવ મળ્યો, પરમપુનિત પ્રભુનું શાસન મળ્યું. છતાંય કલ્યાણ ન સાધી શકાય તો એ દોષ સાધકનો જ છે. સાધનાનો નથી.

આ તો પૂર્વ ભૂમિકાની વાત થઈ. આ ભૂમિકા સુધી પહોંચ્યા પછી હવે આત્મ ઉજ્જવલતાનાં અનન્ય પ્રતીકો તરફ આપણે દષ્ટિપાત કરીએ.

કર્તવ્યની ભૂમિકા :—આગળની વાત એ ચાલે છે કે-આરાધના કરતાં પહેલાં આરાધકે મનની ચંચલતા રોકવી જોઈએ. મનની ચંચલતા જ્યાં સુધી હશે ત્યાં સુધી ભાવ અરિહંતો પણ કદાચ મળી જાય, આરાધનાની પૂર્ણ સામગ્રી મળી જાય, છતાંય સાધક સિદ્ધિના સોપાને નહી ચડી શકે. આજે ચતુર્વિધ શ્રી સંઘની સાથે અરિહંતદેવોની અનન્ય ઉપાસના માટે બધા તૈયાર થયા છો. રોજ નવી નવી પ્રતિમા જોઈને કેટલો આનંદ થવો જોઈએ? દર્શન શુદ્ધિ કેટલી થવી જોઈએ? આત્મ જાગૃતિને અપનાવવી જોઈએ.

ભૂમિકા યોગ્ય બનાવો :—ખેડૂત ખેતર ખેડવા જાય છે ત્યારે પહેલાં શું કરે છે; તે જાણો છો ને? ભૂમિને તૈયાર કરવી પડે છે. સૂડ **નીદાન** કરે છે. હળથી ખેડી જમીન ને કોમળ બનાવે છે. પછીથી જ બીજ એમાં પડે છે. વરસાદના યોગે એ બીજ અન્ન–ફળ રૂપે બહાર આવે છે. તેવી જ રીતે જ્યાં સુધી મનની ભૂમિકા આવી કોમળ; વાસનાની બદબો વિનાની, મિથ્યાત્વના પથ્થરથી રહિત નહિ બનાવાય ત્યાં સુધી પડેલું ધર્મ બીજ પણ બળીને ખાખ થઈ જશે અથવા અનુપયોગી બની જશે.

અરે! પથ્થર પર પુષ્પ ઉગે એવું કહિ સાંભળ્યું છે? નહિ જ; તો પથ્થર હૃદય પર ધર્મ પુષ્પ ખીલશે એ ઘેલછા મૂર્ખતામાં મળે ને?

માટે જ મન ને એવું મનાવી લ્યો. અભય એવી રીતે કેળવી લ્યો કે જેથી તમને ધર્મારાધનમાં ખૂબ આનંદ આવે.

દ્વેષને દૂર દફનાવજો :—અભય આવ્યા પછી અદ્વેષ પણ આવવો જ જોઈએ સુધર્મની આરાધના ઉપર જો અરુચિ હોય તો સાધક તેને આરાધી શકતો નથી. ખીરની સામગ્રી મળી

ગઈ, ખીર બનાવી પણ લીધી, છતાંય જો ખીર ખાવા પર અરુચિ જ હોય તો પરિણામ શું આવે? માતા કદાચ પુત્રની અનિચ્છા છતાંય ખીર પાઈ દે તો કાં તો બાલક તેનું વમન કરી દે અથવા તેને જે ગુણ થવો જોઈએ તે થાય નહિ આ જગ પ્રસિદ્ધ વાત છે. તેવી જ રીતે સુંદર સાધનાની સામગ્રી મળી જવા છતાંય જો તેના પર અભાવ હોય તો તેનાથી સાધક સુસાધના કરી શકતો નથી. ઉલ્ટું એજ સાધન એને ધૃણાસ્પદ ભાસે છે. અનાદરણીય લાગે છે. માટે અભય આવ્યા પછી દ્વેષને દૂર કરવા પ્રયત્ન સેવવો અત્યંત આવશ્યક ગણાય.

સાધનાના સોપાને ચડતા સાધકે ત્રીજા નંબરે "અખેદ"ને જીવનમાં ઉતારવો જોઈએ.

શુભ પ્રવૃત્તિમાં કંટાળો ન આવવો જોઈએ. રોજ રોજ જ્ઞાનીઓએ બતાવેલી અનેક આત્માઓએ આરાધેલી, અનંતકલ્યાણને આપવાવાળી આરાધનામાં કદિ ખેદ ન થવો જોઈએ. જમાનો બદલાતો જાય છે. પણ શાશ્વત ધર્મ તો એના એજ સ્વરૂપે સદા રહ્યો છે, અને રહેવાનો છે.

એ ક્રિયાઓ પ્રતિ કંટાળો આવે એટલે સમજી લેવાનુ કે ભાગ્ય દશા હવે પરવારી બેઠી.

અભય, અદ્વેષ, અને અખેદ આવી જાય તો જે આ મહાન્ પુણ્યોદયે સામગ્રી મળી છે તે સામગ્રીનો સદુપયોગ થઈ શકે. મનુષ્ય ભવ મળ્યો, પરમપુનિત પ્રભુનું શાસન મળ્યું. છતાંય કલ્યાણ ન સાધી શકાય તો એ દોષ સાધકનો જ છે. સાધનાનો નથી.

આ તો પૂર્વ ભૂમિકાની વાત થઈ. આ ભૂમિકા સુધી પહોંચ્યા પછી હવે આત્મ ઉજ્જવલતાનાં અનન્ય પ્રતીકો તરફ આપણે દૃષ્ટિપાત કરીએ.

તીર્થ ભક્તિ :—આત્માને ઉજ્જવલતામાં લાવવો હોય તો તેની સામે કંઈક ચોક્કસ સાધન જોઈએ જ. સાધન વિના સાધ્ય સિદ્ધ થઈ શકતું નથી. સાધકે ધ્યાન રાખવું ઘટે કે એના જીવનનું નવપ્રભાવ અરિહંતોની અનન્ય ઉપાસના સિવાય ઉગવાનું નથી. મુક્તિના મંઝીલે પહોંચવા મહાપ્રયાણ પ્રારંભ્યું, પણ જો જિનભક્તિને હૃદયમાં ધારણ ન કરી તો કયા સમયે એ મહાપ્રયાણ અટકી જશે ? એનો જવાબ કોણ આપે ?

અરિહંત ભક્તિ જ્યારે પ્રકટે ત્યારે તીર્થ ભક્તિ પણ પ્રકટ થયા વિના રહે નહિ.

સાચી તીર્થ ભક્તિ પ્રકટયા વિના તીર્થસ્થાનો પ્રત્યે ઉપેક્ષા ભાવ વધતો જશે ! આજે તીર્થોની કઈ દશા થઈ રહી છે ? દિવસે દિવસે શ્રાવક સમાજ પોતાના ઘરો સાચવવાની વ્યવસ્થામાં મશગુલ બની જઈ જીર્ણ તીર્થસ્થાનો પર દૃષ્ટિપાત કરવાની તકલીફ પણ ઉઠાવતો નથી. કેટલાંયે એવાં તીર્થસ્થાનો આવી ઉપેક્ષાના પરિણામે આપણા હાથમાંથી ગયાં.

રાજનગર એટલે તો તીર્થ નગરી જ ગણાય ને ? કેટલી ભવ્ય પ્રતિમાઓ ? કેટલાં ભવ્ય મંદિરો ! જોઈ જોઈને અમારૂં હૃદય હર્ષથી પ્રફુલ્લ બનતું જાય છે : આત્મ ઉજ્જવલતાનાં આવાં અનન્ય પ્રતીકો સામે પણ જો ઉપેક્ષા ભાવ સેવાતો હોય તો સમજજો કે–ઉજ્જવલતાની વાત તો દૂર રહી, સાધનાનું રહ્યું સહ્યું પરિણામ પણ હાથથી પાણીના પ્રવાહની માફક વહી જશે. આજનો વધતો જતો ઉપેક્ષા ભાવ જોતાં હૃદય પણ કંપી જાય તેમ છે. શાસનનો અવિહડ રાગ હૃદયમાં જાગશે નહિ; ત્યાં સુધી તીર્થભક્તિ શક્તિ હોવા છતાં યુક્તિથી આચરણમાં મૂકાશે નહિ.

ઉદયનની ઉદાત્તભાવના :—પાટણનો મહામંત્રી સોરઠમાં સમરરાજ સામે લડાઈ કરવા નીકળ્યો છે. પણ રસ્તામાં

એ સુશ્રાવકને વિચાર જાગ્યો કે લાવને સિદ્ધગિરિરાજને ભેટીને જ જાઉં! સિદ્ધાચલ યાત્રા કરવા ગયા. દર્શન કરી રહ્યા છે, ભાવોલ્લાસથી તીર્થસ્તવના કરી રહ્યા છે, ત્યાં જ એક બનાવ બની ગયો.

એક ઉંદરભાઈ દીવાની સળગતી દીવેટ લઈને રવાના થયો.

ઉદયનનું હૃદય કમકમી ગયું!

અરે! આ લાકડાનાં મંદિર! અને આ રીતે કદાચ કોઈ અગ્નિનો સંયોગ બની જાય તો? આત્મોદ્ધારનું આલંબન આપતી સામેથી અસ્ત જ થઈ જાય? માટે યુદ્ધ પછીથી જરૂર આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીશ ત્યારે જ જંપીશ; એવો મન સાથે નિશ્ચય કર્યો. તારક અરિહંત દેવો પર અનુરાગ હોય તો જ આવી ભાવના જાગેને?

હૈયામાં શું ભર્યું છે? કચરો ભરવાની કોટડીમાં કદિ કસ્તુરી ભરાય નહિ: તેમાં કસ્તુરી ભરવાની કદાચ કોઈ બાલીશતા કરે તો દુનિયા એને હાંસે. જ્યાં સુધી સંસારના રાગની આગ હૃદય મંદિરમાં સળગતી હોય ત્યાં સુધી ખુદ ભગવાન મળી જાય તો પણ કલ્યાણ ન થાય એટલા માટે જ એક કવિએ કહ્યું છે કે—

मया प्राप्तो न त्वं क्वचिदपि भवे मार्गनियतं,
मवभ्रान्तिर्नो चेत् कथमियता विरहिता ।

હે ભગવન્! ખરેખર આજ સુધી મેં તને મેળવ્યો નથી. જો તને મેળવ્યો હોત તો તારો અને મારો વિરહકાલ રહ્યો ન હોત. આજ સુધીનું મારા ભવનું ભ્રમણ પણ ભાંગી ગયું હોત!

પણ ભવનિર્વેદ જેને આવ્યો હોય તેના માટે આ વાત છે. બાકી જેને સંસાર ખૂબ ગમતો હોય. સંસારને જ સમગ્ર સુખોની ખાણ માનતો હોય. એના હૈયામાં કદી વીતરાગના શાસન પર

વીતરાગ પરમાત્મા પર પણ પ્રેમ જાગે નહિ. વીતરાગના શાસન ઉપર કે વીતરાગ ઉપર પ્રેમભાવ જગાડવો હશે તો સંસાર રાગ છોડવો પડશે.

સુશ્રાવકોની ફરજ—દહેરાસર દર્શન કરવા જનાર પહેલી નિસીહિ બોલવા દ્વારા ઘર વ્યાપારનો ત્યાગ કરે છે, પણ દહેરાસરની સંપૂર્ણ સંભાળ. વ્યવસ્થાનું ધ્યાન બીજી નિસીહિ બોલાયા પહેલાં તેને રાખવાનું હોય છે.

જો સુશ્રાવકો પોતાની ફરજ સમજતા થઈ જાય તો આજે જે જિનમંદિરોમાં અશાતના થાય છે, અવ્યવસ્થાનું અને અશાંતિનું જે વાતાવરણ ઉપસી રહ્યું છે તે કદિ ન દેખાત.

ઉદયનમંત્રી ધર્માત્મા છે. ધર્મને હૃદયમાં ધારણ કર્યો છે, માટે જ તીર્થની ચિન્તા એમના અંતરના ઉંડાણમાં ઉતરી ગઇ.

એક નિશ્ચયી ઉદયને સમરરાજ સામે યુદ્ધ માંડયું. યુદ્ધ પણ વીરને છાજે તેવું હતું. વિજય મેળવ્યો. કુમારપાલની આજ્ઞા પ્રવર્તાવી દીધી.

પણ કુદરતના **કરારનામામાં** મહામંત્રીનું આ અંતિમ યુદ્ધ હતું : મહામંત્રીનો જીવન દીપ છેલ્લો ટીમટીમાટ કરી રહ્યો હતો. આ યુદ્ધમાં એમના પાર્થિવ શરીરને ખૂબ જખમો લાગ્યાં.

સામંતો ખડે પગે સેવા કરી રહ્યા છે. મૂંગે મુખે મંત્રીશ્વરનાં નયનો નીરખી રહ્યા છે, મંત્રીશ્વર ખૂબ જ બેચેન જેવા જણાયા.

સામન્ત વર્ગ પણ ધર્મને સમજેલો છે. જેનો સ્વામી ધર્મી હોય તેના સેવકો પણ ધર્મવાસિત બને તેમાં કંઇ નવાઇ જેવું નથી.

મંત્રીશ્વરની અંતિમ બેચેન પરિસ્થિતિ જોઇ સેવકો કહે છે

મહામંત્રી ! દેહની દિવાલ જર્જર થઈ છે. હવે આપે અરિહંતનું ધ્યાન કરવું આવશ્યક ગણાય, છતાં ય ધર્મવાસિત આપના આત્મામાં કયું દુઃખ ડંખી રહ્યું છે તે સમજાતું નથી.

મારા વ્હાલા સામંતો ! મારી એકે ય પ્રતિજ્ઞા હું પૂરી કરી શક્યો નથી તેનું મને ખૂબ દુઃખ થઈ રહ્યું છે.

મરણ તો થાય તેની ચિંતા કાયરને હોય વીરને નહિ : વીરનો ઉપાસક મૃત્યુને હસતા મુખે જ ભેટે. કારણ તેને પોતાના સુકર્તવ્યોની અનુમોદના આનંદને જ અપાવતી હોય.

તમને શું ખટકે ?—કદાચ આ રીતે મરણ નજીક આવ્યું હોય ત્યારે તમને શું ખટકે ? છોકરાને પરણાવ્યો નથી. પાંચ પચીશ હજારની મૂડી એકઠી નથી કરી; વિગેરે ને ? જ્યાં સુધી ધર્મ સમજાય નહિ, સુગતિને સાધવાની અને દુર્ગતિને કાપવાની તમન્ના જાગે નહિ, ત્યાં સુધી આત્મામાં ભરી પડેલી વાસનાઓ જ બહાર આવે !

મંત્રીશ્વરને પોતાના પુત્રોની ચિન્તા નથી થતી. રાજ્યપાટની યાદ એમને નથી આવતી. માત્ર યાદ આવે છે પોતાની પ્રતિજ્ઞા દુઃખ થાય છે પોતાની પ્રતિજ્ઞા પૂરી નથી થઈ તેનું !

પાસે ઉભેલા સામન્તો હાથ જોડીને વિનવણી કરતા જણાવે છે. મંત્રીશ્વર ! આપની પ્રતિજ્ઞા જણાવો. અમારાથી પૂરી થશે તે અમે પૂરી કરીશું. અને નહિ થાય તે આપના પુત્રો પાસે જરૂર પૂરી કરાવીશું. આપ વિશ્વાસ રાખજો કે, આપના પુત્ર બાહડ આપના પગલે જ ચાલી આપની પ્રતિજ્ઞા પૂરી કરશે.

'શત્રુંજયના જીર્ણ મંદિરના ઉદ્ધાર કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. મેં તો અંતિમ પ્રયાણ પ્રારંભી દીધું છે. મારાથી તે પ્રતિજ્ઞા પૂરી ન થઈ શકી. પણ હવે બાહડ પાસે એ પ્રતિજ્ઞા જરૂર પૂરી કરાવજો.' આટલું બોલતાં જ મંત્રીશ્વરે અંતિમ શ્વાસ

લીધો. એમનો જીવન દીપ કાળ વાયુના ઝંઝાવાતથી સદાને માટે બુઝાઈ ગયો.

પિતાની પ્રતિજ્ઞા પુત્રે પાર પાડી :—જ્યારે વાગ્ભટ્ટ મંત્રીને પિતાની પ્રતિજ્ઞાની જાણ થઈ ત્યારે તુરત જ એ કામ એમણે માથે લઇ લીધું.

કેટલો પિતા પ્રત્યેનો પ્રેમ ? માતપિતા પર જેને સાચી ભક્તિ જાગી નથી, તેમની સદાજ્ઞાનું જેને બહુમાન નથી, તેવો આત્મા ધર્મારાધન પ્રતિ પણ દુર્લક્ષ્ય સેવે તો નવાઇ જેવું ન ગણાય !

બાહડ મંત્રીએ બીજે જ દિવસે સારા શિલ્પીઓ બોલાવી પ્લાન તૈયાર કરાવી–જીર્ણોદ્ધારનું કામ શરૂ કરાવી દીધું.

નવાં જિન મંદિરો બંધાવા કરતાં પણ જુનાં જીર્ણ મંદિરનો ઉદ્ધાર કરવામાં અનંત ગુણો લાભ છે. મંત્રીશ્વરનો ઉત્સાહ એમની કાર્ય દક્ષતાના પરિણામે થોડા જ સમયમાં ગગનચૂંબી જીનાલયોથી દિશાઓ ઝળહળી ઉઠી. જીનાલયોનું કાર્ય લગભગ પૂરૂં થવા આવ્યું છે !

મંત્રીશ્વર પ્રતિષ્ઠા કરવાની તૈયારીમાં પડયા છે. તે વખતે એક જુદો જ બનાવ બની ગયો.

પાટણમાં વાગ્ભટ્ટ (બાહડ) મંત્રી દાતણ કરવાની તૈયારી કરી રહ્યા છે, તે વખતે એક અનુચરે આવી સમાચાર આપ્યા કે 'મંત્રીશ્વર !' જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થયું છે.

મંત્રીશ્વરે તેને સોનાની જીભ અને રત્નનું ચોકઠું આપ્યું.

જ્યાં વાત પૂરી થાય ત્યાંજ બીજા અનુચરે મારતે ઘોડે ત્યાં આવી સમાચાર આપ્યા કે 'મંત્રીજી ! નવું બનાવેલું દેવાલય ફાટી ગયું !'

આઘાત કે આનંદ :—આવા સમયે આવા સમાચાર સાંભળી આઘાત લાગે કે આનંદ થાય ? એમ પણ થઈ જાય કે આટલી લક્ષ્મી ખર્ચી આટલી મહેનત કરી એ બધા પર પાણી ફરી વળ્યું. કેમ ખરું ને ? કપરા કામમાં હામ ભીડી દામ ખર્ચ્યા હોય તેનું પણ દુઃખ થાય જ ને ? પણ મંત્રીશ્વરને તો આઘાત થવાને બદલે આનંદ થાય છે જેને આપણી દૃષ્ટિએ દુઃખદ સમાચાર માનીએ છીએ. એ દુઃખદ સમાચાર સાંભળતાં આનંદ થવો એ પણ એક આશ્ચર્ય ગણાયને ? પણ કહો કે એમને સાચાં તત્વો સમજાયાં હતાં દેવાલય તૂટી ગયાના સમાચાર આપનારને મંત્રીશ્વરે બત્રીશ સોનાની જીભ, અને બત્રીશ રત્નનાં ચોકઠાં આપ્યાં.

લક્ષ્મી શરીરનો મેલ :—આવા વખતે મંત્રીશ્વરને આનંદ થાય છે કે, મને તીર્થ-ભક્તિનો ફરીને પણ લાભ મળી ગયો. મારા જીવતાં આ બનાવ બન્યો છે, એ જો પછી બન્યો હોત તો કોણ જાણે મંદિરોની શી દશા થાત ? લક્ષ્મીનો સદુપયોગ કરવાનો સમય મળે તો કોને આનંદ થાય ? લક્ષ્મી એ તો મેલ છે. મેલ તો શરીર પરથી જેટલો દૂર રહે તેટલો જ સારો.

કદાચ શરીર પર વધુ મેલ જામી જાય તો, ગરમ પાણી અને સાબુથી તેને દૂર કરવો પડે. તેમ લક્ષ્મી મળે પુણ્યના ઉદયથી, ટકે પુણ્યથી, ભોગવાય પુણ્યથી, પણ....ભોગવતાં પાપ એ પાપ જેને ખટકે તે જ તેનો શાસ્ત્રાનુસાર સદુપયોગ કરી શકે. બાકી તો લક્ષ્મીના મમત્વમાં ઘણાય મરીને સાતમી નરકે પણ પહોંચી ગયા.

શું મમ્મણ શેઠને ઓછી મૂડી મળી હતી ? ૯૯ ક્રોડ સોનૈયાની પુંજી પણ શું કામમાં આવી ?

कीटिकोपार्जितं धान्यं, मक्षिकासंचितं मधु ।
कृपणोपार्जितं द्रव्यः परैरेवोपभुज्यते ॥

કીડીએ એકઠું કરેલું અનાજ, માખીએ મેળવેલું મધ, અને કૃપણ પુરૂષે ઉપાર્જન કરેલું દ્રવ્ય; બીજાઓ જ ખાય છે. કૃપણ ધનને વાપરી પણ નથી શકતો તેમ છોડી પણ શકતો નથી. નપુંસકને મળેલ સુંદર સ્ત્રીની માફક કૃપણનું ધન નિરર્થક જ હોય છે. લક્ષ્મીનો મોહ ઓછો થાય તો જ તેનો સદુપયોગ કરવાની ભાવના જાગે.

મંત્રીશ્વર તુરત જ પાલીતાણા પહોંચ્યા. શિલ્પીઓને બોલાવી દેવાલયની વિગત પૂંછી.

શીલ્પીઓએ જવાબ આપતાં જણાવ્યું. મંત્રીશ્વર ! ભમતીવાળું દેરાસર બનાવ્યું હતું. પણ ઉંચી ભૂમિ છે. પવન ભમતીમાં ભરાઈ ગયો જેથી પવનના જોરે મંદિર ફાટી ગયું.

તો ભમતી વિનાનું દહેરાસર બાંધો ! મંત્રી બોલ્યા.

'મંત્રીશ્વર ! ભમતી વિનાના જીનાલયથી સંતતિ વધતી નથી એ શીલ્પનો કાયદો છે' શિલ્પઓ નમ્રભાવે બોલ્યા.

શાસનને સમજેલા :– 'સંતતિની ખાતર જીનાલયને જોખમમાં મૂકવું એ કયાંનો ન્યાય ? તમે જાણો છો કે પુત્ર કુલાંગર પણ પાકે. આવા પુત્રોથી કદિ કોઈનુંય કલ્યાણ સધાયું નથી. જૈન શાસનને સમજેલાના હૃદયમાં–તો સંસાર રાગને સ્થાન હોય જ નહિ.

આજસુધી માત–પિતા, પુત્ર-પુત્રી, ભાઇ–બ્હેનના અનંત સંબંધોમાં જીવન વીતાવ્યું, પણ સચ્ચા તારકનું શરણ નથી મળ્યું ત્યાં સુધી સાચું જ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકતું નથી. શાસન જેને સમજાયું હતું. એ વાગ્ભટ્ટમંત્રીના એ શબ્દો હતા-

પીછી જ ક્ષણે મંત્રીશ્વરના નિર્ણય મુજબ ભમતી વિનાનું જીનાલય બનાવવાનો નિશ્ચય થયો. શીલ્પીઓ ફરીને પણ પોત પોતાના કામની તડામાર તૈયારીઓ કરવા લાગ્યા.

સોરઠના સંઘને જયારે આ વાતની જાણ થઈ તે જ ટાઇમે ગિરિરાજની તલેટીમાં સંઘના અગ્રગણ્ય શ્રાવકો દોડી આવ્યા.

મંત્રીશ્વર! આ સોરઠનો સંઘ આપને કંઈક વિનંતી કરવા આવ્યો છે. આપે સંઘની વિનંતીને સ્વીકારવી પડશે.

સોરઠના સંઘના આ શબ્દો સાંભળી મંત્રીશ્વર ગદ્ગદ્ કંઠે બોલ્યા.

"મહાનુભાવો! મારા પ્યારા સાધર્મી બંધુઓ! હું શ્રી સંઘનો સેવક છું મંત્રી હોઉં તો પાટણના રાજ્યનો, શ્રીસંઘનો નહિ શ્રીસંઘ મને આજ્ઞા ફરમાવી શકે. એ શ્રી સંઘની આજ્ઞા ઉઠાવવાને હું હરપળે તૈયાર છું 'વિનંતી' જેવા શબ્દો બોલી મને શરમાવશો નહિ" કેવું હૃદય? કેવું સંઘ પ્રત્યે બહુમાન?

સંઘના નામે શંખ વગાડશો નહિ—જૈન શાસનમાં શ્રીસંઘનું બંધારણ બહુજ મજબુત છે, એ શ્રીસંઘની આજ્ઞા લોપનાર મહાપાપી ગણાય. પણ સંઘ કેવો? પોતાની મનઘડંત કલ્પનાઓ પ્રમાણે અન્યને દોરનાર નહિ, શાસ્ત્ર વિરૂદ્ધ આચ રણ માટે પ્રેરનાર નહિ.

આજે તો સંઘના નામે શંખ વગાડનારનું ટોળું વધી ગયું છે. વખત આવ્યે સાધુઓએ "માઈક" વાપરવું જ જોઈએ, કાલે કહેનાર નીકળશે કે અમે સંઘ કહીએ છીએ કે સાધુઓએ પ્લેન દ્વારા ધર્મ-પ્રચાર માટે ફોરેન પણ જવું પડશે. શ્રીસંઘના નામે આવું ધર્મ વિરૂદ્ધ વલણ સ્વીકારનાર, એમાં સહયોગ આપનાર, મનથી પણ એ આચરણને સારૂં માનનારને સંઘ

કહેવાય નહિ. ભલે તે પછી સાધુ હોય તો સાધુ નહિ, શ્રાવક હોય તો શ્રાવક નહિ. ધર્માચાર્ય હોય તો ધર્માચાર્ય પણ નહિ. કારણ કે અરિહંતની આજ્ઞા પર તેમને આદરભાવ નથી. શ્રદ્ધા નથી. માટે જ શાસ્ત્રકારો કહે છે કે—

एगो साहु एगाय साहुणीः सावओ सड्ढी वा ।
आणाजुत्तो संघोः सेसो पुण अट्ठीसंघाओ ॥

એક સાધુ એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા. ભલે રહ્યાં. પણ જે શ્રીજીનેશ્વરની આજ્ઞાયુક્ત હોય તેને જ સંઘ કહેવાય. બાકી તો જીનની આજ્ઞાને બાજુએ મૂકી મનસ્વી વર્તન કરનાર ભલે ઘણા જણ હોય તે જીવ વિનાના હાડકાના સમુદાય જેવા છે.

કેટલાં કડક વચનો? સાંભળતા પણ તમને અરેરાટી છૂટતી હશે? ત્યારે વિચાર કરજો કે સંઘના નામે પોતાની જ તતૂડી ફૂંકનારની કોઈ કિંમત વિશ્વમાં છે ખરી? આવી આશાતના મન-વચન-અને કાયાથી કદી ન થાય તેનું ખૂબ ધ્યાન રાખજો.

આજ્ઞાપ્રધાન ધર્મ:—ભલે કદાચ તમે અનુષ્ઠાનનું ઓછું આચરણ કરી શકતા હો. એની સાથે બહુ વાંધો નથી. પણ જ્યાં અરિહંતોની આજ્ઞા પ્રત્યે અબહુમાન જાગ્યું, ત્યાં જ પટકાઈ ગયા સમજજો. સાથે **જીનેશ્વરની આજ્ઞા મુજબ ચાલનાર શ્રી સંઘનું જ બહુમાન થવું જોઇએ**—શ્રાવક હોય કે સાધુ હોય પણ જે જિનાજ્ઞા વિરૂદ્ધ પ્રલાપ પણ કરતો હોય તો તેનું કદિ બહુમાન થાય નહિ તેને કદિ સન્માન અપાય નહિ.

ન માનશો કે આ બધી પૂર્વગ્રહની વાતો છે. જ્યાં સુધી શાસ્ત્રને સાંભળ્યાં નથી. શાસ્ત્રીય તત્વો સમજાયાં નથી, ત્યાં સુધી આ બધી વાતો તમને હમ્બક લાગશે. કારણ કે આજ્ઞાપ્રધાન

ધર્મ સમજાયો નથી શાસન પર અવિહડ પ્રેમ જાગ્યો નથી.

જમાના પ્રમાણે સંઘે ફરવું જોઈશે. નવયુવકોને ઈન્ટરેસ્ટ ઉપજાવવા ખાતર ધર્મતત્વોને જુદી રીતે રજુ કરવાં પડશે. આ બધા બકવાદો શું સૂચવે છે? સાંભળતાં ધર્મીનું કાળજું ઘણું-ઘણી ઉંડે આત્મા કકળી ઉઠે. હૃદયમાંથી ઉંડો નિશ્વાસ નીકળે કે એ બિચારા અજ્ઞાનીઓની શી દશા થશે? દિવસે દિવસે આજ્ઞાની પ્રધાનતા અસ્ત થતી જાય છે.

માટે શ્રીસંઘના બહુમાનનું અવળે રસ્તે ઉદાહરણ લઈ વાસ્તવથી રહિત પોતાની કલ્પનાઓ પોષવા જાણ્યે અજાણ્યે પણ સુશ્રાવકોએ પ્રયત્ન સેવવો નહિ.

શ્રી સંઘના કથનનો સ્વીકાર:—સોરઠના સંઘે જણાવ્યું કે મંત્રીશ્વર! મહાન્ દેવાલયો બંધાવી આપે મહાન્ પુણ્યોપાર્જન કર્યું છે. પિતાના પંથે ચાલી આપે પુત્રપદ શોભાવ્યું છે. હવે અમને પણ અમારી ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કરવા દો. સોરઠનો સંઘ ઈચ્છે છે કે અમે પણ આ મહા પુણ્ય કાર્યમાં અમારો કંઈક હિસ્સો આપતા જઈએ.

શ્રીસંઘે મને જ લાભ લેવા દીધો હોત તો વધુ સારું હતું. છતાં ય શ્રી સંઘની આજ્ઞાને હું કદિ ઉત્થાપી નહિ શકું. આ જિનાલયો શ્રીસંઘનાં છે. અને હું પણ શ્રીસંઘનો જ છું. બાહડ મંત્રી બોલ્યા.

અધિકાર હોવા છતાં આટલી તમન્ના આવવી સહેજ વાત નથી. જેની પાસે અધિકાર હોય એ જો નમ્ર બને તો જ લોક ચાહના મેળવી શકે, વ્યવસ્થાપકો આગેવાનો પણ જો નમ્રના ભાવને સેવતા થઈ જાય તો સહાનુભૂતિ વધતી જાય. દિવસે દિવસે ધર્મથી વિમુખ થતો વર્ગ ધર્મ સન્મુખ આવતો થઈ જાય—અધિકારનું જેને અભિમાન નથી, સત્તાની શેહથી બીજાને

જે દબાવવા નથી માગતા, એવા મંત્રીની આગેવાની નીચે સોરઠનો મોટો શ્રાવક સમુદાય એકત્રિત થયો.

આમંત્રણથી નથી આવ્યા :— ધ્યાન રાખજો કે અહિં આવનાર આગેવાનો, યા તો બીજા શ્રાવકોને કોઈ આમંત્રણ આપવા ગયું નથી. બધા પોત પોતાની મેળે ઉપસ્થિત થઇ ગયા છે. આમંત્રણની જરૂર પણ આવા સમયે ન હોય! જેને આ કામ સારું લાગે કરવા યોગ્ય લાગે એ તો આવા સંયોગોમાં આવીને ઉભા જ રહે. પણ જેને લક્ષ્મીનો મોહ ઉતરતો ન હોય. ઊંડે ઊંડે લક્ષ્મી લાલસાની આગ ભભકતી હોય તેમને જ આમંત્રણ આપવા જવું પડે. અને કદાચ એવા આમંત્રણથી આવે તો એમનો લોભ એમને સત્કાર્યમાં પ્રવૃત્ત પણ ન થવા દે

ટીપ ચાલુ થઇ. સદ્ ગૃહસ્થો પોતપોતાની મેળે શકિત મુજબ તીર્થ ભકિતમાં ધનનું સમર્પણ કરી રહ્યા છે.

બે હજાર . ....

પાંચ હજાર . ....

પચીશ હજાર........

રોકટોક વિના ટીપ ચાલી રહી છે. વિના સંકોચે કામ આગળ ધપી રહ્યું છે. સહુનાં હૃદયમાં અમાપ ઉત્સાહ છે અ અમૂલ્ય સમય અપનાવ્યાનો! વદન પરમ શાંતિ પથરાઈ છે પુણ્ય કાર્યની. થોડી જ ક્ષણોમાં સારી રકમ એકઠી થઈ ગઈ.

તન મેલું પણ મન ઉજળું :—મોટા આસને બેઠેલ મંત્રીની નજર દૂર દૂરની ક્ષિતિજમાં પથરાઈ રહી છે. સહુન મુખના ભાવ તે માપી રહ્યા છે, મંત્રીશ્વરની નજર દૂર જત એક કંગાલ હાલતના વાણીયાને તેમણે જોયો. દરવાનો જે ધુત્કારી રહ્યા હતા, જ્યારે પેલો દેખાતો દરિદ્રનારાયણ જે

લઘીલગીને સંઘને નમી રહ્યો હતો. મંત્રીશ્વરે તેના મનોભાવ પારખ્યા. ભલે એનું તન મેલું હતું પણ મનની ઘણી ઉજ્જવલતા હતી—મનોભાવના જાણકાર મંત્રીશ્વરે દૂર ઉભેલા દરિદ્રને પાસે બોલાવ્યો.

પેલો આવતાં થરથર કંપી રહ્યો છે. જેણે જીવનમાં કદિ પોતાની દરિદ્રાવસ્થા સિવાઈ બીજી કોઇ ચીજનાં દર્શન નથી કર્યાં એને આવી અવસ્થામાં સહેજે ક્ષોભ થઈ જાય.

મંત્રીશ્વર આશ્વાસન આપતાં એને પાસે બોલાવે છે પોતાની પાસે બેસાડે છે શાન્તિથી પૂછે છે ભાઈ! તું કોણ છે? શા માટે અહિં આવ્યો છે?

નમે તે સહુને ગમેઃ-પાટણનો મહામાત્ય એ કંગાલને કઈ રીતે બોલાવે છે? આ નમ્રતા જ તેની પ્રભુતાની સૂચક છે. આંબે કેરીઓ આવે ત્યારે આંબો નીચો નમી જાય છે. પથિકોને આહ્વાન-આપતો સૂચવે છે કે મારાં મીઠાં આમ્રફળોનો આસ્વાદ લેતા જાઓ. અને પેલો લીંબડો! જોયો તો હશે જ! જ્યારે એને ફળ આવે ત્યારે નમ્ર બનવાને બદલે વધુ અક્કડ બનતો જાય છે. દુનિયામાં પણ કહેવાય છે ને કે! નમે તે જ સહુને ગમે. છત્રપતિનું સન્માન લોકો ભયથી કરે, પણ નમ્ર માનવનું સન્માન સહુ હસતા મુખે આનંદથી કરે

પેલા કંગાલને હૈયે ઠંડક વળી, અરે! આવો મહામંત્રી મને આ રીતે સંબોધે છે? પોતાની કથની નિઃસંકોચપણે તે કહેવા લાગ્યો.

કુંડલીયાની કહાણી—મંત્રીરાજ! હું અહિંથી થોડે દૂરનો વતની છું મને લોકો ભીમા કુંડલીયાના નામે ઓળખે છે. ઘી વેચી જીવન ચલાવું છું. પાંચ દ્રમનું ઘી લઈ વેચવા

નીકળ્યો હતો. બે દ્રમ કમાયો સાત દ્રમની મારી સર્વસ્વ મૂડી લઇને હું અહિં આવ્યો.

ગિરિરાજના દર્શનની ઈચ્છા જાગી. આદિનાથના દર્શન કરી હું પવિત્ર થયો. જીંદગીમાં પહેલીવાર દર્શન કર્યાં હતાં. હૃદયના ભાવની ઉર્મિઓ ઉછળી રહી હતી. તારક તીર્થંકર દેવનાં દર્શન કરી એક દ્રમનાં પુષ્પ લઈ ભગવાનને ચઢાવ્યા. એક દ્રમ ભંડારમાં નાંખ્યો.

તથાભવ્યત્વનો પરિપાક :—જિન દર્શન-પૂજન વિગેરે અભવ્યો પણ કરે છે. છતાં તેમને તે સમક્તિના હેતુભૂત બની શકતું નથી. તથાભવ્યત્વનો પરિપાક થયો હોય તો જ અરિહંતના દર્શનથી આનંદ આવે પૂજનથી પ્રસન્નતા પ્રાપ્ત થાય. સ્તવનથી સાચી શાન્તિ મળે.

दर्शनात् दुरितध्वंसी; वंदनात् वांच्छितप्रदः ।
पूजनात् पूरकः श्रीणां जिनः साक्षात् सुरद्रुमः ॥

જીનેશ્વરના દર્શનથી દૂરિત (પાપ)નો નાશ થાય છે. એમને કરેલું વંદન સમગ્ર વાંછિતને આપનાર બને છે. જીનેશ્વર દેવનું પૂજન આત્મલક્ષ્મીને અપાવી શકે છે. માટે જ શ્રીજીનેશ્વર સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છે.

પણ આ બધું કોના માટે? જે સમ્યકત્વ પામ્યો હો અથવા પામવાની તૈયારીમાં હોય. બાકી જેના તથાભવ્યત્વનો પરિપાક ન થયો હોય તેને સુંદર સામગ્રી મળવા છતાં ભાવોલ્લાસ જાગે નહિ.

અમૂલ્ય અર્પણ—જોયું ભીમા કુંડલીયાનું ભક્તિ સભર હૃદય! પૈસા નથી. સાત દ્રમની એની સર્વસ્વ મૂડી છે. છતાં સિદ્ધાચલ પર વાપર્યા વધેલા પાંચ દ્રમને ખેશને છેડે

છોડી મંત્રીશ્વરના હાથમાં સરકાવતાં કહે છે આ મારી સર્વસ્વ મૂડી આપ તીર્થના જીર્ણોદ્ધારમાં ગ્રહણ કરો.

આજે મારા હૃદયના ભાવ વધી રહ્યા છે મનમયૂર તીર્થ દર્શનથી થન થન નાચી રહ્યું છે. આજ સુધી ધર્મની આરાધના કરી નથી. નથી કરી તીર્થભક્તિ, માનવ જન્મ પામ્યા છતાં પણ મેં જીવન જીવી જાણ્યું નથી. મંત્રીશ્વર મારી ભાવનાને વધવા દેજો પાંગરવા દેજો. પાંચ પચીશ હજારની મૂંડીમાં આ પાંચ દ્રમની કશી જ કિંમત નથી. પણ મારે મન તીર્થ ભક્તિમાં આ વપરાશે એથી વધુ કિંમતી છે. ગદ્દગદ્દ કંઠે ભીમો બોલતો હતો.

આવો ભાવ આવે તો—'भावना भवनाशिनी' કર્ત્તવ્ય કરતાં ભાવનાની વધુ કિંમત છે. દ્રવ્યથી લાખોનું દાન આપનાર પણ ભાવશૂન્ય હોય તો એનું દાન કોડિની કિંમતનું. શુદ્ધ ભાવથી કોડિનું દાન હીરાની કિંમત કરતાં પણ વધી જાય છે.

આજે બધા જ બોલતા થઈ ગયા છે કે "ધર્મ અમને ફળતો નથી" પણ એમને કયાં ખ્યાલ છે કે—

यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।

ભાવશૂન્ય ક્રિયાઓ લગભગ કષ્ટ ક્રિયાઓ જેવી બની જાય છે. માટે ધર્મારાધનની પ્રત્યેક ક્રિયાઓમાં ભાવની ખૂબ જ આવશ્યકતા છે. જો આવો સુંદર ભાવ આવી જાય તો એ જ આરાધન આપણને અત્યંત આનંદ આપનાર બને એ સુનિશ્ચિત છે.

મંત્રીશ્વરે એના ભાવને જોઈ, એના પાંચ દ્રમ ગ્રહણ કર્યા. તુરત બધાની ઉપર એનું નામ પહેલું લખી દીધું—

ધનવાનો ધડો લેજો :—સોરઠના શેઠીઆઓ ઉકળી ગયા. અમે પાંચ હજાર, પચીશ હજાર આપી દીધા અને અમારા કરતાં

આ પાંચ દ્રમ આપનારનું નામ પહેલું ? અભિમાનનો આગીયો ઉકળી ઉઠ્યો—લાલપીળાં મુખ થઈ ગયા. ઈર્ષ્યાની આગ સળગે છે જ્યારે માનવમાત્ર ભાન ભૂલે છે ત્યારે.

પળનાપારખુ બાહડ મંત્રી શાંતિથી બોલ્યા.

'સજ્જનો ! ભીમા કુંડલીયાનું નામ પહેલું લખી દેવામાં આવ્યું છે. તેથી આપને આશ્ચર્ય થતું હશે ? પણ....પાંચ હજાર પચીશ હજાર લખાવનારની પાસે મૂડી કેટલી ? કેટલામો ભાગ સુકૃતમાં અપાયો છે ? એનો આપ શાંતિથી વિચાર કરજો. જ્યારે આ ભાઇએ પોતાનું સર્વસ્વ તીર્થભકિતમાં આપી દીધું છે. નથી જીવન નિર્વાહને માટે કંઇ સાધન રાખ્યું. કાલે શું કરીશ ? એની ચિન્તા વિના ભાવોલ્લાસથી કરેલું સર્વસ્વદાન અત્યુત્તમ ગણાય ! આવી સુંદર **ભાવનાની સરવાણીઓના સલિલથી** આજ **સુધી જૈનશાસનની જડ સીંચાઇ રહી** છે. શાસન વૃક્ષ જો નવ પલ્લવિત બન્યું હોય તો આવી ભાવનાના નીરથી જ બન્યું છે. ધનવાનોને ધડો લેવા જેવું જ ભીમાભાઇએ કરી બતાવ્યું છે.'

બેઠેલા બધા શ્રાવકો સમજી ગયા. ભીમાની ભવ્ય ભાવનાને વંદી રહ્યા. કાર્ય પૂરું પતાવ્યા પછી મંત્રીશ્વર વિગેરે ભીમાને રત્ન વિગેરેની ભેટ ધરે છે. પણ ભીમો સ્પષ્ટ ના જ ભણે છે.

મન ભિખારી ન હતું :—એની સ્થિતિ ખરાબ હતી. ખાવાપીવાનાં પણ ફાંફાં હતાં પણ મન ભિખારી ન હતું. મન શુભ ભાવનાથી વાસિત હતું. ધન મળ્યું હોય પણ મન ભિખારી હોય તો સૂંઘી સૂંઘીને ખાય. ભલે જીંદગી જાય પણ એને કશી જ ચિન્તા ન થાય. એનું ધ્યેય એની લક્ષ્મીને સાચવવા ખાતર તલ-પાપડ થતું હોય;

—હું અને મારી લક્ષ્મી સિવાય બીજું કશું એને સૂઝે નહિ.

એવા મનના ભિખારીઓને ધન મળી જાય તો એનો એ કદિ સદ્-ઉપયોગ ન જ કરી શકે.

ભીમાનું મન ભિખારી ન હતું. એની તો તીર્થ ભક્તિની તમન્ના પૂરી થઈ હતી, એનો અપાર આનંદ હતો. ક્ષણેક્ષણે એનું મન તીર્થ ભક્તિની અનુમોદના તરફ ઢળતું હતું. ભીમાએ કશી જ ભેટ ગ્રહણ ન કરી.

હર્ષ અને શોક :—ભીમો ત્યાંથી રવાના થયો, ઘર તરફ જઈ રહ્યો. છે. એકબાજુ આનંદ અને બીજી બાજુ એનો શોક વધી રહ્યો છે. પાસે પૈસા છે નહિ. સ્ત્રી ઉગ્ર સ્વભાવની છે. ઘેર પહોંચતાં જ ક્લેશ થશે,તેમ તે માની રહ્યો છે. ભારે પગે ઘર નજીક આવ્યો. હૃદય હવે ચિન્તા ભારથી વિહ્‌વલ બન્યું હતું. પણ...આ બાજુ પરિસ્થિતિ જુદી થઇ હતી.

ઉગ્ર પ્રકૃતિની પત્ની શાંત બની ગઈ હતી પતિને જોતાં જ આનંદથી એની સામે ગઇ. ભીમાના માટે આ પ્રસંગ પહેલો હતો.

સાચી ભક્તિનો પ્રકટ પ્રભાવ—આટલા લાંબા લગ્ન જીવનમાં એમણે કદી આનંદથી વાત નથી કરી. આજે આટલું શાન્ત વાતાવરણ જોઈ ભોળો ભીમ આશ્ચર્ય મુગ્ધ બની ગયો.

પેટ ભરીને પતિ–પત્નીએ વાતો કરી, ભીમાએ સર્વસ્વ દાનની વાત કરી. પત્નીએ ભાવથી પતિના સર્વસ્વ દાનની અનુમોદના કરી.

'પતિદેવ ! દેવાધિદેવનાં દર્શન કરતાં મને યાદ તો કરી હતી ને ?' પત્નીએ પૂછ્યું. 'તને અરે ! તને તો હું કદિએ ભૂલ્યો નથી. સમયે સમયે તારો ભય મને સતાવતો હતો, પણ તીર્થ ભક્તિ મારી વહારે આવી છે. મને એ ભક્તિ ફળી. મારો ભવ સુધર્યો. મારૂં જીવન સુધર્યું અને તારો સ્વભાવ સુધર્યો !' ભીમો બોલતાં બોલતાં હસી પડ્યો.

સાચી ભક્તિ હતી ફળની આશંસા વિનાની આરાધના હતી. માટે જ આત્મ આનંદ એ અનુભવી શકયો.

એ જ દિવસે ગાયનો ખુંટો ખોદતાં નીચેથી સોનૈયાનો ભરેલ ચરૂ નીકળ્યો.

ભીમાને સોનૈયા જોઈ સ્નેહ ન જાગ્યો. ભીમાના હૈયામાં ભગવાનની અપૂર્વ ભક્તિ વસેલી હતી. ભગવાનની ભક્તિના પ્રતાપે મળેલી લક્ષ્મીનો ઉપભોગ ભક્તિમાં જ થાય. આમ વિચારી એ તો ઉપડયો ચરુ લઈને સિદ્ધાચલ પર. મંત્રીશ્વરને સોંપી દેવા તૈયારી બતાવી.

તે વખતે કપર્દીયક્ષ પ્રત્યક્ષ થઈ બોલ્યો કે 'ભીમા ! તારા ભાગ્યથી પ્રસન્ન થઈ મેં આ ચરૂ તને આપ્યો છે. તારી સાચા હૃદયની ભક્તિ ફળી છે. તારી નિષ્કામ ભક્તિ; તારૂં સર્વસ્વ સમર્પણ જગતમાં આદર્શ સ્વરૂપ બનશે. તું જા ! અને આ ચરૂ લઈ જા. એનો સદુપયોગ કરજે.'

દેવને પ્રસન્ન કરવાની ભાવના ન હતી. પણ ભાગ્યે એને સહારો આપ્યો. ભીમો ઘેર જઈ આરાધનામાં વધુ ઉદ્યમશીલ બન્યો.

આત્મ ઉજ્જવલતાનાં અનન્ય પ્રતીકો સમાં જિન મંદિરો જીનબિંબો આપણને અનાયાસે મળ્યાં છે. સુંદર સામગ્રી મળી છે. હવે એનો ઉપયોગ કરતાં શીખો. માનવજન્મની મહત્તા જ્ઞાનીઓએ અનેક રીતે વર્ણવી છે. જો સાર્થકતાનાં સાધનો મળવા છતાં સાધનાથી દૂર રહેવાશે તો આત્મ ઉજ્જવલતા સધાશે નહિ.

તીર્થભક્તિ કરનાર સંસાર સમુદ્રથી જરૂર તરે છે. "તારે તે તીર્થ" અને એ તીર્થને પ્રવર્તાવનાર આત્મ ઉજ્જવલતાના પ્રતીક ણાય છે.

મહાનુભાવો ! ભકિતનો અપૂર્વ અવસર એળે ગુમાવશો નહિ. તિર્યંચો પશુ-પક્ષીઓ પણ તીર્થંકર દેવની આરાધનાથી આસન-સિદ્ધિ થાય છે. તો પછી મનુષ્યની તો વાત જ શું કરવી ?

કાયાની માયાને આપણે દૂર હડસેલવી છે. આત્મ ઉજ્જવલતાને અપનાવવી છે, માટે આજથી જ અરિહંત દેવોની ઉપાસના માટે આપણે કટિબદ્ધ થવું જોઈએ

આત્મઉજ્જવલતાનાં અનન્ય પ્રતીકો સમાં શ્રી જિનાગમ, જિનબિંબ અને જિનચૈત્ય આપણને મળી ગયાં છે. જિનેશ્વર ભ.ના વિરહે એમનાં તારક પ્રતીકો આપણા માટે આત્મનિર્મલતાને પ્રાપ્ત કરવા માટે અમૂલ્ય વારસા સમાં છે. જેને આત્મનિર્મલતાને નોતરવી છે એ ભવ્યાત્માઓ આ અનન્ય પ્રતીકોની ભક્તિ બહુમાન કરી કલ્યાણ સાધી શકશે. જીવનને ઉજ્જવલ બનાવવા આજથી ઉદ્યત બનજો, અને શ્રી જિનેશ્વર ભ.ની ભક્તિ કરી જીવન પાવન કરજો.

"શિવમસ્તુ સર્વજગતઃ"



ૐ અર્હમ્

જીવન જીવવાની કળા

ભા. વદ બીજી ૭ રવિવાર તા. ૧-૧૦-૬૧ સાબરમતી

વ્યાખ્યાન ત્રીજું

પરમજ્ઞાની પરમર્ષિઓ ભવ્ય જીવોના કલ્યાણના કાજે ફરમાવે છે કે—

જગતમાં જન્મ ધારણ કર્યા પછીથી જેને જીવન જીવતાં નથી આવડતું ખરેખર! એનું જીવન જીવનમાં નથી લેખાતું. દુન્યવી સાધન સામગ્રીમાં ચેતન એવો પણ આત્મા જડના સંયોગે જડ જેવો બની જાય છે. જડની દુનિયામાં વિચરતા જડની સાથે જ આકાશમાં ઉડ્ડયન કરતા એ આત્માને જીવન જીવવાની કળા ક્યાંથી પ્રાપ્ત થાય?

પરમજ્ઞાની મહાપુરુષોએ-આર્યદેશ ઉત્તમ કુલ અને ધર્મ સામગ્રી મળવી અત્યન્ત અત્યન્ત દુષ્કર બતાવી છે. પણ એ દુષ્કરની સાધના પાછળ કેટલું જીવન ખર્ચવું પડયું છે? કેટલી મહેનત ઉઠાવવી પડી છે? એનું અજાગ આત્માને ક્યાંથી ભાન હોય?

दुर्लभं मानुष्यम् :—લક્ષાધિપતિને ત્યાં અવતરેલા સોનાના

'सव्वाकला धम्मकला जिणाइ'

જીનેશ્વરના પવિત્ર શાસનમાં તો સર્વકલા કરતાં ધર્મ-કલાને જ અગ્રસ્થાન આપેલું છે. દુન્યવી બધી કળામાં પારંગત થયેલા ને પણ જો ધર્મકળા ન વરી તો સમજી લેવું જોઇએ કે એ મળેલી કળાનો દુરુપયોગ જ કરવાનો !

જેને જીવન જીવતાં શીખવું છે ! જીવન જીવવાની કળાને પામવી છે, એને તો એક ક્ષણ પણ ધર્મ કર્યા વિના ચેન પડે નહિ !

ધર્મ એટલે શું ?

दुर्गति प्रपत्प्राणिधारणात् धर्म उच्यते

દુર્ગતિમાં પડતા એવા પ્રાણીનો જે ઉદ્ધાર કરે તે જ સાચો ધર્મ. જે એ મહાકલાથી વંચિત રહ્યો. એની પાસે જગતની કશી સુખ સામગ્રી હોય કે ન હોય છતાંય એને ચેન નહિ પડે. ભિક્ષુકની પાસે શું હોય છે ? એના રામપાત્ર સિવાય કશું જ નહિ. ગટ્ટરોની ગંદી હવા એનો વીંઝણો બનતી હોય છે. રાત દિવસ કુતરાના અવાજ એને સંગીત સંભળાવતા હોય છે. છતાં ય એના હૃદયમાં ખડકાયેલી આશાની ઇમારતો સેકન્ડે સેકન્ડે એને પીડતી હોય છે.

બીજી બાજુ બંગલામાં મહાલતા મહેરબાન તરફ દૃષ્ટિપત કરો. લાખોની મિલ્કત હોય છતાંય બીચારાને સુખે ઉંઘવા ન મળે. રોજ ડૉકટરની દવા ખાઈને તો એમનું જીવન ચાલતું હોય. બહારથી દેખાતા ખૂબ સુખી તેઓ અંતરથી દુઃખી હોય છે.

જ્યારે જેના હૃદયમાં ધર્મ વસી ગયો, તે પછી ગમે તેવી સ્થિતિમાં હોય પણ....એને એ પોતે કર્મની પરિસ્થિતિ માની શાંતિથી ભોગવી શકે છે.

એકડા વિનાના મીંડા જેવું !:—જ્યાં સુધી ધર્મકલાને જીવનમાં સ્થાન ન અપાયું ત્યાં સુધી પ્રાપ્ત થયેલી બીજી કળાઓ એકડા વિનાના મીંડા જેવીજ લેખાશે. ગમે તેટલાં મીંડા હોય પણ એની કિંમત શું ? વિજ્ઞાનની વહારે દોડતા મહાનુભાવો હૃદયમાં વિચાર જો કે ! અમારા હૃદયમાં ધર્મને સ્થાન પણ છે ખરૂં ? ધર્મનું સાચું સ્વરૂપ જ્યાં સુધી સમજાયું ન હોય ત્યાં સુધી એ ધર્મ હૃદયમાં રુચે પણ નહિ. કદાચ રુચે તો એને આદરી ન શકે અને આદરે તો પૂર્ણ રૂપે પાળી શકે નહિ. માટે જ ધર્મ કળાને હૃદયમાં પહેલું સ્થાન આપવું જોઈએ.

આ કળા જેના હાથમાં આવી એ જ સાચી રીતે જીવન જીવી શકે છે. બીજાને આદર્શ સ્વરૂપ બની શકે છે.

પલ્લીપતિ જયતાક :—મેવાડ દેશમાં કોઈક ઊંચા પર્વતની શ્રેણિ પર પરમાર વંશમાં ઉત્પન્ન થયેલ રાજપુત્ર જયતાક નામનો હતો. છે રાજપુત્ર, પણ સંસર્ગના દોષથી ચોરી કરતાં શીખી ગયો.

“**संसर्गजाः दोषगुणाः भवन्ति**” સજ્જન પુરૂષની સોબતથી દોષ પણ ગુણ રૂપે બની જાય છે; અને દુર્જનના સંસર્ગથી સુગુણ પણ દુર્ગુણમાં ફરી જાય છે. આજે વ્યવહારમાં પણ બોલાય છે કે “સોબત તેવી અસર”. જેના વિચારો મજબૂત ન હોય. હૃદયનું સિંહાસન ડગમગતું જ હોય એ તો પછી પાણીની જેમ ફર્યા જ કરે.

પાણીમાં ગમે તે રંગ નાખો પાણી તન્મય બની જવાનું—આજે એવું ઘણું જ બની રહ્યું છે. સંસાર તરફ દૃષ્ટિપાત કરો ત્યારે ત્યાં તેના જેવા જ, અને જ્યારે ઉપાશ્રયમાં કે દહેરાસરમાં જાઓ ત્યારે થોડીક ક્ષણ માટે ત્યાંના જેવા. સંસર્ગની અસર બહુ જ ઉંડી થાય છે. રાજપુત્રમાંથી જયતાક ધીરે ધીરે

એ ઇર્ષ્યાની આગમાં દગ્ધ થઈ જાય એમાં નવાઈજ નથી.

ધનદત્ત તો પહોંચ્યો માલવાના રાજા પાસે. રાજાને ભેટ ધરી મોટું સૈન્ય માગ્યું. રાજાએ ધનદત્તને સમજાવ્યું. ભાઇ! યુદ્ધ કરવું એ વાણીયાવટ નથી એમાં ક્ષાત્રતેજ જોઇએ. તમે શાંતિથી ઘેર જઇ સૂઈ જાઓ. તમારું ધન થોડા વખતમાંજ પાછું આવશે.'

'રાજન્! મારી દૃઢ પ્રતિજ્ઞા છે. હુંજ એ પલ્લીપતિને જીતીશ એને હરાવી મારૂં ધન ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત પાછું મેળવીશ ત્યારેજ જંપીશ. માટે આપ મને સૈન્ય આપો- હુંજ એનું નિકંદન કાઢીશ.'

ધનદત્તના આ શબ્દો શું સૂચવે છે? **આવી વૈરવૃત્તિ જ્યાં સુધી હૃદયમાં બેઠી હોય ત્યાં સુધી ધર્મકળાને સ્થાન ક્યાંથી હોય?**

મહાન અકાર્ય:—માલવરાજે તેને મહાસૈન્ય આપ્યું. પોતાના સેનાનીને પણ સાથે મોકલ્યો. ધરતીને ધણધણાવતો ધનદત્ત જયતાક પલ્લી પાસે આવી ઉભો. જયતાકને જાણ થઇ કે આ મહાસૈન્ય સમુદ્ર આગળ હું ટકી શકું તેમ નથી; તેથી છૂપી રીતે જયતાક ત્યાંથી નાસી છૂટ્યો. નધણીયાતું સૈન્ય પણ ભાગવા માંડયું.

ધનદત્ત તેની પાછળ પડ્યો. જયતાકની સગર્ભા પત્નીને તેણે જોઇ. એની વૈરવૃત્તિ ઉકળી ગઈ. હાથમાં રહેલી તલવારથી એનું પેટ ચીરી નાંખ્યું. સાત આઠ માસના તડફડતા ગર્ભને પત્થર પર પછાડી મારી નાંખ્યો.

કેટલું નીચ કૃત્ય! મહાહત્યારો પણ જે ન કરી શકે. એ કાર્ય એક વાણીયાએ કરી બતાવ્યું. સાંભળીને પણ અરેરાટી

પિશાચલીલા તને રૌરવ નરકાવાસમાં ધકેલશે પણ આજથી તારે મારો દેશ છોડી ચાલ્યા જવું.' ધનદત્તનું સમગ્ર ધન લઈ દેશનીકાલની આજ્ઞા ફરમાવી દીધી. ધનદત્તનો વિજયી ઉન્માદ આજે ઓગળી ગયો હતો.

પલ્લીપતિનો માનસ પલટો :—પલ્લીપતિએ જ્યારે એની પત્ની અને બાલહત્યાના સમાચાર સાંભળ્યા. ત્યારે એનું કઠોર કાળજું કમકમી ગયું. આંખમાંથી ઉનાં આંસુની ધાર વહી છૂટી; આજ સુધીના પોતાના કુકર્ત્તવ્ય પર હવે એને નફરત છૂટી. એને સમગ્ર સંસાર દુઃખમય ભાસવા લાગ્યો.

પોતાના અથવા સ્વજન પર દુઃખનો ભાર આવે. નજીકનું સ્વજન મૃત્યુ પામે ત્યારે દુઃખના ભયથી સંસારની અસારતા સમજી જે વૈરાગ્ય થાય તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. આવો વૈરાગ્ય પણ કેટલીક વખત ધર્મ વિમુખ બનેલા પ્રાણીને ધર્મસન્મુખ લઈ જાય છે. પલ્લીપતિને પણ એવો વૈરાગ્ય થયો હતો. પશ્ચાત્તાપના ભારથી એ નીચું મુખ રાખી ચાલી રહ્યો હતો. એટલામાં જ રસ્તામાં એને યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ મળ્યા. ત્યાગની મૂર્તિસમા સૂરીશ્વરને જોઈ મહાપાપમાં જ જેણે જીવન વીતાવ્યું છે એવો જયતાક ભાવથી નમ્યો.

ધર્મ પામવા પણ લાયકાત જોઈએ:—સંસારના દુઃખથી ઉદ્વિગ્ન બન્યો છે. માટે જ એને હૈયે ત્યાગી પ્રત્યે બહુમાન જાગે છે. કર્મના વિપાકને સમજી અથવા તો પોતાના પર દુઃખ આવે ત્યારે સંસારની પરિસ્થિત સમજી. ગમે તે અવસ્થામાં પણ જો સંસાર પ્રત્યે સ્હેજ પણ પરાङ્મુખ ભાવ ન આવે તો તેને ધર્મ સમજાય નહિ. ધર્મ પામવાની યોગ્યતા ત્યારે જ આવે જ્યારે સંસારથી [illegible] ભાવ આવ્યો હોય. મમત્વનો ભાવ દૂર થયો હોય.

જાણવા છતાં હૃદયના ઉંડાણમાં કર્તવ્યના પાલનમાં કશું જ ન આવે તો જીવન સ્થિતિ સુધરવી ઘણી જ મુશ્કેલ બને.

જયતાકે પ્રતિજ્ઞા લીધી. સૂરીશ્વર સાથે રહેલા શ્રાવકો એ ત્રણ દિવસના ભૂખ્યા જયતાકને ભાતું આપ્યું. જયતાક ભૂખને શમાવી ગુરુના ચરણ કમલનો ભાવથી સ્પર્શ કરી એકશિલા નગરી તરફ ઉપડયો.

અજ સુધીનો ચોર, ડાકુ, હત્યારો, હવે આપણી સામે બીજી રીતે ઉપસ્થિત થાય છે. જીવવાની કળા સદ્‌ગુરુ પાસેથી એને મળી ગઈ છે. એનું આંખુંય જીવન હવે પલટાઈ જાય છે.

અજબઅસર:—એકશિલાનગરીમાં જયતાક ઓઢર નામના એક ગૃહસ્થને ત્યાં રહેવા લાગ્યો. ખાવું પીવું અને ઘરનું કામ કરવું માંસ મદિરા જેવી અભક્ષ્ય ચીજો પણ બંધ કરી દીધી. ક્રૂરમુખ દિવસે દિવસે શાન્ત બનતું જાય છે. રૌદ્ર સ્વરૂપ સૌમ્ય બનતું જાય છે

એકજ વખત થયેલ સદ્‌ગુરુનો સંયોગ કેટલો જીવનપલટો કરાવી શકે છે ? જ્યારે તમે તો વારંવાર સદ્‌ગુરુઓના સંયોગમાં આવો છો, સદ્ધર્મનાં અનુષ્ઠાનોની ખૂબ જ આરાધના કરો છો, છતાંય પરિસ્થિતિનું પરિવર્તન દેખાય છે ખરૂં ?

એક એક અનુષ્ઠાનની પાછળ એના હાર્દનું ચિંતન કરતો આરાધક જો તન્મયતા પૂર્વક તે તે અનુષ્ઠાનોનું આચરણ કરે તો જ તે પરમ શાન્તિને પામી શકે.

બાકી એજ અનુષ્ઠાનો ને વેઠ વાળવા પૂરતાં કરી જવાં હોય ભાર ઉતારવા જેવું જ એમાં ભાસતું હોય. તો આનંદને સ્થાને વિષાદનો વાવંટોળ ઉભો થાય એમાં નવાઈ જેવુ નથી.

પલ્લીપતિ પામી જાય અને તમે રહી જાઓ, એ તો જરા વિચારણીય ખરૂં જ !

અને નોકરના સંપર્કથી શેઠ પણ પામી ગયો. આજે તો શેઠના સંસર્ગમાં આવેલો નોકર એનામાં કંઇ પણ શ્રદ્ધા હોય એને ગુમાવી ન જાય તો સારૂં!

ઓઢરની શ્રદ્ધા ખૂબ વધી ગઈ. સુદેવ, સુગુરુ અને સદ્ધર્મની આરાધના એના અંતસ્તલને સ્પર્શી ગઈ.

સૂરીશ્વરના ચરણોમાં એણે મસ્તક નમાવી કહ્યું. 'ગુરુદેવ! આપે મને ધર્મરુપ મહામૂલ્ય રત્ન આપ્યું છે. જીવન જીવવાની કળા આપે મને બતાવી છે. માટે મારા પર અનુગ્રહ કરી. આ રિદ્ધિ સિદ્ધિમાંથી કંઈક સ્વીકારો.!'

કંચન અને કામિનીના ત્યાગી :—ઓઢર! સાધુધર્મને અંગીકાર કરનાર કંચન અને કામિનીને સ્પર્શી શકે નહિ. છક્કાય જીવની વિરાધનાથી એ સર્વથા વિરતા હોય. છ કાય (પૃથ્વી, પાણી. અગ્નિ. વાયુ, વનસ્પતિ, ત્રસકાય)ની વિરાધના સુસાધુઓ મન, વચનકાયાથી કરે નહિ કરાવે નહિ કરતો હોય તેને અનુમોદે નહિ.

સાધુધર્મ એ સર્વત્યાગનો પંથ છે. સાધુધર્મને સ્વીકારનાર સમાજની શેહમાં ફસાઈ પોતાના સાધુત્વનું લીલામ કરે નહિ. કેટલીક વખત સમાજ સાધુને પોતાની પ્રવૃત્તિમાં ફસાવવા મહેનત કરે, અને પ્રતિષ્ઠાના લોલુપી સાધુ જો એમાં ફસાયતો એનું સાધુપણું ટકે નહિ.

સાધુપના કઠિન હૈ ચડના પૈડ ખજૂર ।
ચડે તો ચાખે પ્રેમરસ પડે તો ચકનાચૂર ॥

આંધળી પ્રતિષ્ઠામાં જીવનની જવાબદારીને જે ટાઈમે સાધુઓ ભૂલશે એ વખતે અનેક અસદ્ આચરણનો માર્ગ ચાલુ થશે. એનો બોજો એમના જ શિરે રહેશે. કેટલીક વખત સમર્થ ગણાતા પણ સાધુઓ પ્રતિષ્ઠાની ખાતર "માઈક"

રના માટેનો કંઈક ઉપાય બતાવો.' ઓઢર શ્રાવકે આચાર્યશ્રીને ફરી વિનંતી કરી.

નૂતન ચૈત્યનિર્માણ:—આચાર્ય યશોભદ્ર સૂરિજીએ જણાવ્યું. 'મહાનુભાવ ! જો તમને ધર્મપર શ્રદ્ધા હોય, ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કરવાની ભાવના હોય તો એક જિનપ્રાસાદ બંધાવવામાં ચંચલ લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઇએ. સંસારનાં કાર્યો પાછળ ધનવ્યય કરનાર સાચી આત્મશાન્તિને મેળવી શકતો નથી. તમારી ભાવના હોય તો આ માર્ગ ઉચ્ચ કોટિનો છે.'

પુણ્યશાલી ઓઢરે ગુરુનું વચન અંગીકાર કરી નવીન-જિનાલય નિર્માણ કરવાનું કામ પ્રારંભી દીધું. અને આચાર્યશ્રી યશોભદ્રસૂરિજીના વરદહસ્તે એ જિનાલયની પ્રતિષ્ઠા પણ થઇ ગઈ. ઓઢર શ્રાવક ભાવ ભક્તિથી જિનપૂજા કરી રહ્યો છે.

એક વખત ઉજાણીમાં વાપરવા માટે જયતાકને ઓઢર શેઠે પાંચ કોડિ આપી. જયતાક ઉજાણીમાં ગયો પણ એને કશું જ ખરીદવા જેવું લાગ્યું નહિ. ઓઢરશેઠને ત્યાં એને ખાવા પીવાની કોઈ કમી ન હતી. જે ઓઢરશેઠ જમતા એજ જયતાકને પીરસાતું !

ઉદારચરિત બનો:—આવો ઉદાર ભાવ આવ્યા વિના સાચો સમભાવ પ્રકટશે નહિ. વિશ્વ કલ્યાણની વાતો થાય છે પણ ઉદાર ભાવ આવ્યો છે કે કેમ ? એની ચકાસણી થોડી જ થાય છે.

यो निजं वा परो वेति, गणना लघुचेतसाम् ।
उदार चरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥

આ પોતાનું આ પારકું એવી વિચારણા તો ટૂંકા દિલ-

જાય છે. માટેજ સન્માર્ગને પામવા માટેની યોગ્યતા પણ હણાતી જાય છે.

જયતાક નાચી રહ્યો છે. દ્રવ્ય કરતાં પણ ભાવ વધી જાય છે. તમને તો ભગવાન આગળ નાચતાં પણ કદાચ શરમ આવે!

રાવણ અને મંદોદરીનું ભાવભીનું નૃત્ય સાંભળ્યું હશે? પોતાના દ્રવ્યની પુષ્પપૂજા કરતાં હર્ષઘેલા બનેલા જયતાકનાં નયનોમાંથી આનંદાશ્રુનો પ્રવાહ વહી રહ્યો છે. ભાવભીના હૃદયે પ્રાર્થના કરતાં જયતાક બોલ્યો.

ભગવન્! "તારી પૂજાનું મને કંઈપણ ફળ મળતું હોય તો ખૂબ ઉત્સાહથી આનંદથી ભકિત ભાવપૂર્વક ભવોભવ તારી પૂજા કરી પવિત્ર થઈ શકું, તેવી પૂર્ણ શક્તિ મળો." સંસારના રસની ખેવના પણ એને નથી રહી. માગીમાગીને એણે શું માંગ્યું? ભવોભવ ભગવાનની સેવાજ.

એની પૂજા એના આત્માને અમરત્વના આરે લઇ જઈ રહી છે. છેલ્લે છેલ્લે સમાધિપૂર્ક ઓઢર કાલધર્મ પામી પાટણના મહામંત્રી ઉદયન થાય છે.

જયતાક પલ્લીપતિએ પર્યુષણાનો ઉપવાસ કર્યો. પારણે એની તબીયત બગડી. સમાધિપૂર્વક અરિહંતના શરણને સ્વીકારી જયતાક ત્રિભુવનપાલના પુત્ર **કુમારપાલ** તરીકે ઉત્પન્ન થયા.

યશોભદ્ર સૂરીશ્વરજી કવિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થયા. માલવરાજે ધનદત્ત સાર્થવાહને દેશ નીકાલ કર્યો હતો. તે તાપસી દીક્ષા અંગીકાર કરી તપ તપી સિદ્ધરાજ જયસિંહ થયો.

જે પૂર્વભવમાં શેઠ હતા એ આ ભવમાં મંત્રી થયા. અને પલ્લીપતિ જયતાક નોકર હતા તે અઢાર દેશના અધીપતિ ... પાલ ભૂપાલ થયા.

ॐ અર્હમ્

શ્રી સંઘ ભક્તિ

ભા. વદ ૯ સોમવાર તા. ૩-૧૦-૬૧ ડોશીવાડાની પોળ

વ્યાખ્યાન ચોથું

लक्ष्मीस्तं स्वयमभ्युपैतिरभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वः श्रीस्तंपरिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालिंगति
यः संघं गुणराशिकेलिसदनं श्रेयोरूचिः सेवते ॥

જૈન શાસનમાં જિનેશ્વરની આજ્ઞા અનુસાર ચાલનાર શ્રીસંઘનું ઘણું જ મહત્વ બતાવ્યું છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિ કરનાર બહુમાન કરનાર સાચી આત્મશક્તિ ને પામી શકે છે.

સંઘ બળ:—'संघेशक्तिः कलियुगे' કલિયુગમાં પણ જ્યાં સમુદાય–સંઘ હોય ત્યાં શકિત રહેલી છે. કારણ કે એ સંઘની દોરી સંચાલક તરીકે શ્રી અરિહંતો છે. 'संहतिः कार्यसाधिका' માણસોને એકત્રિત થયેલો વ્યવસ્થિત સમુદાય કાર્ય સાધી શકે છે. પણ 'मुण्डे मुण्डे मतिर्भिन्न। कुण्डे कुण्डे

તેવી જ રીતે શ્રી સંઘની ભક્તિ કરનારને તીર્થંકરપણું તો–મળી જ જાય. ચક્રિપણું દેવેન્દ્રપણું તો પ્રાસંગિક–તૃણની જેમ ગણાય છે, જે શ્રીસંઘના મહિમાનાં ગુણગાન બૃહસ્પતિ પણ પોતાની વાણીથી કરી શકે તેમ નથી. પાપને હરણ કરનાર એવો શ્રીસંઘ સજ્જનોના મંદિર (ઘરને) ચરણ કમલથી પવિત્ર કરો.

સંઘ ભક્તિ કરનાર તીર્થંકરપણું પણ પામી શકે છે–

આવી અનુપમ શ્રીસંઘ ભક્તિ તમને મળી છે, પણ જ્યાં સુધી સંઘ ભક્તિની ભાવના જાગે નહિ, ત્યાં સુધી સાંસારિક મોહ દૂર ભાગે નહિ.

સંખ્યાનો વ્યામોહ નકામો છે:—અહિં શ્રીસંઘ ભક્તિની વાત ચાલી રહી છે. તે વચ્ચે એક વાત તમને જણાવી દઉં કે! આજે કેટલાક બોલે છે કે! જૈનોની સંખ્યા ઘટતી જાય છે; માટે ગમે તે રીતે ધર્મપ્રચાર કરીને પણ સંખ્યા વધારવી જોઈએ પણ આ વ્યામોહ નકામો છે. આપણે તો એવું ટોળું ઉભું કરવાની કોઈ જરૂર નથી. શ્રીજિનેશ્વરની આજ્ઞાને બહુમાનપૂર્વક સ્વીકારનાર થોડી પણ સંખ્યા જો હશે તો એ કાયકર નીવડશે.

શ્રીજિનેશ્વરની આજ્ઞાનો ઇન્કાર કરનાર ઘણી પણ સંખ્યા હશે તો એ સંઘબળની પૂરક નહિ બની શકે! હું તો તમને કહું છું કે શ્રીજિનની આજ્ઞા પર રૂચિ જગવતાં શીખો. જ્યાં સુધી આજ્ઞા પર અરૂચિ હશે ત્યાં સુધી લાખોને ક્રોડોની સંખ્યા પણ નકામી ઠરશે–સંઘનું બહુમાન પણ અરિહંતોની આજ્ઞાને જ આભારી છે.

"નમો તિત્થસ્સ"

તીર્થના સ્થાપક અરિહંતદેવો પણ "નમો તિત્થસ્સ" બોલીને

શાસન પ્રભાવનાનું પ્રતીક :—ચતુર્વિધસંઘની સેવા શાસન પ્રભાવનાના પ્રતીક સમી છે. કદાચ કોઈ નિર્બલ જીવ હોય તો એને પણ તે વખતે એવું થઈ જાય કે મારી આ ભક્તિ એ શ્રીસંઘ ભક્તિ છે. આ સંઘ ભક્તિને હું પોતે લાયક ન હોવા છતાં મારી ભક્તિ થાય છે તો જરૂર મારે હવે જીવનમાં કંઈક કર્તવ્યને અદા કરવા જાગૃત થવું જોઇએ. આવી ભાવનાના બળે પણ કોઈક જીવ ચોક્કસ પામી જાય.

સાથે સાથે સંઘભક્તિ સ્વીકારનારે પણ ખૂબ જાગૃત રહેવું જોઈએ; કે આ ભક્તિને સ્વીકારવાની અમારી લાયકાત કેટલી? ભક્તિ કરનાર તો પુણ્ય ઉપાર્જન કરે છે; પણ સ્વીકારનાર જો સાવચેતી ન રાખે તો કોઈક વખત પુણ્યપથથી પતન થવાનો પણ સમય આવી લાગે.

પ્રભાવનામાં પરિવર્ત્તન કેમ આવ્યું ?

प्रकारेणाधिका मातः ! भावनातः प्रभावना ।
भावना स्वस्य लाभाय; स्वान्ययोस्तु प्रभावना ॥

ભાવના કરતાં પણ પ્રભાવના વધી જાય છે. શાસન પ્રભાવનાને જોઈ કેવલ જૈન જ નહિ. જૈનતરો પણ ધર્મ વાસિત બની જાય. ભાવના તો કેવલ પોતાના જ લાભ માટે થાય છે, જ્યારે પ્રભાવના પોતાના અને પરના બંનેના લાભ માટે થાય, પણ એમાં આજે જેવું આચરણ આચરો છો એવું ન જોઇએ!

આજની થતી પ્રભાવનામાં કેટલું પરિવર્તન આવ્યું છે? એ જાણો છો? જાણે યાચકવૃંદ એકઠું થયું હોય તેવું આચરણ થાય છે. પણ જો શુદ્ધ ભાવનાપૂર્વક આપનાર હાથ જોડીને આપે અને લેનાર હાથ જોડીને લેતાં શીખે તો જે શીસ્ત અને સભ્યતાનું અવળું પ્રદર્શન થઈ રહ્યું છે એ કદિ ન થાત ! ખરી રીતે જોતાં આજની પ્રભાવનાઓ પણ કેટલાક આત્માઓને

છરીનાં નામ આ પ્રમાણે છે........!

सम्यक्त्वधारी पथि पादचारी; सचित्तवारी वरशीलधारी
भूस्वापकारी सुकृती सदैकाहारी विशुद्धां विदधाति यात्राम् ॥

૧. સમ્કૃત્વ ધારી. ૨. માર્ગમાં પગેથી ચાલનાર. ૩. સૂચિત્તનો ત્યાગી. ૪. શ્રેષ્ઠશીલને ધારણ કરનાર (બ્રહ્મચારી). ૫. ભૂમિસંથારો કરવાવાળો. ૬. એકાસણું કરનાર, આ પ્રમાણે છરી ને પાળતા જે યાત્રા કરવા જાય તેજ શ્રીતીર્થયાત્રા સાચી ગણાય.

આજની ટ્રેઇન યાત્રા :—આજે તો સગવડીયો ધર્મ વધી ગયો છે. ટ્રેઈનમાં ઉપડયા યાત્રાએ. ત્યાં ન હોય સચિત્તનો ત્યાગ. ન હોય વ્રત પચક્ખાણ. તીર્થયાત્રાને બદલે પર્યટનો વધી ગયાં. સાધનો અને સામગ્રી વધી પછી દિવસો શા માટે બગાડવા ? પણ એ યાત્રા તીર્થયાત્રાનું સંપૂર્ણ ફળ નહિ આપી શકે. આવી યાત્રાના પરીણામે તીર્થસ્થાનોમાં જઈને પણ અભક્ષ્યાહાર વધી ગયા. રાત્રી ભોજનના ત્યાગ ને બદલે રાત્રે તો ચા ને ચેવડો ઉડાવવા ખાસ જોઈએ જ. પણ ધ્યાન રાખજો કે !

अन्यक्षेत्रे कृतं पापं; तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतंपापं; वज्रलेपो भविष्यति ॥

બીજા ક્ષેત્રોમાં આચરેલ પાપ તીર્થસ્થાનોમાં જવાથી દૂર થઈ શકે પણ એ જ પવિત્ર તીર્થસ્થાનોમાં કરેલું પાપ વજ્રલેપ સમાન નીકાચિત બની જાય છે.

ત્યારે વિચાર જો કે ! તીર્થયાત્રાની કિંમતં કોણે ઘટાડી ? સાધનો વધ્યાં એટલે પાપારંભો પણ વિશેષ વધ્યા. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આદિ ચતુર્વિધ સંઘ સાથે પગે ચાલતાં જે તીર્થયાત્રા થાય છે, એજ ભવોદધિથી તારવાવાળી બને છે.

પણ દૃષ્ટિરાગ મહાક્રૂર છે. સજ્જન પુરુષો પણ એ દૃષ્ટિરાગને દૂર કરી શકતા નથી....સાથે સાથે એ વાત પણ ધ્યાન રાખવી ઘટે કે–ગુણીના સુગુણો જોઈને કદાચ એ ગુણી પર રાગ જાગ્યો હોય તો વાંધો નથી. વ્યક્તિરાગને બદલે જો સંઘરાગ જાગી જાય તો જ કલ્યાણ થઈ જાય.

પવિત્ર રજ :—મહામંત્રી વસ્તુપાલ ઉઘાડા પગે શ્રીસંઘની સામે જાય છે. જે બાજુ જઈ રહ્યા છે એ બાજુનો પવન વાઈ રહ્યો છે. જેથી ધૂળ ઉડી ઉડીને મંત્રી પર પડી રહી છે. આ જોઈ નજીક રહેલા એક સેવકે કહ્યું.

'મંત્રીશ્વર! આપ આ બાજુ છોડી બીજી બાજુ ચાલો. ઉડતા ધૂળના ગોટેગોટા આપના ઉપર પડે છે. આપનું શરીર બગડશે. આપ જેવાએ શરીરને સાચવવું જરૂરી ગણાય.'

મંત્રીશ્વર હસીને બોલ્યા 'ભાઈ! પવિત્ર તીર્થાધિરાજને સ્પર્શીને આવતા શ્રીસંઘની આ ઉડતી રજ પણ પવિત્ર છે. શુભ ભાવનાં અમી એમાં છંટાયેલાં છે. આ રજ તો મને આજે પવિત્ર બનાવી રહી છે. શરીર નશ્વર છે. એની ખાતર તો અનેક જન્મમરણ કર્યા. આવો પવિત્ર સમય આજે મળ્યો છે. એને હું શા માટે જવા દઉં?' મંત્રીશ્વરનો આ જવાબ સાંભળી સહુ આશ્ચર્યમગ્ન બન્યા.

મંત્રીશ્વર અને પૂનડ બંને ખૂબ ભાવથી ભેટયા. ધોળકામાં ઠાઠથી સંઘનો પ્રવેશ કરાવી, વસ્તુપાલ જાતેજ બધાનું બહુમાન કરે છે. બધા સાધર્મી બંધુઓના દૂધથી પગ ધોઇ તિલક કરી જમવા બેસાડે છે.

ગુજરાતનો મહામંત્રી પોતાની જાતે બધાને પીરસે છે. સાથે સાથે નાગપુરનો સંઘ પણ વ્યવસ્થિત બેસી જાય છે. નથી ત્યાં હોહા થતી કે નથી ગરબડ થતી. શાંતિપૂર્વક નમ્રતાથી બધા સંઘ

જગતમાં ફેલાવીએ—અને આ રીતે આરાધનામાં મજબૂત બનેલ આગળ વધેલ શ્રી સંઘ ભક્તિને હૃદયમાં સ્થાન આપીએ એજ હિતાવહ છે....




— પુષ્પ અને પરાગ —

જીવનમાં પ્રત્યેક પળ સાવધાનીમાં વિતાવવા છતાં પ્રમાદનો પ્રવેશ થઈ જાય તો શ્રીનવકારનું સ્મરણ કરવું.

માનવ જો દાનવ બનતો હોય તો તેનું કારણ કેવળ સ્વાર્થ લંપટતા જ છે.

સ્વમાન ઘાતમાં ઉકળી જનાર અન્યનું અપમાન ઉલ્લસિત હૃદયે કરે એ કેટલી અધમતા ?

પરોપકાર કરતાં ન આવડે તો કંઈજ નહિ પણ હસતે મુખે પરાપકાર કરવા કદિ પ્રેરાશો નહિ.



શ્રાવક કહેવાય કોને ?

श्रद्धालुतां श्राति जिनेन्द्रशासने;
धनानि पात्रेषु वपत्यनारतम् ।
करोति पुण्यानि सुसाधुसेवनात्;
अतोऽपि तं श्रावकमाहुरुत्तमः ॥

જિનેશ્વરના શાસન પર જેને શ્રદ્ધા હોય; પાત્રને વિષે ધનનું જે વપન–દાન કરતો હોય; સુસાધુની સેવાથી જે પુણ્યોપાર્જન કરતો હોય; તેને ઉત્તમ પુરુષો શ્રાવક કહે છે અથવા શ્રદ્ધા વિવેક ક્રિયાને જે વરેલો હોય તેને શ્રાવક કહેવાય.

આવા શ્રાવકની, સુશ્રાવકો એ શકિત મુજબ અવશ્ય સેવા કરવી જ જોઈએ. વાર્ષિક કૃત્યોમાં સાધર્મી ભકિતને ખૂબ જ વર્ણવી છે. જેમ પોતાના સંબંધી વર્ગને જોઈ હૃદયમાં આનંદનાં પૂર ઉછળી પડે છે, હેતથી સંબંધીને ભેટી પડો છો, તેવો જ આત્મીયભાવ સાધર્મી પ્રત્યે આવવો જોઈએ.

સમાન ધર્મનું આચરણ કરનાર સાધર્મી સેવાનો શુભ અવસર મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે.

ભકિતનું મહત્વ

एगत्थ सव्व धम्मा; साहम्मिअ भत्ति एगत्थ ।
बुध्धितुलाए तुलिआ; दोवि अतुलाओ भणियाओ ॥

એક બાજુ સર્વ ધર્મ અને બીજી બાજુ સાધર્મિક ભકિતને મૂકો. બુદ્ધિ રુપી ત્રાજવાથી જો એને તોલવામાં આવે તો બંને અતુલ છે–સમાન છે.

અર્થાત્ સર્વ પ્રકારના ધર્મની આરાધના અને સાધાર્મિક ભકિત બંને સમાન ફલદ છે. શકિત હોવા છતાં જે ધનવાન ગૃહસ્થ

વાહ બોલાવવાની ઇચ્છા જાગે, એના માટે પ્રયત્ન પણ થાય ત્યાં સેવાનો શુભ ઉદ્દેશ તૂટી જાય છે. સેવાને નામે જ કુસેવાનાં કાળાં કર્મો આદરાય છે.

શાસ્ત્રોમાં કોને શું આપવું? એના માટે પણ નિયમો નક્કી કર્યા છે. જે ધર્મને ન પામ્યો હોય એવી વ્યક્તિને અનુકંપા બુદ્ધિથી ખાવા પીવા, પહેરવા, ઓઢવા બધું સાધન આપવું જોઈએ, પણ પૈસા તો અપાય જ નહિ. કારણ તે પૈસાથી કદાચ અનાચાર સેવે તો ?

જે આરાધના કરી રહ્યો છે, જેનું આચરણ ધર્મવાસિત છે, એવી વ્યક્તિને ધન પણ અવસરે આપવું જોઇએ. શક્ય તેટલી બધી જ મદદ કરવી જોઇએ.

સાધર્મી ધર્મમાં વધુ ને વધુ દૃઢ બને એના માટે પ્રયત્નશીલ થવું જોઇએ. આનું નામ જ સાચી ભક્તિ.

આદરભાવ કેળવતાં શીખો :—સાધર્મી ભલે ગરીબ હોય પણ એને આદરભાવથી નીહાળતાં શીખવું પડશે. બીચારા. અને બાપડા શબ્દથી નવાજવા જતાં તમારા હૃદયમાં એ સાધર્મી પ્રત્યે કદિ બહુમાન નહિ આવે.

હૃદયમાં એમ થવું જોઇએ કે 'લક્ષ્મી તો પુણ્યના યોગે મળી જાય પણ ધર્મારાધન તો મહાપુણ્યોદય હોય તો જ મળે. અને એ ધર્મને વરેલો મારો સાધર્મી જ્યાં સુધી ખરાબ સ્થિતિમાં જીવતો હોય ત્યાં સુધી મને સુખે અન્ન પણ ન ભાવવું જોઇએ.' સમાન ધર્મી શ્રાવકોપર જો આવો આદરભાવ કેળવાઈ જાય તો માની લેવું જોઈએ કે તેમને ધર્મારાધન પચ્યું છે. શાસન પ્રત્યે અવિહડ પ્રેમ જાગ્યો છે.

અરે! આજની વાતો લગભગ જુદી જ થઈ ગઈ છે. તમારા

ચૌદ રાજલોકમાં ભમતા સર્વ જીવો કર્મને વશ છે, જેથી સદાચરણ અને અસદાચરણનું યુગલ દૃષ્ટિ સામે તરવરતું જ રહેવાનું પણ તેમાં ભક્તિ કરનાર દોષનો ભાગી બની જાય એવું માનવાની જરાએ જરુર નથી.

હકીકતમાં કેટલીક વખત એવું બની જાય છે, કે આવી આવી કુકલ્પનાઓ કરવાથી ધર્મારાધનથી, સાચી સેવાથી વિમુખ બની જવાય છે.

પારસમણિના યોગે :—જો તમારી સાધર્મી ભક્તિ હૃદયપૂર્વકની હોય; પાત્રાપાત્રની વિચારણા દ્વારા એ ભક્તિયોગ સધાતો હોય તો કેટલીય વખત એવું પણ બની જાય કે તમારા સાહચર્યથી નિર્બલ મન વાળો સાધર્મી નિર્મલ પણ બની જાય.

પારસમણિના યોગથી કથીર પણ કંચન બની જાય, એમાં કથીરની યોગ્યતા કરતાં પારસમણિનો સંસર્ગ વધુ ઉત્તેજક છે.

સાચી સેવા હજુ સમજાઇ નથી; અને દુનિયાના પ્રવાહમાં તણાઈ જઈ સેવાની મોટી મોટી વાતો કરવી છે. આ બંને વાતોનો કદિ મેળ બેસે જ નહિ.

ભક્તિ એ કોઈ બજારૂ ચીજ નથી એ તો અંતરના ઉંડાણમાંથી ઉપસી આવે છે. આવી અનુમોદનીય ભક્તિ કરનાર મહાભાગ્યશાળી સાધનાના સોપાને જલ્દી પગરવ માંડી શકે છે.

કદાચ શક્તિ ન હોય તો સાધર્મી સેવા ન થાય એ બને પણ હૃદયનો પ્રેમ તો અતૂટ રહેવો જોઇએ, અને એ હૃદય પ્રેમ એક દિવસ જરૂર કર્ત્તવ્યની કોટિમાં ઉતરશે, હૃદયપ્રેમ જાગશે ત્યારે ધર્મની, ધર્મને આચારનાર કોઈ પણ વ્યક્તિની ક્યાંય પણ નિંદા થતી હોય, (પોતે તો નિંદા કદિ કરે જ નહિ) એના હૃદયમાં ખૂબ આઘાત લાગે.

બરણાદીમાં ફેરવાઈ જશે. ઝાંઝણશા સવારમાં બધાંના જાગ્યા પહેલાં જાગતા. શ્રીસંઘ પ્રયાણ કરે પછીથી પોતાના બે હજાર અંગરક્ષકોને લઈ સંઘની પાછળ પાછળ બધાની ખબર રાખતા પ્રયાણ કરતા.

પાલીતાણાની યાત્રા કરવા જતો સંઘ કર્ણાવતી પહોંચ્યો. કર્ણાવતીના ભાટે જઈ સારંગદેવ રાજાને ખબર આપી.

'મહારાજા ! ઝાંઝણશા ઘણા માણસોના સમુદાય સાથે જાત્રા કરવા નીકળ્યા છે. અને કર્ણાવતી તરફ પધારી રહ્યા છે.'

મહારાજા સારંગદેવ સમાચાર સાંભળતાં જ પોતાના હાથી ઉપર બેસી વિવિધ પ્રકારના વાજિંત્રોથી ગગનને ગજવતા, ઝાંઝણશાની સામે જાય છે. ઝાંઝણશા અને સારંગદેવ આનંદથી ભેટી પડ્યા........મહારાજા સારંગદેવને ઝાંઝણશામંત્રી પોતાના સાધર્મી બંધુઓની ઓળખ આપે છે.

સારંગદેવ ઝાંઝણશાના વિવેકને નમી રહ્યો. તેને થયું કે આવો મહાપુણ્યશાલી પુરૂષ જો મારે ઘેર પધારે તો કેવું સારૂં ?

સારંગદેવનું આમંત્રણ :—સારંગદેવ પોતાના રાજ-મહેલમાં જઈ. ઝાંઝણશાને પોતાના ખાસ સારા સારા માણસો સાથે જમવાનું આમંત્રણ મોકલાવે છે. સારંગદેવનો મંત્રી ઝાંઝણશા પાસે આવી કહે છે કે 'મંત્રીશ્વર ! મહારાજ સારંગદેવ આપને આમંત્રણ આપે છે કે આપના સંઘમાંથી જે આપને યોગ્ય લાગે તે બે પાંચ હજાર સારા સારા માણસોને લઈને આપ રાજમહેલમાં જમવા પધારો.'

મંત્રીની વાત સાંભળી ઝાંઝણશાએ હસતાં હસતાં જવાબ આપ્યો. 'મત્રીશ્વર ! મહારાજનું આમંત્રણ મારે શિરોમાન્ય છે પણ હું આ રીતે આવી શકું તેમ નથી.'

આથી વખત સારંગદેવ રાજા પોતે ઝાંઝણશાને આમંત્રણ આપવા આવે છે. કર્ણાવતીના મહારાજાને પણ મંત્રીશ્વરે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું 'મહારાજ ! જો મારા બધાજ સાધર્મિકોને આપ આમંત્રણ આપતા હો તો હું આવવા તૈયાર છું. અન્યથા– એક પણ મારા સાધર્મિક બંધુને છોડી હું કદિ નહિ આવી શકું– મારાથી મારા બંધુઓનું અપમાન નહિ જ થાય.'

ઝાંઝણશાના ઉત્તરથી સારંગદેવ સહેજ ક્રોધિત બની ગયો મંત્રીને એની ક્યાં પરવા હતી ? રાજાકર્ણાવતીનો !એમાં ઝાંઝણને શું? જ્યાં સ્હેજ પણ ધર્મ ઘવાતો હોય ત્યાં ધર્મી કદિ નમતું જોખે નહિ. નમતું જોખે તો તેનો ધર્મ ટકે નહિ. આવા વિષમ સમયે રાજા સામે પણ ટક્કર લેનારા મહારથીઓ હતાને ?

ઝાંઝણશાનું જમણ :—રાજાની ગ્લાનિને પારખી તુરતજ ઝાંઝણશાએ કહ્યું. 'રાજન્ ! આપ મારા બધા સાધર્મીને ન જમાડી શકો તો કંઈ નહિ પણ મને આપના સમગ્ર ગુજરાતને જમાડવાનો લાભ આપો.'

રાજાને તો આટલું જ જોઈતું હતું પોતાનું અપમાન કરનાર ઝાંઝણને ઝંખવાણો પાડવો હતો. પણ ઝાંઝણ એમ જાય તેવો નહતો.

રાજાની આજ્ઞાથી એક મહિના પછીથી નિયત દિવસે સમગ્ર ગુજરાતને જમાડવાનું નક્કી કરવામાં આવ્યું. ઝાંઝણશાએ તો સામગ્રી એકઠી કરવા માંડી.

પાંચ પાંચ હજાર માણુસ બેસી શકે એવા સેંકડો મંડપો બંધાવ્યા. તોરણો ધજાઓ અને ધૂપદાનીઓથી વાતાવરણ પણ સૌરભિત બનાવી દીધું. એટલી તો સુંદર વ્યવસ્થા કરી કે જમનારને જરા પણ તકલીફ પડે નહિ. પોતપોતાના સ્થાને જ બધીજ સામગ્રી આવી જાય તેવી જાતની બધી જ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ॐ अर्हम्

સાચા સુખનો સરલ માર્ગ

ભા. વદ ૧૩ શનીવાર તા. ૭-૧૦-૬૧ દેવશાનો પાડો
વ્યાખ્યાન છઠ્ઠું

वीतराग सपर्यायास्तवाज्ञापालनं परम् ।
आज्ञा राद्धा विराद्धा च; शिवाय च भवाय च ॥
आकालमियमाज्ञा ते; हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः ॥

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે, વીતરાગદેવની પૂજા કરતાં પહેલાં તેમની આજ્ઞાનું પાલન કરવા વિશેષ પ્રકારે તૈયાર રહેવું જોઇએ.

ભગવાન શ્રીજિનેશ્વર દેવની પૂજા કરવા છતાં પણ જો એમની આજ્ઞા ઉપર બહુમાન ન હોય. તો એ પૂજનની કોઇ કિંમત નથી. હૃદયમાંએ "અરિહંતોની આજ્ઞા પ્રત્યે જ્યાં સુધી અખંડ પ્રેમ જાગે નહિ ત્યાં સુધી અરિહંતની પૂજાની પણ કિંમત સમજાય નહિ.

પૂજક પૂજા કરવા જતાં પહેલાં પોતાના કપાળે [illegible]

છે. એની પત્ની કાલસુખા હતી. યુવક ધન મેળવવા ઘણા જ પ્રયત્નો કરે છે. ધન પણ ભાગ્ય વિના મળે નહિ! અને ધન વિનાના માણસને તમે ઉપમા શું આપો છો? "વસુ વિના નર પશુ" સ્વાર્થીય દુનિયામાં નિર્ધનની કોઈ કિંમત નહિ. "નાણા વિનાનો નાથીયો, નાણે નાથો ભાઈ" આવી પરિસ્થિતિ ઘણી વખત નજર સામે દેખાય છે.

પેલો યુવક ધન માટે મહેનત કરી પરીણામે હાથ ઘસતો ઘેર આવે છે. એની પત્ની ખૂબ જ કર્કશ વચનો સંભળાવે છે. ઘરમાંથી બહાર નીકળી જવા માટેની ધમકી પણ આપી દે છે!

જોયો સંસાર! જેમાં શાશ્વત સુખો માની બેઠેલા છો. એજ તમારા સંસારની આ વાતો મંડાઈ રહી છે.

જેને તમે તમારા માનો છો તે ત્યાં સુધી તમારા રહેવાના જ્યાં સુધી એમનો સ્વાર્થ તમારાથી પોષાતો હોય, સ્વાર્થ પોષાતો બંધ થતાંની સાથે જ પોતાના માણસને પણ પર માનતાં જરાએ વાર લાગતી નથી.... સંસારની સ્વાર્થીયલીલા આવી જ હોય છે. પેલો યુવક પત્નીનાં કઠોર વચનો સાંભળીને કમકમી ઉઠયો. એના અંતરમાં ઉંડો આઘાત લાગ્યો....જીવન જીવવું પણ કઠીન થઇ પડયું....એક તરફ ભૂખ્યાં બાળકો રોટલાના ટુકડા માટે ટળવળી રહ્યાં છે. બીજી તરફ પત્ની વાણીના તીક્ષ્ણ બાણો વરસાવી રહી છે. રહેવાની કોટડી પડી જવા માટે જ ટકી રહી છે. ઘરમાં ખાવા માટે અન્ન નથી. પહેવા માટે કપડાં નથી. આવી સ્થિતિમાં એ યુવકને જીવન કરતાં મરણ વધુ પસંદ પડે છે.

માનવ લોકમાં પણ નરક :-

कुग्रामवासः कुनरेन्द्रसेवा कुभोजनं क्रोधमुखीच भार्या ।
कन्यावहुत्वं दरिद्रता च षट्जीवल्लोके नरकानि ंसन्ति ॥

મરણના માટે ઉદ્યત થયેલ યુવક ત્યાંથી રવાના થઈ ગયો. પત્નીને મન નિર્ધન પતિ કરતાં મૃત પતિ વધુ પસંદ હતો. ક્યાં એ જાય છે? એ જોવાની એને પડી ન હતી.

આફત પડે જ્યારે શિરે, ત્યારે બધા આઘા ખસે.
જેને પડી તે ભોગવે, બીજા ઉભા સામા હસે. ॥

જગતની સ્થિતિ આવી જ છે. દૂર દૂર જતા પતિને પત્નીએ સંભળાવી દીધું. 'ધન મેળવ્યા વિના જો અહીં આવશો તો ઘરમાં પેસવા જ નહિ દઉં!'

આવા કટુ અને કર્કશ શબ્દોનો ઉત્તર આપવા માટે યુવક નાઈલાજ હતો. એ તો ગયો દૂર દૂરના જંગલમાં. મોટા વડની વડવાઇઓએ દોરડું બાંધી ગળે ફાંસો લગાવી દીધો.

સુખનો રાગ–દુઃખનો દ્વેષ :—પ્રાયઃ કરીને માનવમાત્રને સંસારની સુખસગવડતામાં ઘનિષ્ઠ રાગ અને દુઃખ પર પૂર્ણ દ્વેષ હોય છે. સુખ અને દુઃખની સાચી વ્યાખ્યા સમજાતી નથી, માટે જ હૃદયમાં રહેલ રાગ અને દ્વેષ આવાં ભયંકર પરિણામ સર્જે છે. આભવના દુઃખથી કંટાળેલાને પરભવમાં સોનાનાં સિંહાસનો મળશે. એવું નક્કી છે ખરૂં? જ્ઞાની વિના એવું કોઈ નક્કી કરી શકે ખરો? નહિ જ. છતાંય માની લીધેલાં સુખ દુઃખમાં હર્ષ–વિષાદના વાવંટોળને વિકુર્વિ અનેક આત્માઓ હત પ્રહત બને છે. સન્માર્ગની કેડીથી ભ્રષ્ટ બને છે.

જેમ નાનો બાળક અગ્નિના તણખાને જોઇ એને પકડવા મહેનત કરે છે. એના હિતેચ્છુ એને દૂર કરવા જાય તો બાળક રડે પણ ખરો! કારણ—અગ્નિના તણખાને તે તણખારૂપે માનતો જ નથી.

ઘણી ઘણી વખત આવી જ પરિસ્થિતિ થાય છે. સંસારના

પ્રસન્ન થયા છો ? મારે સુખ જોઈએ છે, પણ એ સુખ કયું માંગવું ? કેવું માંગવું ? વિગેરે હું વિચાર કરીને ત્રણ દિવસ પછી માંગીશ....

દેવ 'તથાસ્તુ' કહી અન્તર્ધાન થઈ ગયા.

હવે પેલો યુવક 'કોના જેવું સુખ માંગવું" એના માટે પરિભ્રમણ કરી રહ્યો છે. દરેક ઘરની તે ચકાસણી કરે છે. કોને કયું સુખ મળ્યું છે ? એ સુખ કેવું છે ? વિગેરે સૂક્ષ્મદ્રષ્ટિ પૂર્વક તે નીહાળે છે.

આમ શા માટે કરી રહ્યો છે ! તે તો તમે જાણતા જ હશો ?

"દૂધનો દાઝયો છાશ ફૂંકીને પીએ." આવી પરિસ્થિતિ જ્યારે ઉભી થાય ત્યારે વિચારવાન પ્રાણી ચારે બાજુની તપાસ કરવા તૈયાર થાય છે બુદ્ધિની કસોટીએ પરિસ્થિતિનાં પાસાની ચકાસણી થાય છે.

પણ....ઘણી વખત આપણી સ્થૂલ દષ્ટિ આપણને ધોખાબાજીમાં નાંખી દે છે. સુખ....સુખ અને સુખ....દરેકને સુખ જોઈએ છે. સુખની શોધમાં બધા જ ભમી રહ્યા છે....સુખ મેળવતાં પણ દુઃખ....ભાંગવતાં પણ દુઃખ....ભોગવ્યા પછી....પણ દુઃખ....સંયોગ વિયોગ....જન્મ, જરા, મરણ....આ બધું જ સંસાર વિનશ્વરતાના પ્રતીક સરખું નથી શું ?

અરે ! આવું સમજવા છતાં જાણવા છતાં....એ સુખો પાછળ કેટકેટલી દોડધામ ચાલી રહી છે ?

યુવક એક જગ્યાએ ગયો. એ ઘરમાં ખૂબ જ ધન હતું. સાત માળનો બંગલો હતો. પતિ–પત્ની વૃદ્ધ હોવા છતાં ખોળાના ખૂંદનારની ખોટ હતી. બિચારાં વૃદ્ધ દંપતિ ચોધાર આંસુએ રડી રહ્યાં હતાં.

અતૃપ્ત આત્મા સુખની ઝંખનામાં તલસી રહ્યો છે.

તેણે એક ઘર જોયું વિનીતપુત્ર. પૈસાનો તો પાર જ નહી. પત્ની હાથ જોડીને પતિ સામે ઉભી રહે. કમાણી પણ ખૂબ જ સુંદર. નોકર ચાકરનો પાર નહિ. રહેવાનું મકાન રાજગઢીની યાદ આપી જાય તેવું હતું.

યુવકનું મન સ્થિર થયું. બસ સુખ માગવું તો આ શેઠ જેવું જ માગવું. એણે નિશ્ચય કર્યો—વધુ નિશ્ચય કરવા માટે જાતે જઈ શેઠને યુવકે પુછ્યું 'શેઠજી! મારે તમારા જેવું સુખ જોઈએ છે. દેવની પાસે વરદાન માગવાનો છું; માટે જ તમને હું પૂછું છું કે–તમે કોઈ વાતે દુઃખી તો નથી ને?'

શેઠનું સુખ :—યુવકની વાત સાંભળી શેઠ હસી પડયા!

'ભાઈ! આધિ વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ સંસારમાં કોઇ સુખી નથી. સંસારનુ સુખ કોઇને ય સુખ આપી શકયું નથી.'

'મહાનુભાવ! અનન્ત જ્ઞાની મહાપુરુષોએ સંસારને હેય બતાવ્યો છે. સંસારનાં સમસ્ત સુખોને હેય બતાવ્યાં છે. જ્યાં સુધી એ સુખોમાં મમત્વ પડયું છે, ત્યાં સુધી માનવ દુઃખની પરંપરાને વધારનાર સુખોને સુખ માની લેવાની મહાભૂલ કરે છે."

भोगे रोग भयं कुले च्युतिभयं वित्ते नृपालाद् भयं ॥

ભોગોમાં રોગનો ભય રહેલો છે. કુલમાં નશ્વરતાનો ભય રહેલો છે. ઘણું ધન મળ્યું હોય તો રાજા, ચોર આદિનો સતત ભય રહેલો છે. જગતની સમગ્ર ચીજો ભયથી ભરેલી છે. ભય માનવને શાંતિથી જીવવા નથી દેતો. સાધનો મળ્યા પછી એને સાચવવાની ટકાવી રાખવાની કેટકેટલી ચિન્તાઓ થયા કરે છે, છતાંય આપણા ધાર્યા પ્રમાણે એ સાધનો ટકી શકતાં નથી.

સાચું સુખ ત્યાગમાં છે:—'ભાઈ! આ સંસાર તો એવો જ છે. સંસારમાં સાચું સુખ કદિ કોઈનેય મળ્યું નથી-મળશે નહિ.'

મધુબિંદુ સમો સંસાર મુંઝાણા મહાલતા એ,
સંસારે સુખી અણગાર જિનેશ્વર બોલતા એ.

આશ્રવનો સર્વથા ત્યાગ કરી સંવરને સ્વીકારનાર સાચા સુખને મેળવી શકે છે. શાશ્વત સિદ્ધિઓનો ભોકતા બની શકે છે.

શેઠના શબ્દોને પેલો યુવક સાંભળી રહ્યો. તેને હવે સમજાયું કે સાચું સુખ મેળવવું હોય તો ત્યાગથી જ મળી શકશે. રાગની આગમાં બળતો કોઈ પણ પ્રાણી સાચું સુખ મેળવી શકે જ નહિ....

શેઠ અને યુવક બંને જણે વૈરાગ્ય વાસિત બની જ્ઞાન ગુરુની નીશ્રામાં ત્યાગ માર્ગને સ્વીકારી લીધો.

માટે જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન જણાવે છે કે

इत्याज्ञाराधनपरा: अनन्ता परिनिर्वृत्ताः ।
निर्वान्ति चान्ये क्वचन; निर्वास्यन्ति तथा परे. ॥

આ પ્રમાણે અરિહંતોની આજ્ઞાનું ભાવથી આરાધન કરનાર અનન્ત આત્માઓ શાશ્વત સુખના ભોકતા બન્યા છે. બને છે અને બનશે.

આપણે પણ સાચું સુખ મેળવવું છે, એના માટેની જ તનતોડ મહેનત ચાલુ છે.

સાચા સુખનો સરલ માર્ગ એક જ છે કે

આશ્રવનો સર્વથા ત્યાગ કરી-
સંવર ભાવને સ્વીકારવો.

ॐ અર્હમ્

શ્રદ્ધા સંજીવની

ભા.વ. ૧૪ રવીવાર તા.૮-૧૦-૬૧ દશાપોરવાડ સોસાયટી

વ્યાખ્યાન સાતમું

અનન્ત જ્ઞાની મહા પુરુષો ભવ્ય જીવોના પરમ કલ્યાણના કાજે ફરમાવી રહ્યા છે...કે:—

ધર્મ અરાધનામાં અગત્યની જરૂર છે શ્રદ્ધાની....શ્રદ્ધાનાં પૂર ઉછળતાં હોય છે તે વખતે અશ્રદ્ધાનો કાદવ આત્મસરિતામાં કદિ ટકી શકતો નથી.

અશ્રદ્ધા જીવનને કલુષિત બનાવે છે. સાધના પરથી સાધકને ચ્યુત કરે છે. શ્રદ્ધા જીવનને નિર્મલ બનાવે છે.

અરિહંત ભગવાનોએ ઉપદેશેલી એક એક ક્રિયાઓનું જો શ્રદ્ધાથી પાલન થતું હોય, તો જરૂર એ ક્રિયાઓ આપણને આત્મોદ્ધારની નજીક મૂકી દે.

જેમ કોઈ જખમી થયેલા માનવને સમરોહિણી ઔષધિનો લેપ કરવામાં આવે તો એનાં જખમ રૂઝાઈ જાય છે, તે નીરોગી બની જાય છે તેવીજ રીતે સંસારમાં આધિ-વ્યાધિના જખમોથી

જીવાના પ્રાણીને શ્રદ્ધા નવજીવન આપે છે એના આધિભૌતિક આધિદૈવિક, આધ્યાત્મિક તાપને ઉપશમાવે છે.

શ્રદ્ધાનું બળ :—સંસારના સમસ્ત બળોમાં શ્રદ્ધાનું બળ અતુલ છે....જીવનમાં કશું જ નહિ કરી શકનાર ઘણા આત્માઓ એક જ શ્રદ્ધાના બળે–જીવન ઉજ્જ્વલ બનાવી ગયા. શ્રેણિક મહારાજાએ નથી કરી કરી જ ક્રિયાઓ. અવિરતિનો પૂરેપૂરો ઉદય હતો નવકારશીનું પચ્ચકખાણ પણ કદિ નથી કરી શકયા. આયંબિલ એકાસણા અને ઉપવાસની તો વાત જ દૂર રહી. એક જ શ્રદ્ધા-દીપક એમના હૃદયમાં ઝલહલતો હતો. એ શ્રદ્ધાના સહારે એમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું....

આરાધના નાની હોય પણ શ્રદ્ધાની મજબુતાઈ ઘણી જ જોઈએ. સાત માળનું મકાન તૈયાર થયું પણ તેના પાયા જ કાચા હોય તો એ મકાનને જમીનદોસ્ત થતાં વાર લાગે નહિ....જેટલી પાયાની મજબુતાઈ તેટલું જ મકાન વધુ ટાઈમ ટકી શકે.

આરાધનામાં પણ શ્રદ્ધાની મજબુતાઈનું પ્રમાણ વિશેષ હોવું જ ઘટે.

શ્રદ્ધા બની એ સત્યથી, તે તો કદિ ફરતી નથી.
શ્રદ્ધા વિહોણી જિંદગી, જગમાં કદિ ફળતી નથી...!

શ્રદ્ધાના સત્ય તેજથી ભરેલી જીંદગી અજ્ઞાનના અંધકારને દૂર હડસેલી મૂકે છે. શ્રદ્ધા રહિત જીંદગી કદિ ફળ આપી જ શકતી નથી.

જડવાદની શ્રદ્ધા :-દિવસે દિવસે જડવાદ પ્રત્યેની શ્રદ્ધા વધતી જાય છે. આજના વૈજ્ઞાનિકોની વાહિયાત વાતો પ્રત્યે જેટલી આપણને શ્રદ્ધા હોય છે, તેના અંશે પણ જ્ઞાનીઓના માર્ગ પર હોય છે ખરી ? સામાન્ય બુદ્ધિના પણ માનવના મગજમાં ન ઉતરે એવી વાત પણ જો વિજ્ઞાનના નામે પ્રચલિત થઈ જાય તો

નીતિ છે. એ નીતિ લક્ષ્યમાં રાખી-મહારાણીએ ચંડપ્રદ્યોતને કહેવડાવ્યું.

'રાજન ! મહારાજા ગયા. હવે મારા માટે તમારો જ આધાર છે.' ચંડપ્રદ્યોત આ શબ્દો સાંભળતાંજ રાજી થઈ ગયા. જેના માટે ભયંકર યુદ્ધ કરવા તૈયાર થયો હતો. એજ મૃગાવતીનો આ સંદેશો ચંડપ્રદ્યોત આનંદથી સાંભળી રહ્યા-જવાબમાં કહેવરાવ્યું-'મહારાણી! તમારા માટે ચંડપ્રદ્યોત આકાશ-પાતાળ પણ એક કરવા તૈયાર છે. તમારું આવું સુંદર રૂપ માલવાધીશના અંતઃપુરમાં જ શોભશે. હું તમારી આતુર નયને રાહ જોઈ રહ્યો છું. માટે જલ્દી આવી મારા મનને પ્રમોદ પમાડો.'

વિષયના વિષથી ભરેલા ચંડપ્રદ્યોતના જવાબને મૃગાવતી શાન્તિથી સાંભળી રહી-એવો જ મધુર જવાબ વાળતાં મૃગાવતીએ ચંડપ્રદ્યોતને જણાવ્યું.

'મહારાજા ! રાજા હમણાં જ મૃત્યુ પામ્યા છે. બાલરાજા હજુ નાના છે. તેમનું રક્ષણ કરનાર કોઈ નથી. માટે આપ (૧) આ નગરીનો કીલ્લો મજબુત બનાવી આપો-કે ચૌદ મુકુટબદ્ધ રાજાઓ આવે તો પણ તે તૂટે નહિ. (૨) ધાન્યથી મારા કોઠાર ભરાવી આપો. (૩) ભંડાર ધનથી ભરપૂર ભરી આપો. બસ આ ત્રણ વસ્તુ પતી ગયા પછી હું નિશ્ચિત થઈ તમારી પાસે આવીશ.'

કામાંધ ચંડપ્રદ્યોત મૃગાવતી કહે તો એના ચરણ પણ ધોઈ પીવા તૈયાર છે. તુરત જ ઉજ્જયનીથી ઈંટો મંગાવી જબરજસ્ત કીલ્લો તૈયાર કરાવ્યો. કોઠાર અને કોષ પણ ભરી આપ્યા. મૃગાવતીના કથન અનુસાર બધું જ કામ પૂરૂં કરાવી આપી, મૃગાવતીને પોતાની સાથે ઉજ્જયની આવવા કહેણ મોકલ્યું...

મૃગાવતીએ દૂત દ્વારા જવાબ વાળતાં સ્પષ્ટ જણાવી દીધું-'મહારાજ હવે આપ ઉજ્જયની પધારો. મારૂં કામ પતી ગયું છે.

વ્યાપાર કરવા માટે તો પૈસાની જરૂર પડે જ ને ? પણ....... એ પૈસા લાવવા ક્યાંથી ? ખૂબ વિચારો કર્યા. અનેક પ્રકારના પ્રયત્નો સેવ્યા પણ બધેથી સાન્તનુ હતાશ બની ગયો. કોઇ ઉપાય સૂઝતો નથી તીવ્ર પાપોદય સાન્તનુને મુંઝવી રહ્યો છે. અન્તે સાન્તનુએ ચોરી કરી ધન મેળવવા વિચાર કર્યો. એ વિચાર એની પત્ની કુંજીદેવીને એણે જણાવ્યો. કુંજીદેવી પતિના વિચારને પારખી ગઈ. પતિદેવને આશ્વાસન આપતાં તે બોલી.

'સ્વામિનાથ ! ચોરી તો મહાપાપ છે. નરકનું દ્વાર છે ! તમારા જેવા ધર્મીષ્ઠ, સત્યપ્રિય વ્યક્તિને આ ન શોભે ! નાથ ! એક ભવના માટે આવાં ઘોર પાપો કરી આપણે કઇ ગતિમાં જઈશું ?'

સુશ્રાવિકાઓ ધર્મને સમજી હોય તો ખરે ટાઈમે પતિને કેવો સદ્બોધ આપી શકે ? અવળે માર્ગે જતા પતિને સન્માર્ગે આવીજ સુશ્રાવિકાઓ લાવી શકે.

માગવા કરતાં મરવું સારું :—કુંજીદેવીને સાન્તનુ જવાબ આપતો જણાવે છે કે 'પ્રિયે ! જો થોડું પણ કંઇ સાધન મળી જાત તો હું આ વિચાર પર કદિ ન આવત. ભગવાન જિનેશ્વરદેવના શાસનને પામેલો આત્મા આવા અધમ વિચારને પ્રવેશવા પણ ન દે ! પણ શું કરું ? મારી પાસે આજીવિકા માટે કશું જ સાધન નથી. કોઈની આગળ હાથ ધરીને માંગતાં હું શીખ્યો નથી. માગવા કરતાં તો મરવું મને વધુ પસંદ છે. કોઈ પણ અવસ્થામાં કોઇની આગળ પણ હાથ ધરીને હું ઉભો રહી નહી શકું....માટે જ ન છૂટકે મારે ચોરીની વિચારણા કરવી પડી છે.'

વિચારણા ચોરી કરવાની છે; છતાંય વિવેક દૃષ્ટિ ગઇ નથી. પાપ કર્મ કરવા પ્રવૃત થતાં પહેલાં જેની વિવેકદૃષ્ટિ જાગતી

સુશ્રાવકો પોતાની ભૂલ પહેલી જુએ. બીજાની ભૂલ જોવાની જાણવાની, વિચારવાની એમને ફુરસદ જ ન હોય.

આજે તો **બીજાના રાઇ જેવડા દોષને પર્વત જેવડા કરવાની. અને પોતાના નાના ગુણને મોટું સ્વરૂપ આપવાની આદત ઘણી વખત નજર સામે જોવાય છે.**

માટે બીજાના ગુણ જોવાનું ઘણું ઓછું થઈ ગયું છે.

જિનદાસને હૃદયમાં પશ્ચાત્તાપ થાય છે. ખૂબ દુઃખ થાય છે કે, મારી છતી શક્તિએ મારા સાધર્મિક બંધુનો હું ઉદ્ધાર ન કરી શકયો.

આ સમયે ધર્મ પામેલા ન હોય એવા અર્ધદગ્ધ ક્રિયાઓ કરનારા શું કરે? સાધર્મિકને વગોવે; ધર્મક્રિયાઓને વગોવે. ધર્મને પણ વખત આવે વગોવતાં વાર ન કરે. આજના કાળમાં તો બોલનારા પણ મળે કે "આવાઓને તો જેલના સળીઆ ભેગા કરી દેવા જોઇએ."

આવા પ્રલાપો કોણ કરાવે છે?

સાચું સાધર્મીવાત્સલ્ય જાગ્યું નથી. સાધર્મી સેવાની હાર્દિક તમન્ના જાગી નથી. જૈન શાસનની આરાધના કરવા છતાં તેનું હાર્દ સારી રીતે સમજાયું નથી માટે જ આવા પ્રલાપો થાય છે.

બાકી તો વ્યવહાર જગતનો પણ કાયદો છે કે **'પાપને નિંદો પાપીને નિંદશો નહિ.'** પાપીને નિંદવાથી તો ઊલટું વધારે પાપ તમે બાંધી રહ્યા છો. જડવાદના જમાનામાં દિવસે દિવસે આવી નિંદાની પ્રવૃત્તિઓ વધતી જાય છે. જેથી કેટલાક બીચારા ભોળા આત્માઓ ભોળવાઇ જઈ ધર્મવિમુખ બની જાય છે.

સુશ્રાવકોનું હૃદય:— સાન્તનુ હાર ચોરી ઘેર ગયો.

જૈન શાસ્ત્રકારો ફરમાવે છે કે....સાધર્મી બંધુને પોતાના ઘેર આવેલો જોઈ જેને આનંદ નથી થતો તેના સમ્યકત્વમાં પણ સંદેહ જાણવો. અર્થાત્ સુશ્રાવકોનું હૈયું પોતાના ત્યાં આવેલા સાધર્મી બંધુને જોતાં જ હર્ષિત બની જાય. જાણે કલ્પવૃક્ષ મારા આંગણે ફળ્યું એવો અપૂર્વભાવ હૃદય મંદિરમાં જાગૃત થઈ જાય.

આનું નામ જ સાચો સાધર્મી પ્રેમ !

આનું નામ જ સાચી સાધર્મી ભક્તિ !

આવો અનન્ય ભાવ જ તમને સાચી સેવાની પ્રેરણા આપી શકે!

અને એજ ભકિતની શકિત મુકિતના મંગલ માર્ગમાં સહાયક બની શકે!

જિનદાસ શેઠ સાન્તનુનો પોતાના ઘેર પધારવા બદલ આભાર માને છે. વધુમાં જણાવે છે કે 'બંધુ! આપ મારા સાધર્મી છો. મારા યોગ્ય કાંઈ પણ કામ હોય તો વિના સંકોચે જણાવો.'

હાર ચોરનારને કયા શબ્દોથી જિનદાસ સંબોધે છે? અરિહંત દેવોનું સાચી ભકિત એમના અંતરમાં વસી હતી. આવા ઉદારચરિત મહાશાસન એમને સત્યરૂપે સમજાયું હતું. સેવનારા જ હોય છે. નુભાવો બીજાના દોષ પ્રત્યે પણ ઉપેક્ષા ભાવ એમનું મન તો પોતાના દોષને જોઈ તે દૂર કરવા, અને બીજાના ગુણને જ જોઈ તેનું ગ્રહણ કરવા હંમેશાં તત્પર હોય છે. સાધર્મીની વાત દૂર રહી વિધર્મી કે અધર્મીના પણ દોષો જોવાનો શાસ્ત્રકાર નિષેધ કરે છે.

જિનદાસના સુમધુર શબ્દોની સાન્તનુ પર ખૂબ જ ઊંડી છાપ પડી. એનો સંશય અને ગભરાટ બીલકુલ ઓછો થઈ ગયો

પુત્ર આગળ બધું જ કહેવાનું કારણ એક જ હતું કે! પુત્ર આ હાર માટે શંકા કુશંકા કરી સાધર્મી પ્રત્યે દુર્ભાવ સેવતો ન થાય.

જીનદાસના જીવન પર લક્ષ્ય આપજો! આરાધના કરતાં કરતાં એનું તન અને મન પણ આરાધનામય બની ગયાં છે. સાધર્મી ભક્તિ એના હૃદયમાં કેટલી વસી હશે? એ પણ આનાથી ઘણું ઘણું સમજવા મળે છે.

પુણ્યશાલીનું દ્રવ્ય: શ્રીજિનદાસ જેવા ધર્માત્મા પુણ્યશાલીનું દ્રવ્ય સાંતનુના પુણ્યના ઉદયમાં સહાયક બન્યું. સાંતનુના લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ થયો હતો, એટલે એને આ દ્રવ્યથી ધીરે ધીરે લાભ મળવા માંડયો એની સ્થિતિ સુધારા પર આવી ગઇ.

પુણ્યની **લક્ષ્મી પુણ્યમાં સહાયક બને છે.** પાપની **લક્ષ્મી આવી હોય તો પુણ્યશાલીને** પણ પાપી બનાવે છે: ધર્મ કર્મથી મનને વિચલિત બનાવી દે છે.

લાવેલ રકમથી વ્યાપાર કરતાં સાંતનુ થોડા સમયમાં અઢળક સંપત્તિશાળી બની ગયો. કુંજીદેવીએ સાંતનુને જણાવ્યું 'સ્વામીનાથ! આપણી સ્થિતિ સુધરી ગઈ છે. કમાણી સારી થઇ છે. માટે શ્રીજિનદાસ શેઠને ત્યાં જઈ વ્યાજ સહિત રકમ આપી આવો.'

સાંતનુ જિનદાસને ત્યાં ગયો. પહેલાં તો લેવા ગયો હતો. અને હવે દેવા ગયો. રકમ ભરી દીધી. શ્રી જિનદાસ શેઠ સાંતનુની સ્થિતિ સુધરેલી જોઈ હર્ષિત બની ગયા. સાધર્મી સુખી થયો હતો. ધર્મારાધનમાં હવે એ નિર્વિઘ્નપણે આગળ વધી શકશે એનો એમને અપાર આનંદ થયો. આજે એમને પોતાનું કર્ત્તવ્ય અદા કર્યાનો સંતોષ હતો.

જવાબમાં શ્રી જિનદાસ જણાવે છે કે–'ભાઈ! તમારી ભૂલ નથી. ભૂલ મારીજ છે હું ગુનેગાર છું માફી મારેજ માગવી જોઈએ.'

કોની ભૂલ અને કોણ માફી માગે છે? આજના યુગમાં આ દૃષ્ટાંત ઘણો જ બોધપાઠ આપી જાય છે. કલિયુગના કારણે ધર્મ પર; ધર્મી પર દુષણોનો આરોપ મૂકનારા આજના નબીરાઓ આ દૃષ્ટાંતથી થોડો ઘણો ધડો લેતાં શીખે તો સારૂં.

ગાદીના વારસદારોને; લક્ષ્મીની ઉપાસના કરનાર, લક્ષ્મી એકઠી કરવા પાછળ રાત દિવસની રખડપટ્ટી કરનાર શ્રેષ્ઠીઓને શ્રી જિનદાસ શ્રાવક ઘણો બોધ આપી જાય છે.

આવી સંપત્તિ હોય તો આવા દીનદુઃખી સાધર્મી સાથે આજના ધનવાનોને ઉંચી આંખ કરવાની ફુરસદ મળે ખરી? ઘણી વખત આવા સાધર્મીઓને અભિમાનમાં અક્કડ બની ગયેલા ધનવાનો હડધૂત કરી અપશબ્દ પણ બોલી નાંખે. કોણ જાણે એમની સંપત્તિની તુમાખી એમને કયાં લઈ જશે?

પશ્ચાત્તાપના સરોવરમાં સ્નાન કરતા સાંતનુ અને જિનદાસ છૂટા પડે છે. બંનેના હ્રદયમાં પ્રાયશ્ચિતની પૂરી તમન્ના જાગી છે.

ભગવાન શ્રી મહાવીર દેવ ગ્રામાનુગ્રામ વિચરતા ત્યાં પધારે છે. સાંતનુ અને જિનદાસ ભગવાન મહાવીર દેવની વાણી સાંભળી દેશના પછી પોતાના પાપનું પ્રાયશ્ચિત માગે છે.

આવા આત્માઓ તો પાપના પશ્ચાત્તાપથી જ પ્રાયઃ શુદ્ધિ સાધી લે છે..

દેશના સાંભળવા આવેલા સજ્જનો બંનેની વાત સાંભળી ભાવથી બંનેને નમી રહ્યા.

સાચી સાધર્મીસેવા આનું નામ. આવી ઉત્તમ આદર્શ સેવા

ॐ અર્હમ્

દાનધર્મની મહત્તા

કેમ્પ સદર આસો સુદ ૬ રવીવાર તા. ૧૫-૧૦-૬૧

વ્યાખ્યાન નવમું

દાન ધર્મની મહત્તા કોઈ અજબ પ્રકારની છે. વ્યવહાર અને ધર્મ બંનેમાં દાન પોતાની અલગ જ ભાત પાડી જાય છે. સુપાત્રમાં આપેલ દાન; ધર્મ અને પુણ્યોપાર્જનમાં પરમ સહાયક બને છે. બીજા પાત્રમાં આપેલ દાન દયાનું કારણ બને છે. રાજાને ધરેલ ભેટ માનમાં વધારો કરે છે કોઈપણ જગ્યાએ કયાંય પણ દાન નિરર્થક બનતું જ નથી.

અભયદાન, સુપાત્રદાન, ઉચિતદાન, કીર્તિદાન, અનુકંપાદાન આમ દાનના પાંચ ભેદ છે. તેમાં અભયદાન જરૂર ઉત્તમ છે. અભયદાનનું સ્થાન પણ ઘણું જ ઉચ્ચતમ છે પણ....આપણે અહિં સુપાત્રદાનનું વર્ણન કરવાનું હોઈ તે તરફ વિશેષ દ્રષ્ટિપાત કરવાનો છે.

દાન દેવાની રુચિ કયારે જાગે ?;—દાન દેવાની રુચિ જાગવી એ પણ કંઈ સહેલ નથી. શકિત હોય, સામગ્રી હોય....

તરફ ઉપેક્ષા ભાવ જ હોવો જોઇએ. તેમાં પણ છદ્મસ્થ ત્યાગીના કદાચ અવગુણ દેખાઈ જાય તો તેને ઢાંકવા પ્રયત્ન કરવો).

આશાતનાનો સર્વથા ત્યાગ....શાસનને પામેલા અવિરતિથી માંડી બધા જ મહાપુરુષો પ્રત્યે આવો જ ભાવ રાખવાનો છે. એમાં સુસાધુ ભગવંતો પર તો વિશેષ હોવો જ જોઇએ.

હૃદયનો પ્રેમ જેમ જેમ વધતો જાય તેમ તેમ ત્યાગીઓના ત્યાગી જીવનની સુવાસ આપણા હૃદયની કુવાસનાને દૂર કરતી જાય.

અપૂર્વ પ્રેમ :—સંસારનો પ્રેમ, સંબંધીઓનો સ્નેહ તો આજ સુધી ઘણો કર્યો, પણ પરમતારક ત્યાગીઓ પરના અપૂર્વ પ્રેમનો અવસર આજ સુધી નથી આવ્યો. ત્યાગીને જોઈ હૈયું થન થન નાચી ઉઠે. મન પ્રફુલ્લ બને. રોમરાજવિકસ્વર થઈ જાય....'મારૂં જીવન એ ત્યાગીના ચરણોમાં ધરી દઉં' એવી ભાવના હૃદયમાં વારંવાર જાગ્યા કરે. પોતાના પરિવારના સ્વાર્થીય સ્નેહ કરતાં ત્યાગીઓનો પરમાર્થીય પ્રેમ આત્માને આકર્ષતો હોય.... તેવા સમયે સુપાત્રમાં આપેલું દાન અપૂર્વ લાભને આપવાવાળું બને છે. શાસ્ત્રકારો તો બતાવે છે કે—

धणसत्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहुणं।
तक्कारणमुसभजिणो, तेलुक्क पियामहो जाओ॥

ધનાસાર્થવાહના ભવમાં સુસાધુઓને જે ઘીનું દાન આપ્યું હતું. એ દાનના પ્રભાવથી ધનાસાર્થવાહ ત્રણ લોકના પિતામહ (નાથ) શ્રી ૠષભદેવ ભગવાન થયા....

રાજ્યથી ભ્રષ્ટ થયેલ ભીમસેન રાજા ભયાનક જંગલમાં ભટકી રહ્યા છે. ખાવા, પીવા, પહેરવા ઓઢવાનું કશું જ સાધન નથી. બાળકો અને પત્ની ભૂખે ટળવળી રહ્યાં છે. ભયંકર આપત્તિને આધીન બનેલ–ભીમસેન મરણને શરણ થવાનો

સુપાત્રમાં યોગ્ય વસ્તુનું દાન કરવાવાળો મહાભાગ્યશાળી આત્મા અંતે પરમ પદનો ભોક્તા બને છે.

શ્રી શાલિભદ્રજીનો પૂર્વભવ:–શ્રીશાલિભદ્રજીની સિદ્ધિથી તમે અજાણ નહિ જ હો ? પણ....એમણે સિદ્ધિ મેળવી હતી કયા પુણ્યથી એ પણ જાણવાની ખાસ જરૂર છે. શ્રીશાલિભદ્રજી પૂર્વ ભવમાં એક રંકને ત્યાં જન્મ્યા હતા. દરિદ્રાવસ્થામાં જ એમનું જીવન પાંગર્યું હતું. કદિ સારૂં ખાવાપીવા પણ મળ્યું ન હતું.

એક વખત મહોત્સવનો દિવસ આવ્યો. ગામમાં બધી જ જગ્યાએ ખીર રંધાઈ રહી છે; જ્યારે આ બાલક પણ માતાને ખીર બનાવવા માટે આગ્રહથી કહી રહ્યો છે. માતાની પાસે કશું જ સાધન નથી. આજે ખાધું હોય તો કાલે શું ખાઈશું એ પ્રશ્ન પણ એમની આગળ હરહંમેશ ઉભો જ હોય છે. મહેનત મજુરી કરી ગુજરાન ચલાવનાર ગરીબ માતા પોતાના પુત્રની ઇચ્છાને સંતોષી શકતી નથી.

હઠે ચડેલો પુત્ર રુદન કરે છે. પુત્રની ઇચ્છા પૂરી ન કરી શકનાર માતા પણ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી છે.

અહિં ખાસ વિચાર કરવાની જરૂર છે. દુન્યવી સાધન સામગ્રીની જેટલી ઇચ્છા થાય તેટલી કદિ સંતોષી શકાતી નથી, માટે જ અંતરમાં સળગતો અસંતોષ આપણને ઘણી વખત અવળે માર્ગે લઈ જાય છે.

તમારા ઘરમાં પણ તમે આવી વ્યથા ઘણી વખત અનુભવતા હશો ? 'બાલક, બાલિકા, પત્ની વિગેરેને અમુક ચીજ અમારે જોઈએ જ છે" આવો હઠાગ્રહ કેળવતાં તમારી નજર સામે તમે જોતા હશો ! પણ....એ ઇચ્છાઓને સંતોષવી એ પણ ઘણી વખત મુશ્કેલી ભરેલું બની જાય છે. પણ જો ઘરમાં

છતાંય માતા ખીર ખાવા બેસી જતી નથી....બાલક ખીરની ભરેલી થાળી જોઈ આનંદથી ખાવાની તૈયારી કરી રહ્યો છે.

મહા તપસ્વી મુનિરાજ:—તેજ ટાઇમે એક મહા તપસ્વી મુનિરાજ પધાર્યા. બાલકની ભાવોર્મિઓ ઉછળવા લાગી....આવા તપસ્વી આજે મારે આંગણે પધાર્યા છે....મારો જન્મ પવિત્ર થયો....મારા આંગણે આજે વિના વસંતે સહકાર ફળ્યો.

રંક બાલકમાં સુપાત્રદાન આપવાના જન્મજાત સંસ્કાર નથી. અરે! કદિ સુસાધુઓને જોયા હશે કે કેમ? એ પણ શંકા છે; છતાંય એ બાલકની ભવિતવ્યતા બલવત્તર હતી. **ભાવીના શુભ ભાવોની આગાહીનું સૂચન આજથી જ થતું** હતું....મહા તપસ્વી મુનિરાજ "ધર્મલાભ" બોલી ઘરમાં પધાર્યા. સૂઝતો આહાર બાલકે મુનિરાજના પાત્રમાં ધરી દીધો. હતી તેટલી ખીર વહોરાવી દીધી. મુનીશ્વરે પણ એના ભાવ ન તૂટે; માટે,....એની તથા પ્રકારની યોગ્ય ભવિતવ્યતા જાણીને આનાકાની કર્યા વિના વહોરી લીધું.

'અમારા ત્યાં સુસાધુ કે સાધ્વીજી મહારાજ પધારે ત્યારે જે સૂઝતાં આહાર પાણી હોય એ એમની આગળ ધરી જ દઈએ'....આવી ભાવના શ્રાવકધર્મના સુઆચારોથી વાસિત હોય તેના ઘરમાં હોવી જોઈએ. ભાવના હોય એમાં આશ્ચર્ય પણ ન ગણાય.

જો કે–વહોરનારે ક્યાં કેટલું વહોરવું? ક્યારે કઈ જગ્યાએથી શું વહોરવું જોઈએ? એ જરૂર વિચારવું જોઈએ. કેટલીક વખત સૂઝતો આહાર હોય, છતાંય ભાવહાનિનું કારણ દેખાતું હોય તો ન જ વહોરાય....

સુપાત્ર દાનની રુચિ ધરાવતા સુશ્રાવકોએ દાનનાં દૂષણોને દૂર કરવાં જોઇએ, અને ભૂષણને અંગીકાર કરવા પ્રયત્ન સેવવો જોઇએ.

શ્રીશાલિભદ્રજીના જીવ, રંક બાલકના હૃદયમાં ખૂબ ખૂબ આનંદ થાય છે. હૃદયથી ખૂબ હસી રહ્યો છે. જો કે એની ખીર ખાવાની લાલસા મટી નથી. ખાવી છે. ખાવા માટે જ ખીર બનાવી છે. લાલસા હજુ પણ છે. છતાં ય દાન દેવાની રુચિ; દાન દીધા પછી અંતરનો શુભ આવેશ કેટલો સુંદર છે. એ જ આપણે જોવાનું છે....

માતાના બહારથી ઘેર આવી. પુત્રને થાળી ચાટતો જોઈ એકદમ બોલી ઉઠી. 'આટલી વારમાં થાળી ભરેલી ખીર તું ખાઈ ગયો ? અને હજુ ભૂખ્યો છે જેથી થાળી ચાટી રહ્યો છે !!! આટલી ખીર આટલી વારમાં તેં ખાઈ લીધી ?'

માતા એક સામટા પ્રશ્નોનો બાલક મૌનથી જવાબ વાળે છે. કશું જ બોલતો નથી. ખીર વહોરાવી દીધી છે એવું પણ બોલતો નથી.

સુકૃતને પચાવતાં શીખો:—જે સુકૃત કર્યું હોય એને પચાવતાં શીખવું જોઇએ. થોડી પણ આરાધના કરી હોય, અને હૃદયમાં એમ થયા કરતું હોય કે "મેં આ સત્કાર્ય કર્યું છે.' તે દુનિયા ક્યારે જાણે ? તો એ સુકૃત પાછળની જે પચાવવાની તાકાત જોઇએ તે સાંપડી શકતી નથી....પ્રતિષ્ઠાની લાલસા. પોતાની ખ્યાતિની ઇચ્છા એમાં કામ કરતી હોય છે.

કંઈ પણ સુકૃતની સાધના થતી હોય તો તે દુનિયાને દેખાડવા ખાતર નહિ. પણ....પોતાની આત્મસંપત્તિને મેળવવા ખાતર થાય છે યા કરવી જોઇએ. સુકૃત કરતો છતો જીવ પણ

રંક બાલકની માતા ફરીને ખીર પીરસે છે. બાલક ખીર ખાઈ જાય છે. માતા બોલે છે કે–'આટલી ખીર એકલો જ ખાઈ ગયો ? બીલકુલ ભૂખ્યો હોય તેમ ઉડાવી ગયો. રોજ જરૂર આ બાલક ભૂખ્યો જ રહેતો હશે ?'

માતાની નજર પુત્રને લાગી. પુત્રે ખીર વહોરાવી દીધી છે. એ માતાને ખબર નથી. માતાની નજરની બાળક પર ખૂબ જ અસર થઈ. તેજ દિવસે બાલકને જીવલેણ વ્યાધિ થયો. સખત વેદના અનુભવી સુકૃતની અનુમોદના કરતો મરી એ બાલક બીજા ભવે શાલીભદ્રજી બન્યો !

અલ્પદાન મહાફળ:—પૂર્વભવના અલ્પદાનના પ્રતાપે આ ભવમાં શ્રી શાલીભદ્રજી મહારુદ્ધિને પામ્યા. એમના પિતા ગોભદ્ર શેઠ કાયમી નવાણું પેટીઓ મોકલે છે. શ્રી ગોભદ્ર શેઠના જીવને શ્રી શાલીભદ્રજીના જીવનું પૂર્વનું રૂણ ચુકવવાનું બાકી રહ્યું છે, અને બીજી બાજુ શ્રી શાલીભદ્રજીનું પુણ્ય ચમકારા મારી રહ્યું છે.

જેને પૂર્વભવમાં ખાવાનાં પણ ફાંફાં હતાં. ખીરના માટે રુદન કરવું પડયું હતું. એને આ ભવમાં વિના મહેનતે દૈવી રુદ્ધિ મળી ગઈ. રંકમાંથી મહા સૌભાગ્યશાલી શેઠ બની ગયો. તમે બેસતા વર્ષે ચોપડામાં લખો છો ને ?

" શ્રી શાલીભદ્રજીની રુદ્ધિ હોજો "

શાલીભદ્રજીની રુદ્ધિ જોઇએ છે. પણ એ જીવે આપેલ સુપાત્રદાન તરફ નજર જાય છે ખરી ? દુન્યવી સિદ્ધિઓ પણ પુણ્યોદય વિના નથી મળતી. પૂર્વનો પુણ્યોદય એમાં પણ જરૂરી છે જ.

શ્રી શાલીભદ્રજી અખૂટ ધનના સ્વામી બન્યા. બત્રીશ નારીઓ રાજશાહી ઠાઠ હોવા છતાં ય એમને સાચું સમજાઈ ગયું.



ॐ અર્હમ્

રસનાની રામાયણ

શામળાની પોળ. આસો સુદ ૭ તા. ૧૬-૧૦-૬૧ સોમવાર

વ્યાખ્યાન દશમું

પરમજ્ઞાની પરમર્ષિઓ ભવ્ય જીવોના કલ્યાણના કાજે ફરમાવી રહ્યા છે. કે આજ સુધી ઇંદ્રિયોની ગુલામીમાં આપણે જીવન વીતાવી રહ્યા છીએ. એ ગુલામીના દાવાનળમાં માનવ સમાજ સળગી રહ્યો છે. આંખને આનંદ આપનાર ચીજ જ જોવી, નાકથી સુંદર વસ્તુ સૂંઘવામાં, કાનથી કર્ણમધુર શબ્દ સાંભળવામાં આજે સહુ કોઈ મશગુલ છે.

તેમાંય જીહ્વાની વાત જ ન પૂછશો.

દરેક ઇંદ્રિય પર એક કામનો બોજો જ્યારે જીહ્વા પર તો ખાવું અને બોલવું એ કામ લદાયેલાં છે. તે બંનેમાં જો માનવ સજાગ ન રહે તો એ જીહ્વાના કારણે ભયંકર સરંજામ સરજાઈ જતાં વાર લાગે નહિ.

એ વાતને આપણે જરા વિસ્તારથી વિચારીએ....

રસ લોલુપતાઃ—માનવ સમાજમાં દિવસે દિવસે રસ લોલુપતા વધતી જાય છે. જ્યાં સુધી રસ લોલુપતા બેઠી છે.

ભક્તિભાવથી કરાતી સેવા શુશ્રુષામાં જો સાધુ પોતના સાધુત્વનું ધ્યાન ન રાખી શકે તો કયે સમયે પટકાઈ જાય તે કહેવું અશક્ય છે. મંગુ આચાર્ય ધીમે ધીમે જીભની લાલસામાં પડી જાય છે. અમુક શ્રાવકને ત્યાં અમુક ચીજ વહોરવાનીજ, "આહાર તેવો ઓડકાર" એ ન્યાયે નિત્યપિંડના પરિણામે આચાર્યશ્રીના વિચારો પણ પલટાવા માંડયા.

સંયમ સાધના મળ્યા છતાં, જિનવાણીને હૃદયમાં ધારણ કરવા છતાં જીભ લોલુપતા કયાં પટકે છે તે ખૂબ જ વિચારવા જેવું છે.

નિત્ય ક્રિયામાં પણ પ્રમાદી બનેલા આચાર્ય મરીને નગરની ગટ્ટર પાસે જ યક્ષ થાય છે. જ્યાં દુર્ગંધમય વાતાવરણ છે. રહેવું પણ જ્યાં અતિમુશ્કેલ જેવું લાગે ત્યાં જ આચાર્યશ્રી ઉત્પન્ન થયા.

'વિભંગજ્ઞાનથી યક્ષ પોતાનો પૂર્વભવ જોવે છે.

'અરે ! હું કયાં ? પરમતારક દેવ મળ્યા. તેમનો બતાવેલો સંયમ માર્ગ મળ્યો, છતાં ય એક લુલીના લટકાની ખાતર હું પટકાઈ ગયો. જીવન સર્વસ્વ હારી ગયો. અમૂલ્ય ચિંતામણિરત્ન મારા જેવા અભાગીએ એળે ગુમાવ્યું.'

પરંતુ આપણે તો જીહ્વાના સ્વાદમાં રક્ત હોવા છતાંય કદિ પટકાઈશું નહિ એવું નક્કી કર્યું છે ને ? કારણ કે—આપણને આપણા કુકર્ત્તવ્ય પાછળ જરા પણ બળાપો નથી બલ્કે આનંદ છે.

આચાર્યશ્રીના જીવ યક્ષને ભારોભાર પશ્ચાત્તાપ થાય છે. 'હું તો પટકાયો, પછડાયો પણ....મારું અનુકરણ કરી મારા ચિલ્લે ચાલી મારો શિષ્યવૃંદ પણ ગબડી ન જાય તેના માટે કંઈક યુક્તિ કરું'. આમ વિચારી યક્ષ પોતાની લાંબી જીભ બહાર કાઢી બિભત્સ અને બિહામણા રૂપે પોતાના મંદિરમાં ઉભો.

ઓછી ખરબાદી થાય છે ? ઘરમાં મીઠી રસોઈ મળવા છતાં ય બજારની ગંદી ચીજો ન ખવાય ત્યાં સુધી આજના માનવને ચેન નથી.

પછી આપણી સમક્ષ મહાન્‌માં મહાન્ પર્વો પણ ઉપસ્થિત થાય છતાં ત્યાગની લવલેશ ભાવના જાગે નહિ. માટે ખાસ વિચારવા જેવું છે કે-ઈંદ્રિયો પર જય મેળવી આપણે સ્વતંત્ર બન્યા છીએ કે દિવસે દિવસે ઈંદ્રિયો નીચે વધુ દબાતા જઈ પરતંત્ર બન્યા છીએ.

જ્યાં સુધી "રસત્યાગ" નામનો ત્યાગ નહિ આવે ત્યાં સુધી રસનાની રામાયણ ચાલુ જ રહેવાની.

સંસાર સમસ્તનું મૂળ ખાવા અને બોલવા પર નિર્ભર છે. સ્વાદની વાત વિચારી હવે આપણે વાણીની વાત તરફ વળીએ.

વાણી સ્વાતંત્ર્ય :– જીહ્‌વાથી બીજું કામ બોલવાનું થાય છે. એમાં પણ આજે તો વાણી સ્વાતંત્ર્યનો જમાનો; જે વખતે કંટ્રોલ હોવો જોઈએ તે જ વખતે તે સ્વતંત્ર બને પછી પૂછવું શું ?

વાણી સ્વાતંત્ર્યના નામે કેટલો બેહુદો બકવાદ થાય છે. એ તો તમે સારી રીતે જાણતા જ હશો ? જેને બોલતાં આવડતું નથી તે બોલતો નથી પણ બકે છે. સાચું વાણી સ્વાતંત્ર્ય તેને જ કહેવાય કે જે બોલતાંની સાથે જ સામાને પ્રિય બની જાય.

સત્ય વચન પણ બીજાને પ્રિય લાગે તેવું જ હોવું જોઈએ.

ક્રોધની આગ જ્યારે અંતરમાં ભભૂકે છે ત્યારે બોલનારને ભાન હોતું નથી કે હું શું બોલું છું ? મારો શબ્દ કેટલો અનર્થકર નીવડશે ? વાસ્તવમાં વિચાર કરીએ તો જણાશે કે શબ્દનું કર્ણ મધુર સંગીત અનેકોને આહ્‌લાદ પણ આપી શકે છે જ્યારે શબ્દનું રણશીંગું યુદ્ધનો નાદ પણ ગજવી શકે છે.

આત્મા દુર્ગતિમાં ગબડી પડે છે. ખરેખર! ક્રોધ, બોધનો નિરોધ કરનાર છે. આત્માને દુર્ગતિ અપાવનાર, સદ્દગતિ કપાવનાર છે.

ક્ષણિક ક્રોધ પણ કેટકેટલું નુકશાન સર્જે છે? એ લક્ષ્યમાં રાખજો. માત પિતાના બોલાતા શબ્દો બાળક પકડે છે. પછીથી નાના બાળકને પણ સંયોગને આધીન બનવાથી કુસંસ્કારી બની જતાં વાર લાગતી નથી.

બોલતાં જે વિચાર ન કરી શકે તેને બોલતાં આવડતું નથી. શબ્દ તો તલવારના ઘા કરતાં પણ વધુ કાતિલ નીવડી શકે છે.

'તારા હાથ ભાગી ગયા છે? ભાત તો ઉપરના શીકામાં પડયા છે હાથે લઈને જમી લેવું હતું?' પુત્રના ક્રોધિત શબ્દો સાંભળી ક્રોધથી ધમધમી ઉઠેલી માતા પોતાના વ્હાલા પુત્રને બોલી ઉઠી.

માતા બોલી પણ તે ક્રોધ ક્ષણિક હતો. પુત્ર પ્રત્યે અસીમ વાત્સલ્ય હતું. ફરીને માતાએ હેતથી પુત્રને જમાડયો, પ્રીતથી પીરસ્યું, પણ પડી ગયેલો કર્મનો રસાનુબંધ ભોગવ્યા સિવાય કોઈને ય છૂટકો જ નથી.

કર્મની ગહનસ્થિતિ છે.

માતા–પુત્ર મરીને બીજા ભવે પતિ–પત્ની બને છે.

કેવો સંસારનો સંબંધ? આવા જ સંબંધમાં આજ સુધી જીવન વિતાવવા છતાં કદિ સાચું ભાન પણ માનવને આવ્યું છે ખરૂં?

બંને ઉંમર લાયક થતાં પરણ્યાં. થોડા દિવસ રહી પત્ની પિયર ગઇ. પછીથી એક વખત પૂર્વભવનો પુત્ર આ ભવનો બનેલો પતિ પોતાની પત્નીને તેડવા સાસરે જાય છે.

આત્મા દુર્ગતિમાં ગબડી પડે છે. ખરેખર! ક્રોધ, બોધનો નિરોધ કરનાર છે. આત્માને દુર્ગતિ અપાવનાર, સદ્ગતિ કપાવનાર છે.

ક્ષણિક ક્રોધ પણ કેટકેટલું નુકશાન સર્જે છે? એ લક્ષ્યમાં રાખજો. માત પિતાના બોલાતા શબ્દો બાળક પકડે છે. પછીથી નાના બાળકને પણ સંયોગને આધીન બનવાથી કુસંસ્કારી બની જતાં વાર લાગતી નથી.

બોલતાં જે વિચાર ન કરી શકે તેને બોલતાં આવડતું નથી. શબ્દ તો તલવારના ઘા કરતાં પણ વધુ કાતિલ નીવડી શકે છે.

'તારા હાથ ભાંગી ગયા છે? ભાત તો ઉપરના શીકામાં પડયા છે હાથે લઈને જમી લેવું હતું?' પુત્રના ક્રોધિત શબ્દો સાંભળી ક્રોધથી ધમધમી ઉઠેલી માતા પોતાના વ્હાલા પુત્રને બોલી ઉઠી.

માતા બોલી પણ તે ક્રોધ ક્ષણિક હતો. પુત્ર પ્રત્યે અસીમ વાત્સલ્ય હતું. ફરીને માતાએ હેતથી પુત્રને જમાડયો, પ્રીતથી પીરસ્યું, પણ પડી ગયેલો કર્મનો રસાનુબંધ ભોગવ્યા સિવાય કોઈને ય છૂટકો જ નથી.

કર્મની ગહનસ્થિતિ છે.

માતા–પુત્ર મરીને બીજા ભવે પતિ–પત્ની બને છે.

કેવો સંસારનો સંબંધ? આવા જ સંબંધમાં આજ સુધી જીવન વિતાવવા છતાં કદિ સાચું ભાન પણ માનવને આવ્યું છે ખરૂં?

બંને ઉંમર લાયક થતાં પરણ્યાં. થોડા દિવસ રહી પત્ની પિયર ગઇ. પછીથી એક વખત પૂર્વભવનો પુત્ર આ ભવનો બનેલો પતિ પોતાની પત્નીને તેડવા સાસરે જાય છે.

આ બાજુ તેની પત્ની શણગાર સજીને સરખી સાહેલી સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગઈ છે. કાલે સાસરે જવાનું માટે આજે સખીઓ સાથે સહેલગાહ માણી રહી છે.

તેજ વખતે ચોરો ચોરી કરવા નીકળ્યા છે. સુંદર ઘરેણું લદાયેલી જોઈ તેણીના ઉપર તૂટી પડયા. બધાં જ ઘરેણાં તફડાવી લીધાં. હાથના કંકણ નીકળતા નથી ઘણી મહેનત કરી; પણ ફોક.

અંતે છરીથી બંને હાથ કાપી નાખી કંકણ લઈ ચોર રવાના થયા. જોયું ! કયું કર્મ ઉદયમા આવ્યું ? પૂર્વભવમાં પુત્રને "હાથ ભાંગી ગયા છે ?" એ બોલાયેલા શબ્દો આ ભવમાં ઉદયમાં આવે છે.

"બંધ સમય ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ."

બોલતી વખતે જો ધ્યાન રખાયું હોત તો આવા અવળા સંબંધ બંધાત ? આવુ કર્મ પણ ઉદયમા આવત ?

આ તરફ પેલા 'ભાઈસાહેબ' આનંદથી હૃદયમાં હર્ષ માતો નથી. માનવ આનંદે પરંતુ કયા સમયે એના પર મહાભય નિશ્ચય કોણ કરી શકે ?

સસરાનું ગામ નજીક છે. માટે થોડા ઘણા ભોજનન ઈન્સાફ આપી વડની છાયામાં આરામથી તે સૂઈ ગયો.

ચોરો હાથ કાપી ઘરેણા લઈને નાઠા પણ રાજાનું સૈન્ય તેમની શોધમાં આવી રહ્યું છે. જાન સટોસટીના ખેલમાં પ્રાણને બચાવવા, સુતેલા જમાઈની સોડમાં ઘરેણા મૂકી ચોરો નાસી છૂટયા. રાજસૈન્યે તપાસ કરી ચોરીના માલ સહિત સૂતેલા જમાઈને ચોર માની પકડી રાજસભામાં હાજર કર્યો.

'અદલ ઇન્સાફનું' બિરુદ ધરાવનાર મહારાજાએ તેના પગ

કાપી કાળું મોં કરી, ગધેડા ઉપર બેસાડી ગામમાં ફેરવવાની
કડક શીક્ષા ફરમાવી દીધી.

જે સસરાને ઘેર તોરણે અટકવા ઘોડે બેસી આવ્યો હતો.
ત્યાંથી પાછો કપાયેલ પગે ગધેડા પર સવાર થઈ તે જઈ રહ્યો છે.

અભિમાનમાં અંક્કડ બની ફૂક્કડના જેમ ફરતા
માનવને કર્મ મહાસત્તાનું જ્ઞાન કયાંથી હોય? પણ...કર્મ
કોર્ટના ચુકાદા લાંચ રુશ્વતવાળો નથી. ત્યાં તો બધાંને માટે
પોતપોતાને યોગ્ય ફળ મળે જ જાય છે.

પોતાની પુત્રીનાં કાંડાં કાપનાર ચોરને નીરખવા સાસુ બહાર
નીકળે છે, પણ જ્યારે તેણે પોતાના જમાઈને ઓળખ્યો ત્યાં
તેના પસ્તાવાનો પાર જ ન રહ્યો.

અંતે એને છૂટો કરાવ્યો. હાથ–પગ વિનાના અપંગન
જીંદગી તે જીંદગી કહેવાય ખરી?

હવે ખૂબજ વિચાર કરજો; રસનાની રામાયણ તમને ઘણ
બોધ આપી જાય છે.

બોલવાના અને ખાવાના બંને કાર્યો પર જેટલો 'કંટ્રો
રખાશે તેટલું જ કલ્યાણ સધાશે.

ઈંદ્રિયોના બે લગામ ઘોડાઓ દોડી રહ્યા છે. આપણે ત
પર સવાર થયેલા છીએ. હવે તો બેકાબૂ બનેલા ઘોડાઓને સ
જણ આવ્યા પછી કાબૂમાં લાવવા એજ એક પરમ કર્તવ્ય ગણ

જીહ્વા ઉપર કાબૂ આવ્યો એટલે બધીજ ઈંદ્રિઓ
આપ મેળે કાબૂ આવી જ જવાનો: બાકીની ઇંદ્રિયોનું પો
જીહ્વાના આધાર પર રહેલું છે. મહાભારતનું મહાયુદ્ધ
થયું હોય તો એમાં મૂળ કારણ જીહ્વાનું જ હતું. દ્રૌપદી
દુર્યોધનનો કટુસંવાદ એના મૂળ નિમિત્ત બન્યો હતો.

આજનો માનવ પણ જો પોતાના જીવનતેજને ગુમાવતો હોય, કલુષિત વાતાવરણમાં જીવન વીતાવતો હોય તો પણ એમાં મુખ્ય ભાગ જીભજ બજવે છે.

જ્યારે જીભા જોડીનો સમય આવે ત્યારે "મૌનમ્ સ્વાધ-યાયનમ્" એ નિયમને બરાબર પાળો મૌન સ્વીકારનારને કદિ ક્લેશ ભરેલા વાતાવરણમાં ઉતરવું જ નહિ પડે.

ન બોલ્યામાં નવ ગુણ :—દુનીયામાં પણ કહેવાય છે કે ન બોલ્યામાં નવ ગુણ છે. ૧. મર્યાદા જળવાય ૨. કષાયો રોકાય ૩. બીજાને ઠેષ ન થાય. ૪. વૈરનો અનુબંધ પડે નહિ. ૫. કર્મબંધ થતો અટકે ૬. પશ્ચાત્તાપ કરવાનો સમય પણ ન આવે. ૭. શારીરિક ક્લેશ પણ ન થાય ૮. માનસિક ઉદ્વેગ ન થાય ૯. વાણીનો દુર્વ્યય થતો અટકે.

જોયા ન બોલવાના ફાયદા ?

ઘણી વખત ક્રોધમાં ન બોલવાનુ બોલી જવાય છે. ક્રોધમાં ન આચરણ કરવાનું આચરી લેવાય છે. પછીથી પશ્ચાતાપ થાય; હૃદયમાં બળાપો થાય....પણ...ભાથામાંથી બાણ છુટી ગયા પછીનો બળાપો નકામો છે.

ઘણી વખત જીભાજોડીમાં કિંમતી સમયનુ લીલામ થાય છે.... ક્રોધથી લીલા પીળા થઈ જઈ જેમ તેમ બકી નાંખવામાં ઘણુંજ અહિત થાય છે....શરીરનું યંત્ર એવું ગરમ થઈ જાય છે કે ક્રોધી માનવ શાંતિથી કોઈપણ તાત્વિક વિચારણા કરી શકતો નથી.

અરે ! વિચારણા કરવા બેસે તો એના ચિત્તની સ્થિરતા કદિ ટકી શકતી નથી. જીભની વાતમાં જેમ જેમ ઉંડે ઉતરીશું તેમ તેમ ઘણું ઘણું જાણવા સમજવા મળે છે. વર્તમાન વ્યવહારોમાં પણ ઘણી વખત જીહ્વાના કટુ વિપાકોનાં પરિણામો નજર સમક્ષ જોવા મળે છે.

ખાવા અને બોલવાની બે પ્રવૃત્તિઓ પણ જો પરિમિત બની જાય તો જીવન ઘણું જ સુધરી જાય.

આજનો માનવ દિવસે દિવસે નિર્બલ કેમ બનતો જાય છે? શારીરિક અને માનસિક શક્તિ ક્ષીણ કેમ થતી જાય છે? તમે કહેશો કે સાત્વિક આહારનો આભાવ છે માટે.

સાત્વિક આહારનો આભવ એ એકજ કારણ નથી. પોતાની મેળે જ માનવ આસાત્વિક આહારને વધુ ને વધુ વાપરતો થઈ ગયો છે. તીખી અને તમતમતી, મિષ્ટ અને મનગમતી બજારુ ચીજોના વપરાશથી ડોકટરના બાટલા વધુ ન વપરાય તો બીજું અને પણ શું?

જંગલમાં રહેવાવાળા અજ્ઞ લોકોના શરીર પર જુઓ, અને તમારા શરીર પર. બીચારા પેલા અજ્ઞને પૂરી-પકોડી કે ખમણ જેવી ચીજોમાં રસ જ નથી. જ્યારે તમારામાં અભક્ષ્ય, અનિષ્ટ અહિતકર આહાર ખૂબ જ વધી ગયો છે.

હોટલ અને લોજનાં એઠાં જુઠાં ખાણાં ખાવામાં તમને જીવનની સાર્થકતા સમજાય છે. કર્ત્તવ્યની ઇતિશ્રી તમે એમાંજ માનો છો!

પહેલાં થોડી કમાણીમાં પણ જે શાંતિથી જીવન વ્યવહારો ચાલતા હતા. તે આજે કમાણી વધી, પૈસા વધ્યા, સાથે સાથે શાંતિને ગુમાવી. પહેલાં જીહ્વાના સ્વાદની ખાતર નહિ. શરીરના પોષણ ખાતર ખાવાનું. આજે જીહ્વાના સ્વાદને પૂરવા ગમે તે ચીજો ખવાય છે. શરીર પોષણના ખર્ચ કરતાં જીભના સ્વાદનો ખર્ચ ખૂબ જ વધી પડયો છે.

બોલવા-અને ખાવાની બંને બાબતમાં ખૂબ જ વિવેક કેળવો. જો આ બંને બાબતોમાં નિયંત્રણ નહિ આવે તો ભાવીની ઉજ્વળતાને તમે નહિ જોઈ શકો...

પશુ અને માનવમાં વિવેકનો ફરક છે. જો જીવન પૂરું જ કરવું હોય તો પશુ પક્ષી પણ ક્યાં જીવન પૂરૂં નથી કરતાં ? પણ.... માનવ વિવેકશીલ છે વિચારપૂર્વક વર્તન કરનાર છે. મળેલી ચીજોમાં પણ વિવેકદૃષ્ટિને આગળ કરીને જ કામ કરી શકે છે. તો રસનાની બાબતમાં આટલો ઉપેક્ષિત માનવ બને તે કેમ ચાલે ?

જો તમારે ઈંદ્રિયોના ઉન્માદને દબાવવો હોય ...મનને ધર્મમાં મજબુત કરવું હોય....શારીરિક શક્તિને ધર્મારાધનાંમાં જોડવી હોય...સ્વપરના ઉપકારની કંઈ પણ આકાંક્ષા જાગતી હોય તો આજથી રસનાની રસાકસીમાં ન ફસાતાં વિવેકદૃષ્ટિને આગળ કરી રસના પર કાબૂ રાખતાં શીખો. નાનો અંકુશ પણ મોટા મતંગજ હાથીને કાબૂ રાખી શકે છે, તેવીજ રીતે રસના પરનો કાબૂ બધી જ વસ્તુ પર કાબૂ રખાવનાર બનશે.

પાંચે ઈંદ્રિયોના વિષયોને કાબૂમાં રાખવા હોય, ધર્મમાં મનની સ્થિરતા મેળવવી હોય, ધર્માચરણથી આત્મ કલ્યાણ સાધવાની ભાવના જાગતી હોય તો રસનાને કાબૂમાં રાખવા પ્રયત્ન સેવવો જરૂરી છે.



અનંતજ્ઞાની મહાપુરુષો માનવ જન્મને વખાણે છે, માનવ જન્મની મહત્તાની મુક્તકંઠે પ્રશંસા કરે છે, એનું કારણ કદિ વિચાર્યું છે ખરું ?

શરીરે બલિષ્ઠ હોય તેથી માનવની પ્રશંસા કરવી કંઈ ઉચિત ગણાય? અરે! શરીરે તો ઘણા સ્થૂલ હોય તેનાથી તેની પ્રશંસાને સ્થાન હોય જ નહિ! ધન તો ઘણા મ્લેચ્છ—અને અનાર્ય માણસોને પણ મળે છે. એટલે એ ધન એની ઉત્તમ-તામાં ઉમેરો કદિ ન કરી શકે. પુત્ર–પુત્રી પરિવાર; સુંદર પત્ની વગેરે ભૌતિક વસ્તુઓમાંથી એક પણ ચીજ માનવની ઉત્તમ-તામાં સહાયક બની શકશે નહિ.

માત્ર માનવ પોતાની માની લીધેલી ભૌતિક આબાદીમ ઉત્તમતા માનતો થઈ બેઠો છે; જેમ જેમ ભૌતિક સિદ્ધિએ મળતી જાય તેમ તેમ એ પોતાની મનઃપ્રસન્નતાને વધારતો આનંદ મશગુલ બની બેસે છે. આ બધું જ વિચારવા જતાં સાચે જ! માનવ પોતાની પ્રગતિને પોતાના જ હાથે હણી રહ્યો છે.

આત્મ સંપત્તિને ઓકાવનાર; માનવ જન્મની મહત્તાને ઘટાડનાર; આવી ભૌતિક સિદ્ધિઓમાં જે ભાન ભૂલ્યા; તે જ્ઞાન વિહુણા બની ભવ વનમાં આથડયા જ કરે છે.

માનવ જન્મ એ પ્રગતિના પંથે પૂનિત પ્રયાણે પ્રાર-ભવાનું પ્રથમ સોપાન છે. સુગતિને પ્રાપ્ત કરવાનું મંગલ દ્વાર છે. દુર્ગતિને દલિત કરવાનું અમોઘાસ્ત્ર છે. પણ....જ્યારે માનવ સ્વાર્થીય પ્રવૃત્તિમાં મશગુલ બની, અધમ પ્રવૃત્તિઓ ભણી પગરવ માંડે છે; વાસનાને આધીન બની આત્મીયતાને ભૂલે છે; ત્યારે એની માનવતા મરી મીટે છે.

મણિરત્ન અને રબારી :—એક રબારી જેને ગાયો

ભેંસો ચારવાનો ધંધો છે. અજ્ઞાનમય જે જીવન વીતાવી રહ્યો છે, જંગલ એની દુનિયા છે. ગાય-ભેંસો એના સહચર છે, વનના પશુઓના શબ્દો એનું કર્ણપ્રિય સંગીત છે—જગતના ભાવો સાથે બીચારાને કશીય લેવાદેવા નથી. એને તો એનું જંગલ ભલું ભલી એની ગાયો ભેંસો.

એક વખત જંગલમાં પશુઓને લઈ ચારવા ગયો છે. રસ્તામાં એણે એક ચળકતા મણિને જોયો. મણિ ઝબુક ઝબુક ઝબકારા મારી રહ્યો છે. રબારી ભાઈને એ ખૂબ ગમી ગયો એના રંગે એને આકર્ષી લીધો.

આ પથ્થર ઘેર લઈ જઉં તો બીચારા છોકરાં જોઈને ખુશી થશે. બે ઘડી આ ટુકડા સાથે ગેલ કરશે. એમ વિચારી રબારી મણિ લઈ સાંજે ઘેર આવી રહ્યો છે. રસ્તામાં મણિ હાથમાં રાખી મણિને રમાડી રહ્યો છે.

મણિ કિંમતી છે! મહા મૂલ્યવાન છે! છતાં બીચારા ભોળાને ક્યાંથી ખ્યાલ હોય કે આ મણિ સંસારની સમસ્ત કામનાઓને પૂરનાર છે.

એને મન મણિ એટલે એક ચમકતો પથ્થરનો ટુકડો.

બાળકોને રમત કરવાનું સાધન!

બે ઘડી મન બહેલાવવાનું એક જાતનું રમકડું!

આને તમે ભોળાપણ કહો કે ગાંડપણ? જો જો ભૂલશો નહિ, ઉતાવળ કરશો નહિ. આના જેવું જ ભોળાપણ કે ગાંડપણ આપણે આદરતા નથી ને?

માનવ જન્મ વાસનાના વમળોમાં વહેતા પ્રવાહોમાં વહી રહ્યો છે. મોજશોખ ટાપટીપ પાછળ સમય બરબાદ થઈ રહ્યો છે. એનું આપણને ધ્યાન છે ખરું?

અજ્ઞાનતાનું અંધેર આપણા જ્ઞાનચક્ષુને આવરી લેતું હોય છે. એ અજ્ઞાનતા સત્ય વસ્તુના જ્ઞાન આડે આવે છે. વસ્તુ સ્વરૂપની ઝાંખી થતી પણ અજ્ઞાનતાના કારણે અટકી જાય છે.

મોહમયી દુનિયા નજર સામે આવે છે. એ મોહની જાળમાં ઐન્દ્રજાલિક ચમત્કારિક લોભાવનારા પ્રયોગોમાં લુબ્ધ બનેલો જીવ ખરેખર રીબાય છે. સબડે છે. આથી વધુ અજ્ઞાનતાનું પ્રતીક તમારે કયું જોઈએ છે?

પેલો રબારી મણિ સાથે ગેલ કરતો જઈ રહ્યો છે, એને એક શેઠ મળ્યા. ઘણા વર્ષો પહેલાં શેઠનો એક રૂપિયો આ રબારીએ લીધેલો. બીચારો રબારી આજ સુધી દૂધ, દહીં, ઘી આપી આપીને થાકયો પણ....એ બધું તો વ્યાજમાં હજમ થઈ જતું.

કેમ ઉદાસી ન મળ્યો વિશ્વાસી :—જે તમારા વિશ્વાસે રહેતો હોય, તમારા પર સંપૂર્ણ ભરોસો જેને હોય એવા અજ્ઞાન માણસને તમે આ રીતે કદિ છેતરવાની ભાવના તો ન જ રાખોને? ધર્મને સમજેલા આત્મા લોભને વશ થઇને પણ આવું કદિ ન કરે.

આજે તમે સરકારનો દોષ કાઢી રહ્યા છો, ઈન્કમટેક્ષ સેલ્સટેક્ષનો વાંધો કાઢી નીતિને વખોડી રહ્યા છો, પણ....જરા તમારા પુરાણા અને હમણાંના વર્તન પર વિચાર કરો. "કરણી પાર ઉતરણી" ભોળા અજ્ઞાન લોકોને ભોળવી ભોળવી એકના દશ ગણા થાય, છતાં ય બધું ય ચક્રવૃદ્ધિ વ્યાજમાં ગણી લેવાની તમારી ભાવનાઓનો ઈન્સાફ મળ્યા સિવાય રહે ખરો?

જ્યાં સુધી કોઈ વિશ્વાસી ન મળ્યો હોય ત્યાં સુધી ગાદીએ બેઠેલા શેઠજીની ઉદાસીનતા પણ ટળે નહિ....ચક્રવૃદ્ધિ વ્યાજના તમારા ચોપડા પર નજર કરો તો તમને વિના મહેનતે સમજાઈ જાય તેવી જ બીના છે.

એક ભવની ખાતર અનેક પાપસ્થાનકોને નિમિત્તના માટે આચરના પ્રાણીની કઈ દશા થાય? જે તમે આચરશો તેનું ફળ પણ તમારે જ ભોગવવું પડશે. ધર્મમાં કે કર્મના કોઈ ભાગ પડાવી શકશે નહિ. પડાવશે નહિ. પણ પાપ કૃત્યોનું આચરણ [illegible] [illegible] અને [illegible] પણ દુઃખિત બનાવે છે

પેલો વાણિયે રબારીને પૂછ્યું. મણિ જોઈએ છે.. મણિ છે એમ જાણે છે છતાંય ભોળા રબારીને વધુ ભોળવવા શેઠ પૂછે છે

'ભાઈ આ પથ્થરનો ટુકડો તું ક્યાંથી ઉપાડી લાવ્યો?'

આનું નામ જ તમે બુદ્ધિનો દુરુપયોગ કહેશો.. જીવનને કેમ ઉજાળવો રાત્રીના ચેન કરતા પણ દિવસના ડાકુ વધુ ખરાબ ગણાય ને? ધોળે દિવસે મુકીયામાં બાપાના જીવનને ઠગવાની વૃત્તિ ધર્મસન્મુખ પણ ન આવવા દે તેમાં જરા પણ આશ્ચર્ય નથી!!

પેલો રબારી આનંદના ને આનંદમાં બોલ્યો 'શેઠજી! આ પથ્થર તો રસ્તામાંથી મને મળ્યો છે. છોકરા બિચારા એવડી રમશે માટે લાવ્યો છું. પણ.. તમારે આ પથ્થરની જરૂર છે ખરી? જરૂર હોય તો મારે એક રૂપિયો વાળી દો. અને હિસાબ પૂરો કરી લો. આ પથ્થર તમે લઈ જાઓ.'

શેઠને પથ્થર નહિ પણ મણિ જોઈએ છે. હવે છે પણ.... રૂપિયો વાળી દે તો પેલા રબારીનો રૂપિયો તો કેમ છોડાય? વ્યાજના દૂધ દહીંનું કાલથી દૂધ દહીં ખરીદી લાવવા પડે! આ પથ્થર આપી દે તો કામ ચાલે છે, માટે શેઠે કહ્યું 'ભાઈ આ પથ્થર આપી દે તો તારા આઠ આના વાળી દઉં. આ પથ્થરના ટુકડા કોઈ પૈસાના પણ લે તેમ નથી. છતાંય તારી દયા ખાતર હું આઠ આના વાળી દઈશ. આપવો હોય તો આપી દે.'

જોયા દયાના અવતાર? કેવું અંતર છે? કેવા ભાવ છે? કેટલી લોભવૃત્તિ કામ કરી રહી છે. લોભનું કામ જ આવું છે. લોભને તો કદિ થોભ હોય ખરો?

રબારી ભાઈ પણ માથાનો ફરેલો હતો. તેણે તો ચોકખા શબ્દોમાં સંભળાવી દીધું. 'શેઠજી! જો તમારે પૂરેપૂરો રૂપિયો વાળી દેવો હોય તો આ પથ્થર તમારો. ન વાળવો હોય તો મારો રૂપિયો ભલે એમને એમ રહ્યો.'

રબારીનું ભોળપણ દયા ઉપજાવે તેવું છે.

વાણીયાનું લોભીપણું લજ્જા ઉપજાવે તેવું છે.

રબારી કે શેઠ એકે પણ મચક ન આપી....

રબારી મણિ લઈને ગયો....શેઠ પણ વીલે મુખે ઘેર ગયા.

બંને જણાંએ ગુમાવ્યું:—રબારી તો પોતાની મસ્તીમાં ને મસ્તીમાં આજુબાજુના કશા જ ધ્યાન વિના ચાલી રહ્યો છે. એને તો પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન થઈ રહ્યું છે એનું ભાન થોડું જ છે. ઘણી વખત પોતાની જાતે જ માનવ પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન કરી રહ્યો છે. એ અજ્ઞાનતા પર બીજા ઉપહાસ કરતા હોય જ્યારે અજ્ઞાનીને એનું ધ્યાન પણ ન હોય!

રબારી આગળ વધ્યો. રસ્તામાં બીજા શેઠ મળ્યા રબારીના હાથમાં રહેલ કિંમતી મણિ જોઇ વિચારદક્ષ શેઠજી બોલી ઊઠ્યા.

'ભાઈ! આ અમૂલ્ય ચીજ તને મળી છે. તારે તે મને આપવી છે!'

'જુઓ શેઠજી! આ પથ્થર મને રસ્તામાંથી મળ્યો છે: મારે શેઠને એક રૂપિયો દેવો છે. એ શેઠજી મને મળ્યા હતા; પણ તેમણે આ પથ્થરના બદલામાં રૂપિયો વાળી આપવાની

ના કહી. તેથી મેં તમને એ પથ્થર આપ્યો નથી. જો તમે આનો પૂરેપૂરો રૂપિયો એક આપવા માગતા હો તો આ પથ્થર તમને આપવા તૈયાર છું

બીચારા રબારીની મશ્કરી વખતે શેઠજી હસી પડ્યા. ખિસ્સામાંથી દશની નોટ કાઢી કહ્યું 'ભાઈ! આ દશ રૂપિયા તને આપું છું તું તો એક રૂપિયો માગે છે પણ હું દશ આપું છું લાવ પથ્થર....'

રબારી તો આ અચિંત્ય લાભથી ખૂબ જ હર્ષિત બની ગયો. જિંદગીમા જેને રૂપિયો પણ જોવા ન તો મળ્યો. એને એક સામટા દશ રૂપિયા મળતા આનંદ ન થાય એ તો બને જ કેમ?

મણિ આપી દીધો બંને આનંદથી છૂટા પડ્યા.

એકને અમૂલ્ય ચિંતામણિ મળ્યાનો આનંદ હતો

બીજાને પૂરા દશ રૂપિયા મળ્યાનો હર્ષ હતો..

આ બાજુ પેલા લેણદાર શેઠ ઘેર ગયા. પણ એમને ચેન ન પડ્યું. ભોળા રબારીને ગમે તે રીતે ભોળાવી મણિ પડાવી લેવા તે તલપાપડ બની ગયા. અરે! દશ આના ...બાર આના.... સુધીમા પણ મણિ લઈ આવું! કેવી દાનત? પૂરો રૂપિયો છોડવો જ નથી.

જોઈએ છે મણિ....પણ નાથે સાથે અજ્ઞાનીને પોતાના પંજામાંથી છોડવાની ભાવના હજુ સુધી જતી નથી.

ઘેરથી પેલા શેઠ વિચાર કરી રબારીને ત્યા આવ્યા. બહાર ઉભા રહી બૂમ મારી 'ઓ ભાઈ! દશ આના સુધીમાં લાવ તારો પથ્થર લઈ લઉં. ઘેર જઈ વિચાર થયો કે–તું બહુ ભોળો છે. નકામી જીદ કરી આઠ દશ આના ગુમાવે છે. માટે તારી લાગણી ખાતર મારે ફરી આવવું પડ્યુ છે.'

દુનિયામાં ભૂલા પડેલા આજના માનવને આરાધન માટે સમય જ નથી મળતો. આનાથી બીજું મહા આશ્ચર્ય શું હોઈ શકે?

આરાધના વિનાનો અવતાર એળે ગુમાવ્યો :– બાલપણ અજ્ઞાનાવસ્થામાં માતાના મોહમાં વ્યતીત થાય છે. તે વખતે સારાસારની કૃત્યાકૃત્યની વિવેક દૃષ્ટિ હોતી જ નથી. આ રીતે યુવાવસ્થા પણ પત્નીના મોહ પાછળ. પ્રૌઢાવસ્થા પુત્ર પુત્રી આદિના વ્યામોહમાં વ્યતીત થાય છે. માટે જ એક ભક્ત કવિએ કહ્યું છે કે–

आयुर्वर्षशतं नृणां परिमितं, रात्रौ तदर्धं गतम्
तस्यार्द्धस्य परस्य चार्द्धपरमं; बालत्ववृद्धत्वयोः।
शेषं व्याधिवियोगदुःखकलितं, चायुःपरं क्षीयते
जीवं वारितरंगचंचलमहो, सौख्यं कुतः प्राणीनाम् ॥

મનુષ્યોનું કદાચ સો વર્ષનું આયુષ્ય ગણો તો એ આયુષ્યનો અર્ધો ભાગ તો રાત્રિમાં પ્રાયઃ ઉંઘવામાં જાય છે. એટલે ૧૦૦ માંથી ૫૦ વર્ષ તો નકામાં જ, ધર્મારાધન વિનાનાં ગયાં. બાકીના ૫૦ વર્ષમાંથી ૧૨॥ વર્ષ બાલપણાનાં; ૧૨॥ વર્ષ પૂર્ણ વૃદ્ધાવસ્થાનાં વ્યતીત થાય છે. બાકી રહ્યાં ૨૫ વર્ષ....એ પચીશ વર્ષ, વ્યાધિ વિયોગ આદિ સંસાર જન્ય ઉપાધિમાં પસાર થાય છે. આ રીતે માનવનું સો વર્ષનું આયુષ્ય પાણીના પરપોટાની માફક પલાયન થઇ જાય છે....ધર્મારાધન રહિત બનેલો માનવ ક્યાંય પણ સુખ શાન્તિને મેળવી શકતો નથી.

જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ સંસારનો વ્યામોહ ઘટવાને બદલે વધતો જાય છે. બાલક માનતો હોય છે કે યુવાન થશું ત્યારે આરાધના કરીશું. યુવાન માને છે કે આ અવસ્થામાં તો મોજશોખ હોય....એશઆરામમાં આળોટવાનું

હોય. વૃદ્ધાવસ્થા થશે ત્યારે ધર્માચરણ કરીશું. વૃદ્ધાવસ્થામાં તો દશા જ વિપરીત હોય છે.

આયુષ્ય પુર્ણ થવા આવ્યું છે. માથા પર તો ચાંદીના વાળ ચમકી રહ્યા છે. દાંત વિનાની જીભ.મોટા મગરની જેમ લપકારા મારી રહી છે. લાકડાના ટેકે ચાલવું પણ અતિ મુશ્કેલ બની ગયું છે. આવી વૃદ્ધાવસ્થામાં પણ આશાથી છુટકારો મળતો નથી.

આ રીતે ધર્મારાધનની મોસમસમા માનવભવને એળે ગુમાવી અનંત દુઃખોને આત્મસાત્ કરી અનેક પ્રયાસે મેળવેલા માનવ જન્મને ચિન્તામણિ રત્નની જેમ માનવ હારી જાય છે.

આજે કરીશું કાલે કરીશું! હજુ ક્યાં સમય વીત્યો છે? ઘણા દિવસો બાકી છે, આવી ભ્રમણામાં જ્યારે કાળના કરાળ જડબામાં જ પ્રલાઈ-જવાની તૈયારી થાય છે. તે વખતે પણ કદાચ બોલી પણ નાંખે કે–

રહો રહો જમદાજી આજનો દહાડો શત્રુંજય જઈ આવું જી
શત્રુંજય જઈને દ્રવ્ય જ ખરચું મોક્ષ મારગ હું માંગું જી ॥

આવું બોલનાર બીચારા અજ્ઞાનીને થોડું જ જ્ઞાન હોય છે કે 'અંતસમયે મૃત્યુના મુખમાંથી છુટવાના લાખો ઉપાય થાય તોપણ તે કદિ કોઈ છુટી શકવાનું નથી, છુટી શકાશે પણ નહિ.'

તુટી તેની ન મળે બુટી :–જ્યારે ભગવાન શ્રી મહાવીર-પરમાત્મા 'પુણ્ય-પાપનાં અધ્યયનો' પ્રકાશી યોગ નિરુંધન કરવાની તૈયારી કરી રહ્યા હતા. તે વખતે સ્વર્ગના ઈંદ્રે ભગવાનને વિનંતિ કરતાં જણાવ્યું. 'ભગવન્! આપની જન્મરાશિ પર ક્રૂર ભસ્મગ્રહ આવી રહ્યો છે, એ ભસ્મગ્રહ આપના શાસનને ઘણી જ હાનિ પહોંચાડશે, માટે....કૃપા કરી આપ થોડી ક્ષણ આપનું આયુષ્ય વધારો.'

ઈંદ્રને સસ્મિત વદને જવાબ આપતાં પ્રભુશ્રી મહાવીરદેવે ફરમાવ્યું. 'ઈંદ્રરાજ! દેવેન્દ્રો, ચક્રવર્તીઓ કે તીર્થંકરો કોઈપણ પોતાના આયુષ્યમાંથી એક ક્ષણ પણ વધારી શકવાને સમર્થ નથી. ભલા! જો આપણું વધાર્યું આયુષ્ય વધતું જ હોત તો જગતમાં મરવાનું કોઈ કબૂલ ન જ કરત...મરણ કોને પસંદ પડે છે? મરતાં મરતાં પણ બધાંની જીવવાની ઇચ્છા હોય છે- છતાંય જન્મ મૃત્યુની જંજીરમાં જકડાયેલા જીવો સંસારમાં અનાદિ કાળથી રખડયા કરે છે.'

ભગવાન તીર્થંકર દેવો પણ પોતાના આયુષ્યની થોડી ક્ષણે પણ વધારવા અસમર્થ હોત તો આપણે કોણ માત્ર? આપણી સામે તો મૃત્યુ સુખ ફાડીને ઉભું છે. સોપક્રમી આયુષ્ય કઈ ક્ષણે પૂર્ણ થઈ જશે. એનું આપણને જ્ઞાન છે જ નહિ.

કૂવામાંથી પાણી ખેંચવાના અરઘટ્ટને તો તમે જોયો હશે? એમાં પાણી ખેંચવાની ઘડીઓની માળા હોય છે. જે કૂવામાંથી પાણી બહાર કાઢે છે. તેવી જ રીતે રાત્રી અને દિવસરુપી ઘડીઓની માળા આયુષ્યરૂપી પાણીને બહાર કાઢયા કરે છે. કાળ નામના એ અરઘટ્ટને સૂર્ય–ચંદ્ર રૂપ બે બળદો ચોવીશ કલાક ભમાડી રહ્યા છે.

આપણું આયુષ્ય સોપક્રમી છે. પાણીમાં થતા પરપોટાની જેમ આયુષ્યને કયે સમયે ધક્કો લાગશે અને જીવાદોરી તૂટી જાય તે કહેવું અત્યંત મુશ્કેલ છે. કઈ ક્ષણે કયા સમયે કયા મૂહૂર્તે આયુષ્ય પૂરું થશે એ કશું જ કહી શકાય નહિ. બહુ વિઘ્નવાળાં મૂહૂર્તો પસાર થાય છે. છેલ્લી ક્ષણે પછી ધર્મારાધનની વાત કરીશું તો પણ હાંસીને પાત્ર ગણાશે. માટે જ આજ ક્ષણે તૈયાર થવું જોઈએ.

સુકૃતનું કાર્ય કાલ ઉપર કદિ નહિ રાખતાં આજે જ કરી લેવાની ભાવના રાખવી જોઈએ.

રૂપ...મળ્યાં હોય પછી જો હૃદયમાં જરા પણ ધર્મપ્રેમ ન હોય, સમતાને સ્થાન ન હોય તો એનું અજીર્ણ થતાં વાર ન લાગે. રાજકુમાર પ્રજાને પીડી રહ્યો છે. લોકોને હેરાન કરી રહ્યો છે...લોકોને પીડા પમાડવી એ એનું એક મહાકાર્ય બની ગયું. પ્રજા એનાથી પરેશાન થઈ ગઈ....લોકોએ જઈ રાજાને વાત કરી. ન્યાયી રાજાએ પોતાના વ્હાલા પુત્રને ન્યાય ખાતર દેશનીકાલની સખત સજા ફરમાવી દીધી....પુષ્પચૂલ રાજધાની-માંથી બહાર નીકળી ગયો. એની બ્હેન પુષ્પચૂલા પણ એની સાથે રવાના થઈ ગઈ...

પુષ્પચૂલની ઉદ્ધતાઈને લીધે લોકો તેને વંકચૂલના નામથી ઓળખતા હતા. વંકચૂલનો કદાવર બાંધો, ઘાટીલું શરીર... વ્યસનોથી ભરેલું એનું જીવન જોઈ ભીલ્લ લોકોએ એને પલ્લી-પતિ બનાવી દીધો.

રાજકુમાર રક્ષણ કરવાના બદલે ધોળે દિવસે લોકોના ધનમાલનું ભક્ષણ કરવા લાગ્યો. લોકો એના નામથી ડરી રહ્યા છે....એની ધાક એટલી બેસી ગઈ છે કે—એની સામે થવાની કોઈની તાકાત નથી....

રાજકુમારમાંથી કઈ દશામાં આવે છે એ ધ્યાનમાં રાખજો એક નાનું વ્યસન પણ બીજા અનેક વ્યસનોને લાવે છે...**જીવ-નમાં જ્યારે એક વ્યસનનો પગપેસારો થયો ત્યારે બીજાં વ્યસનોનું એના પર આક્રમણ ચાલુ થઈ જાય છે.**

મદિરા, માંસ, જુગાર, વેશ્યા, શિકાર ચોરી પરસ્ત્રી ગમન આ સાતે વ્યસન માનવમાત્રને નરકમાં લઈ જાય છે....વંકચૂલ આ સાતે મહાવ્યસનને આધીન બની ગયો છે....એની મોહ મસ્તી દિવસે દિવસે માઝા મૂકતી જાય છે. જેમ જેમ લોકોને વધુ રડતા જુવે તેમ તેમ તે વધુ હસતો જાય છે.

પાગલતાની પણ હદ હોય છે?

આવી પાગલતા હૃદયના એક ખુણામાં પડી હોય, બીજાને પીડી પોતે હસતો હોય એવો પ્રાણી ખરેખર! જીવ વિનાના હાડપિંજર જેવો છે. એના જીવનમાં 'સહૃદયતા' જેવી ચીજની આશા ક્યાંથી રાખી શકાય?

ક્રૂર માનવીની ક્રૂરતાને એ પોતે વીરતા માને છે. પણ....એનું શૌર્ય અવળા માર્ગે વહી રહ્યું હોય છે....

વંકચૂલની પ્રવૃત્તિઓ માઝા મૂકી આગળ વધી રહી છે. એના સાથીઓ એના માર્ગમાં સંપૂર્ણ સહાયક બની એની આજ્ઞા પ્રમાણે વર્તી રહ્યા છે.

એક વખત ચોમાસાની ઋતુ આવી રહી છે. શિષ્યોના પરિવાર સાથે એક આચાર્યશ્રી સિંહગુફા નજીક આવ્યા....ચોમાસાનો નિયત કાળ તો સાધુ મુનિરાજોએ નિયતસ્થાને વ્યતીત કરવો જ જોઈએ.

બીજા સ્થાનના અભાવથી આચાર્યશ્રીએ પલ્લીપતિ વંકચૂલ પાસે ચોમાસું રહેવા સ્થાનની યાચના કરી....

વંકચૂલ વિચારમાં પડી ગયો! સાધુઓને રહેવા સ્થાન જોઈએ છે. જો સાધુઓ અહિં રહે, એમનો કોમળ અહિંસક ઉપદેશ વર્ષતો હોય તો આ મારા બધા જ સાથીઓ, ભગત બની બેસે. અને મારો ધંધો પડી ભાંગે.

થોડી ક્ષણો મૌનમાં વીતાવ્યા પછી વંકચૂલ વિનયથી બોલ્યોઃ 'સાધુરાજ! મહામના મુનીશ્વર! આપને રહેવા માટે હું સ્થાન આપીશ, આપ ખુશીથી રહો, પણ....એક મારી શરત આપને સ્વીકારવી પડશે!'

સાધુ સાથે પણ શરત?:—સાધુની સામે શરત મૂકનાર

આ કોઈ માથાનો ફરી ગયેલો માનવી તમને લાગશે? કેમ ખરૂંને? પણ એની આ સ્થિતિ જોતાં એની યોગ્યતા ઓછી નથી! આવી વિપમ સ્થિતિમાં આટલી નમ્રતા! હત્યારા ડાકૂમાં પણ આટલો વિનય ભાવ!

કુલના સંસ્કારોનું ઉત્થાન અંતરમાં બેઠું છે. સંયોગાધીન માનવ ફરે છે. પણ એના જન્મજાત સંસ્કારો કદિ ફરતા નથી. વિષમ સ્થિતિમાં સંસ્કારના અંકુરા તો અવશ્ય દેખા દે છે.

સૂરીશ્વરજી મહારાજ સૂચક ભાવે વંકચૂલ તરફ જોઈ રહ્યા. વંકચૂલે આગળ બોલતાં જણાવ્યું! 'મુનિરાજ! મારી એક જ આપને પ્રાર્થના છે કે–આપ અહિં રહો ત્યાં સુધી મારી પલ્લીની હદમાં આપે કદિ ધર્મોપદેશ આપવો નહિ.'

'ભાઈ! તારી વાત કબૂલ! મારી પણ એક વાત તારે માન્ય રાખવી પડશે.' સૂરીશ્વરજી સુમધુર સ્વરે બોલ્યા....

'ફરમાવો! આપની શી આજ્ઞા છે?' વંકચૂલ વિનયથી બોલ્યો.

'જ્યાં સુધી અમે અહિં હોઈએ ત્યાં સુધી તમારે આ પ્રદેશમાં બિલકુલ હિંસા કરવી નહિ'....સૂરીશ્વરજીએ પોતાની શરત રજુ કરી.

વંકચૂલ પણ કબૂલ થયો....

સાધુ મહારાજાઓ સ્વાધ્યાયમાં સમય વ્યતીત કરી રહ્યા છે. અપ્રમત્ત ભાવથી ગુરુ આજ્ઞા મુજબ અવિરત આરાધન કરી રહ્યા છે. એમના સુસંયમની સૌરભ ચારે બાજુ પ્રસરી રહી છે.... એમનો પુણ્ય પમરાટ પાપીઓના પાપને દૂર હડસેલી રહ્યો છે.

કાળનો પ્રવાહ અવિરત વહ્યો જાય છે એ પ્રવાહને કોઈ કદી રોકી શક્યું નથી. ચાર મહિનાનો સમય તો વીતી ગયો.

વંકચૂલ અને એના સાથીઓ સાધુઓના સંયમી જીવનને નીરખી રહ્યા છે. અરે! ઉંચી આંખ કરવાની મહામુનિઓને ફુરસદ નથી.

કોઈ નાના જીવની જાણતાં અજાણતાં પણ એ મહામુનિઓ કદિ હિંસા કરતા નથી....ઈર્યાસમિતિનું શોધન એમના માટે પ્રાણથી પણ પ્યારું છે. જૂઠું બોલવાનું તો સાધુ જીવનમાં હોય જ શાનું? સાચું પણ હિતકારી વચન હોય તો જ સુસાધુઓ બોલે છે.

માલિકની રજા સિવાય મહામુનિઓ ઘાસના તણખલાને પણ અડકે નહિ. બ્રહ્મચર્યના પાલન માટે તો મુનિરાજો કટિબદ્ધ રહે છે.

વસ્ત્ર પાત્ર વગેરે પોતાને જેટલું ઉપયોગી હોય તેટલું જ મુનિરાજો રાખે છે. બીન ઉપયોગી વસ્તુંઓ; પરિગ્રહ તરીકે મુનિરાજો રાખતા જ નથી.

આવા ઉત્તમ માર્ગના અનુયાયી સાધુ ભગવંતોને જોઈ પાષાણહૃદયી પલ્લીપતિ પણ પીગળી ગયો, એનું મસ્તક ભાવથી સુસાધુઓના ચરણોમાં ઝુકી પડયું.

કાર્તિક પૂર્ણિમાના પવિત્ર દિવસે આચાર્યશ્રીએ પોતાના શિષ્ય સમુદાય સાથે પ્રયાણ પ્રારંભ્યું. વંકચૂલ પોતાના સહચરો સાથે સૂરીશ્વરજીને વળાવવા ગયો.

વંકચૂલની સીમા વટાવી સૂરીશ્વરજી આગળ વધ્યા. વંકચૂલ પણ સાથે જ હતો....

'મહાનુભાવ! તારી શરત પ્રમાણે તારી સીમામાં અને ઉપદેશ આપ્યો નથી. હવે તું ઘેર જઈશ. અને અમે... અપ્રતિબદ્ધપણે વિહાર કરીશું.–પંખીઓની જેમ સાધુઓ પણ

એક સ્થાને કદિ રહેતા નથી, પણ....મહાનુભાવ! ચાર ચાર મહિના તું અમારા સહવાસમાં રહ્યો. છતાં અમારાથી તું કશુંજ ન પામી શક્યો, એનું અમને દુઃખ થાય છે.' સૂરીશ્વરજી વંકચૂલને સંબોધી બોલ્યા....જાણે અંધાર ઘેરા આકાશમાંથી હજાર હજાર વિજળીઓ ઝબૂકી ઉઠી....અમાવસ્યાની રાત્રીમાં તેજનો અંબાર પ્રકટી ઉઠ્યો.

પાપનો પશ્ચાત્તાપ:—વંકચૂલ નમ્રભાવે સૂરીશ્વરજીને નમી ભક્તિસભર હૃદયથી બોલ્યો.

'ગુરુરાજ! આપનું જીવન જોઈ, આપની દિનચર્યા જોઈ, આપના વગર બોલ્યે પણ મારા હૃદયમાં ઘણું ઘણું લાગી આવે છે. રાજકુમારમાંથી હું લૂંટારો....હત્યારો....ડાકૂ બન્યો છું. પાપ ડંખી રહ્યું છે, પણ પરિસ્થિતિ આધીન છું; માટે પાપ છોડી શકું તેમ નથી. છતાંય મારા ધંધાને આંચ ન આવે એવી કોઈ પ્રતિજ્ઞા આપ ફરમાવશો તો આપની આજ્ઞાને કદિ નહિ ઉલ્લંઘુ!

જેણે ઉપદેશ આપવાની મનાઈ કરી હતી એજ વંકચૂલ કેટલો કોમળ બની ગયો....? એના હૃદયમાં પણ પાપ કર્યાનો પશ્ચાત્તાપ કેટલો છે?

'હા પસ્તાવો! વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'

પાપને પખાળવાનું કોઈ સાધન હોય તો તે પસ્તાવો છે....સંસારમાં રહેવા છતાં પણ જો પાપાચરણનો પસ્તાવો હૃદયમાં રહેતો હોય તો સમજી લેજો કે એક દિવસ તમારી સામે એવો આવ્યો હશે કે—તમે સઘળા પાપને તિલાંજલિ આપી પુણ્યના પંથે વિચરી ચૂકયા હશો.

કાદવમાં દેડકું પણ ઉત્પન્ન થાય છે, અને કમળ પણ ત્યાંજ ઉત્પન્ન થાય છે. બન્ને કાદવમાં જન્મે છે. કાદવથી પુષ્ટ થાય છે. કાદવમાં જ એમની વૃદ્ધિ થાય છે. છતાં ય દેડકા અને કમળમાં કંઈ પણ અંતર ખરૂં ? દેડકું પંચેન્દ્રિય હોવા છતાં તેનો શબ્દ સાંભળવો કોઈને ય ગમતો નથી અને કમળ એકેન્દ્રિય છે છતાં ય એની અલિપ્તતા એને ત્રણ ભુવનના નાયકના મસ્તક પર બેસવાની યોગ્યતામાં લાવી મૂકે છે. એની સૌરભ દિલને ખ્હેલાવી દે છે એની ખુશનુમા સુગંધ વાતાવરણને પણ ભરી દે છે....

સંસારમાં જન્મવા છતાં, સાંસારિક કાર્યો કરવા છતાં આવી અલિપ્તતા જે દિવસે આવી ગઈ. એ જ દિવસે આપણો નિસ્તાર નિઃસંદેહ થઈ જશે

પલ્લીપતિ વંકચૂલ પાપ છોડી શકે તેમ નથી. પાપ છોડવામાં પણ ઘણી ઘણી નૈતિક હિંમત વાપરવાની જરૂર છે. પાપમય બનેલો પામર આત્મા પરમાત્મ પથે વિચરવાની ભાવના પણ સેવે તે વખતે તેના પર પાપનાં અનેક આક્રમણો ચાલુ થઈ જાય છે. પાપવૃત્તિને ત્યજનાર આત્મા જ પરમાત્મભાવને હૃદયથી પામી શકે છે.

સૂરિરાજે પલ્લીપતિની પરિસ્થિતિની પૂરી તપાસ કરી તેનાથી બની શકે તેવા ચાર નિયમ આપ્યા. આપણી દૃષ્ટિએ તો એ નિયમો બિલકુલ સહેલા જેવા લાગે છે, એના જીવન માટે તો એ નિયમો પણ કટોકટી ભરેલા છે.

૧. અજાણ્યાં ફળ ખાવાં નહિ.

૨. કોઈના પર ઘા કરતાં પહેલાં પાંચ સાત ડગલાં પાછા ફરી પછી જ ઘા કરવો.

૩. રાજાની સ્ત્રીને ભોગવવી નહિ.

૪. કાગડાનું માંસ ખાવું નહિ.

સરલ નિયમો છે ને? બીલકુલ સુખે પળાય તેવા કેમ ખરૂં ને?

પૂજ્ય આચાર્યદેવેશ પાસે પલ્લીપતિએ આનંદથી નિયમો લીધા. મુનિરાજે વ્રત નિયમમાં દૃઢ રહેવા સૂચના આપી વિહાર કરી ગયા.

નિયમનો ચમત્કાર:—એક વખત પોતાની ટોળી સાથે વંકચૂલ ચોરી કરવા નીકળ્યો. મોટા સાર્થમાં જબ્બર ભંગાણ પાડયું. ધનમાલ લૂંટી લીધું. અઢળક સંપત્તિ હાથ કરી વંકચૂક અને બીજા ચોરો ત્યાંથી પલાયન થઈ ગયા. બધા જ એક મોટા જંગલમાં આવ્યા. ભૂખ્યા ડાંસ જેવા બનેલા બધા જ ચોરો ચારે બાજુ આહારની શોધમાં ફરી વળ્યા. નજીકમાં જ એક સુંદર મીઠાં અને મધુરાં ફળથી લચી પડેલા વૃક્ષને જોયું. ચોરો તો એના પર તૂટી જ પડયા.

ફળો તોડીને વંકચૂલ આગળ ધર્યાં. વંકચૂલને ખાવા માટે વિનતિ કરી. વંકચૂલે કહ્યું 'ભાઈ! મારે અજાણ્યાં ફળ ખાવાનો નિયમ છે. આ કયા ઝાડનું ફળ છે? આ ફળનું નામ વિગેરે જણાવો પછી હું ખાઉં!'

જિંદગીમાં જેમણે આ ફળને જોયું પણ ન હતું, એ એનું નામ કયાંથી કહી શકે? એક ટીખળી ચોર બોલી ઉઠયો.... 'પલ્લીપતિ! નાયક! આપણે ચોર લોકોને નામની જરૂર શું? મળે તે ખાવું અને હાથ આવે તે લૂંટવું! ધર્મની ધાંધલો, નિયમોની બેડી આપણને ન શોભે!'

'ભાઈ! સૂરિરાજે, મહાતપસ્વી મુનિરાજે આપેલા સરસ અને સરલ નિયમને હું કદી નહિ તોડું.' વંકચૂલ પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહ્યો.

ભૂખ કકડીને લાગી છે. ખાવાનું કશું સાધન નથી. છતાં પ્રતિજ્ઞા પ્રત્યેનો પ્રેમ એના અતુલ આત્મભાવની સાક્ષી આપી જાય છે.

બધા જ સાથીદાર ચોરોએ તો પેટ ભરી ભરીને ફળો ખાધાં....આવાં સુંદર અને સ્વાદિષ્ટ ફળ માટે પોતાના ભાગ્યદેવને એમણે લાખ લાખ આશીર્વાદ આપ્યા....

પણ....થોડી ક્ષણો વીતતાં જ દૃશ્ય પલટાઈ ગયું!

ફળ ખાનાર બધા જ ચોરો ભૂમિ પર નિરાંતે સૂઈ ગયા. એમનાં સંધિના બંધનો તૂટી ગયાં. આંખો ઉતરી ગઈ....શ્વાસ બિલકુલ બંધ થઈ ગયો....

બચ્યો એકલો વંકચૂલ....

આ કયાં ફળ હતાં તે જાણો છો? કિંપાક ફળ હતાં.

કિંપાક ફળ સ્વાદમાં ખૂબ જ સરસ હોય. પણ તે ખાતાંની સાથે પ્રાણ પંખેરુ ઉડી જાય સ્વૈર વિહાર માટે.

વંકચૂલે પ્રતિજ્ઞા આપનાર ઉપકારી ગુરુનો હૃદયથી 'પાડ' માન્યો. જો આ ફળ વંચૂલે ખાધું હોત તો તે પણ આ દુનિયામાંથી સદાને માટે વિદાય લેત!

ગુરુરાજના મુખેથી લીધેલો નિયમ પણ કેટલો સરળ ફળ આપવાવાળો બન્યો? ધનમાલ લઈને વંકચૂલ ભારે હૈયે ઘર તરફ વિદાય થયો.

બીજી પ્રતિજ્ઞા –રાત્રે આવી જુએ છે તો પોતાની પત્ની સાથે કોઈ સૂતેલ છે તેવું તેના જોવામાં આવ્યું. વંકચૂલનો ક્રોધ ધમીધમી ઉઠયો.

સુતેલા બન્નેનાં તરવારથી બે ટુકડા કરવા તરત જ તે તૈયાર થઈ ગયો. એનું ખૂની માનસ, લોહી તરસ્યું હૃદય....

અંગારા વરસતી આંખો આ દૃશ્ય સહી ન શકી. પણ....બીજી જ પળે પોતાની પ્રતિજ્ઞા યાદ આવી. ઘા કરતાં પહેલાં પાંચ સાત ડગલાં પાછો ફર્યો. એની તરવાર ભીંતે અફળાઇ ગઈ.

સૂતેલાં જાગી ગયાં. પુરુષના લેબાશમાં રહેલી પુષ્પચૂલા, વંકચૂલની બહેન ભાઈને જોઈ ભાઈ પાસે દોડી ગઈ.

'કેમ ભાઈ! આ તરવાર કાઢી છે?'

વંકચૂલના બોલવાના હોશ રહ્યા નહિ.

અવિચારીપણે જો પગલું ભર્યું હોત તો બ્હેન અને પત્નીની હત્યા તેણે કરી લીધી હોત.

કોઈ પણ કાર્ય કરતાં પહેલાં એ કાર્ય ખૂબ જ વિચારણા માંગી લે છે. કેટલીકવાર ઉતાવળીયું પગલું ભરવાં જતાં ઘણું જ નુકસાન થઈ જાય છે.

સાહસથી કાર્ય કરનાર અવિવેકી પુરુષ પાછળથી પસ્તાય છે. વિચારીને કાર્ય કરવાવાળા બુદ્ધિમાન પુરુષને ગુણથી લુબ્ધ થયેલી લક્ષ્મી સ્વયમ્ આવીને એના ચરણોમાં આળોટે છે.

પુરુષના વેશમાં પોતાની બ્હેનને રહેલી જોઈ વંકચૂલ શરમિંદો બની ગયો. પુષ્પચૂલાએ પોતાના ભાઇને કહ્યું 'ભાઈ! આજે હું અને ભાભી નાટક જોવા ગયાં હતાં. આવતાં અંધારું ઘણું જ થઈ જાય તેમ હતું. અમે બન્ને સ્ત્રીઓ હતી. રસ્તામાં કંઈ અનર્થ ન થાય માટે તારો પુરુષ વેષ મેં પહેરી લીધો અને અમે ગયાં. નાટક જોઈ આવતાં ખૂબ જ મોડું થયું. ઉંઘ આંખમાં ભરાઈ ગઇ હતી, જેથી આ વેશ પહેરીને અમે સૂઈ ગયા.'

વંકચૂલને સ્પષ્ટ વાત સમજતાં વાર ન લાગી.

ફરીને પણ પરમોપકારી સૂરિવર એની નજર સમક્ષ

તરવરી આવ્યા. કેવળ નિઃસ્વાર્થ ભાવે મારા ઉપકારની ખાતર પ્રતિજ્ઞા આપનાર એ ગુરુને હું નમસ્કાર કરું છું. પ્રતિજ્ઞાના પ્રભાવથી હું પણ બચ્યો. બ્હેન અને પત્ની પણ બચ્યાં. જો નિયમ ન હોત તો આજે આ દુનિયામાંથી અમે વિદાય લીધી હોત.

પરમાર્થના પોષક :—આજના જીવોને તો કેટલીક વખત નિયમ આપતાં પણ ઘણો જ વિચાર કરવો પડે છે. પોતાની નિર્બલતાને લીધે કેટલાક આત્માઓ પ્રતિજ્ઞામાં દૃઢ રહી શકતા નથી. પરિણામે દોષ પ્રતિજ્ઞા આપનારનો કાઢતા હોય છે.

પણ....ધ્યાન રાખવું ઘટે કે-સદ્‌ગુરુઓને તમારી પાસે કશોજ સ્વાર્થ નથી....કોઈ પણ આત્માનો કોઈ પણ હિસાબે ઉદ્ધાર થાય એવી જ મુસાધુઓની હાર્દિક ભાવના હોય છે.... વધુમાં સંસારની વાસનામાથી આ જીવો પરમ પ્રકાશના પંથે પહોંચે એવું નિર્મલ ધ્યેય હોય છે. એ નિર્મલ ધ્યેયને નિર્બલ મનના નરો ક્યાંથી જાણી શકે ?

સ્વાર્થીય ભાવનાનું વલણ પરમાર્થ ભાવને કદી ન અપાવી શકે. જ્યારે પરમાર્થથી પ્રફુલ્લ બનેલું જીવન સ્વાર્થીય ભાવનાને ન પોષી શકે એ દેખીતી વાત છે...

વંકચૂલ બે પ્રતિજ્ઞામાંથી સાંગોપાંગ પાર ઉતર્યો હતો. અને એનું પ્રત્યક્ષ ફળ એણે અનુભવ્યું હતું....એનું મન દૃઢ હતું. હૃદય મજબૂત હતું. ભાવના સબળ હતી. માટે જ પ્રતિજ્ઞા ફળી.

મન 'ચક્ર'ની માફક ફર્યા જ કરતું હોય તો પ્રતિજ્ઞા પણ લાભવતી ન જ બની શકે. મનની મજબૂતાઈથી જ પ્રતિજ્ઞા પૂર્ણ થઈ શકે.

એ ચમત્કારિક બનાવથી વંકચૂલનું મન વધુને વધુ ધર્મમાં રક્ત બનતું ગયું....એક વખત સૂરીશ્વરજીના શિષ્યો વંકચૂલની

પલ્લીમાં પધાર્યા. વંકચૂલને ધર્મોપદેશ આપ્યો. તેમના ઉપદેશથી વંકચૂલે ચર્મણવતી નદીના તીરે શ્રી જિનપ્રસાદ કરાવ્યો.... મહાવીર ભગવાનની મૂર્તિ એમાં સ્થાપન કરી...અનુક્રમે એ મહાતીર્થ જગવિખ્યાત બન્યું....

ધીરે ધીરે વંકચૂલના જીવનમાં અજબ પલટો આવી રહ્યો છે. કોમલ હૃદયમાં ભાવનાના અંકુરા પ્રકટી રહ્યા છે.. દઢ મને પ્રતિજ્ઞાને આનંદથી તે પાળી રહ્યો છે.

પલ્લીપતિને રાજ્યપદની પ્રાપ્તિ :–એક વખત વંકચૂલ ઉજ્જયિની નગરીમાં ચોરી કરવા ગયો છે. ઘોની પુચ્છથી રાજદરબારમાં પેઠો....રાજાની રાણી વંકચૂલનું વિશિષ્ટ રુપ જોઈ મુંઝાઇ ગઈ. વંકચૂલની પાસે રાજરાણી અયોગ્ય પ્રાર્થના કરવા લાગી....

વંકચૂલને પોતાનો ત્રીજો નિયમ યાદ આવ્યો–તેણે સ્પષ્ટ શબ્દોમાં રાણીને સંભળાવી દીધું ! 'મહારાણીજી! મારે નિયમ છે....તમે મારાં બ્હેન છો. હું તમારો ભાઈ છું....તમારી અયોગ્ય પ્રાર્થનાને હું કદી નહિ સ્વીકારી શકું"....

'ચોર ! ચોરી કરવા આવ્યો છે. રાજાના ધનભંડાર હરણ કરવા આવ્યો છે, અને પ્રતિજ્ઞાનાં બણગા ફૂંકે છે....તને ધ્યાન છે, અહિ મારું વર્ચસ્વ છે....મારી આજ્ઞા નહિ માનનારને હું પ્રાણાન્ત દંડ અપાવી શકું છું. જીવવું હોય તો મારી પ્રાર્થના સ્વીકારીશ તો તું સુખી થઈશ. રાજ્ય સંપત્તિ પણ તારા હાથમાં આવી શકશે. મરવું હોય તો મારી આજ્ઞાનો ભંગ કરજે.'

કામને પરવશ બનેલ રાણીએ સ્ત્રીચરિત્ર ચાલુ કરી દીધું. વંકચૂલ પોતાની પ્રતિજ્ઞામાં દઢ હતો. તેણે રાણીને રોકડું પરખાવતાં સ્પષ્ટ જણાવી દીધું.

'મહારાણી ! મૃત્યુ તો એક જ વખત આવવાનું છે. મરણનો ડર મને કદિ રહ્યો નથી. રાજા રામ જેવા પણ કાળનો કોળિયો બની ગયા તો હું કોણ માત્ર ? રાણીજી ! મૃત્યુ મને ડરાવી નહિ શકે. તમારો ભય મારી પ્રતિજ્ઞા તોડાવી નહિ શકે'–

"શિર જાયે તો જાયે પર ધર્મ નહિ જાયે"

'મારી પ્રતિજ્ઞા ખાતર પ્રાણની આહુતિ આપવા પણ હું તૈયાર છું મહારાણીજી !' વંકચૂલને હવે પ્રાણ કરતાં પણ પ્રતિજ્ઞા ઉપર વધુ પ્રેમ હતો.

રાણીની રાગમાયા વધી રહી છે. કુયુકિતઓ દ્વારા વંકચૂલને ફસાવવા મહામહેનત ઉઠાવી રહી છે. પણ...વંકચૂલ માથા બારે નીકળ્યો.

પ્રતિજ્ઞા ખાતર પ્રાણ આપવા પણ વંકચૂલ પ્રત્યેક પળે જાગૃત છે.

અજબ આત્મવિશ્વાસઃ—આત્મવિશ્વાસ જો હોય તો માનવ પ્રગતિના પંથે પૂનિત પ્રયાણ જરૂર પ્રારંભી શકે. પ્રગતિ સહુને ગમે છે, પ્રગતિના પંથે પ્રયાણ પણ ઘણા પ્રારંભે છે, પણ જ્યાં જરા પણ કસોટીનો સમય આવે ત્યાં જ પ્રયાણ અટકી જાય છે. પ્રગતિના બદલે અધોગતિની અવળી દિશા માનવ હાથમાં ધારણ કરી લે છે.

અધમ પુરૂષો વિઘ્નના ભયથી શુભ કાર્યને આરંભતા જ નથી. મધ્યમ પુરૂષો પ્રગતિની દિશામાં પ્રયાણ કરે છે, પણ વિઘ્ન આવતાં જ ત્યાંથી પાછા ફરી જાય છે. ઉત્તમ પુરૂષો પ્રગતિની દિશામાં પગરવ માંડે છે. ગમે તેવાં વિઘ્નો આવે તો તેની સામે થઈ પ્રગતિને સાધીને જ જંપે છે.

મહાન પુરુષોને શુભ કાર્યમાં પ્રવૃત્ત થતાં સેંકડો વિઘ્નો

એમની સામે આવી ઉભા રહે છે. અસત્કાર્ય–અશુભ કામમાં પ્રવૃત્ત થનારને વિઘ્ન હોય તો પણ નાશી જાય છે.

સારા કાર્યમાં, પ્રતિજ્ઞા પાલનમાં વિઘ્ન આવે એ વિઘ્ન સામે અજબ આત્મવિશ્વાસ કેળવી વિઘ્નોનો સામનો કરતાં જે શીખે, હસતે મુખે વિઘ્નોને સહન કરતો પણ જે પ્રતિજ્ઞાને ચૂકે નહિ તેજ પ્રગતિને પામી શકે છે.

અજબ આત્મવિશ્વાસ હોય તોજ વિઘ્નોની સામે થવાનું બળ મળે. જ્યારે વિઘ્ન આવે ત્યારે વિચારવું જોઈએ કે જો હું આ વિઘ્નથી મારી પ્રતિજ્ઞાને તોડીશ તો જગતમાં જન્મ પામી માનવ જન્મની સાર્થકતાને હું સાધી નહીં જ શકું !......

જેને મહાન બનવું છે એને વિઘ્ન સામે હસતે મુખે ઉભું રહેવું જ પડે....વંકચૂલ...ચોર...ડાકુ....હત્યારો....જે ગણો તે....આજે અજબ આત્મવિશ્વાસથી વિઘ્નની સામે ઉભો છે....દગલબાજ રાણીએ પોતાની ઇચ્છા પૂરી નહિ થતાં નખથી પોતાના શરીરનું વિદારણ કરી, કપડાં ફાડી, બૂમરાણ મચાવી દીધી.

'ચોર મારી આબરુ લૂંટી રહ્યો છે. રાજરાણીની પાસે અયોગ્ય યાચના કરી રહ્યો છે. દોડો કોઈ દોડો. આફતમાંથી મને બચાવો. આ દુષ્ટ માણસ મારી લાજ લૂંટી રહ્યો છે'

આ તો ચોર "કોટવાળને દંડે" એવી સ્થિતિ ઉભી થઈ. વંકચૂલ મૌન છે....રાજાના માણસોએ ચોરને પકડી રાજા સમક્ષ હાજર કર્યો....

રાજાએ છૂપી રીતે રાણીના બધા ચરિત્રને જાણી લીધું હતું. છતાંય ખાત્રી કરવા વંકચૂલને પૂછે છે કે–'ભાઈ! રાત્રે તું રાજદરબારમાં કેમ પેઠો ?'

'રાજન્ ! ચોરી કરવા આવ્યો હતો. એટલામાં રાણીજીએ મને જોયો જેથી પકડાવ્યો છે. હું ચોર છું. આપને શીક્ષા ફરમાવવી હોય તે ફરમાવો !'

વંકચૂલે પોતાની વાત કહી પણ, રાણીની નીચતાની વાત ન કરી....

સજ્જનો સજ્જનતા છોડે નહીઃ—સજ્જન પુરુષો આપત્તિના સમયે પણ સજ્જનતાને છોડતા નથી. સમજી લેજો કે બીજાની નીંદાની વાત કરનાર પોતે જ નીચ છે. જેને પારકી નિંદા કરતાં આવડે છે, પારકી પ્રવૃત્તિઓના ગલીચ પ્રચાર કરવાની જેની આદત છે. એ કદી સજ્જનતાના સુસંસ્કારને પામી શકે નહિ.... .

આજે તો પોતાના સંબંધવાળી હોય કે સંબંધ વિનાની પણ, જ્યાં નિંદાની વાત આવે ત્યાં ગોળ ઉપર માખીની જેમ બધા જ તૂટી પડે.

"निंदया नैधते धर्मः पापं कुर्वंति केवलम्"

પારકી નિંદા કરવાથી, કોઈની ખરાબ વાતોનો પ્રચાર કરવાથી ધર્મ વધતો નથી પણ પાપના પોટલા જ બંધાય છે. બીજાની વાતો સાંભળી કાનને કદી પાપી બનાવવા ન જોઇએ. પરપરિવાદ પાપસ્થાનક દિવસે દિવસે વધતું જાય છે.

પારકી વાતો અને પારકી પંચાતોમાં જ દિવસો વહી જાય. પછી આત્મનિરીક્ષણ કરવાનો સમય જ ક્યાંથી મળે ? સાચું પૂછો તો-

બૂરા દેખન કો ચલા, બૂરા ન મીલીયા કોય.
દિલ ખોલકે દેખીયા, મુજસે બૂરા ન કોય ॥

બીજાની બૂરાઈ તરફ જ્યારે જ્યારે નજર જાય ત્યારે પોતાની બૂરાઈનું માપ કાઢી લેવું જોઈએ....કર્માધીન બીજો પ્રાણી માર્ગ-

વિરુદ્ધ વર્તન કરતો હોય, સજ્જન પુરુષો તો એની સામે જુએ પણ નહિ....વંકચૂલના ઉદાર હૃદયની, એની સજ્જનતાની ઉજ્જયિનીના રાજા પર ખૂબ જ ઉંડી અસર થઈ.......રાજાએ રાણીનું ચરિત્ર જોયું જ હતું જેથી વંકચૂલને બંધનોથી મુકત કરી પોતાના પુત્ર તરીકે રાખી લીધો. સજ્જનતાના શણગારથી સુશોભિત બનેલા વંકચૂલના હાથમાં રાજાએ રાજ્યની લગામ આપી દીધી.

રાણીના અપકૃત્ય બદલ રાજા તેને શૂળીએ ચઢાવવાનો હુકમ કરે છે. પણ વંકચૂલ, રાજાને આવો ઉગ્ર દંડ ન કરવા વિનવણી કરે છે.

પોતાને મારવા ઇચ્છનાર વ્યકિત પર પણ કેટલો સમભાવ છે ?

વંકચૂલની ઈચ્છાને આધીન બની મહારાણીને મૃત્યુદંડ ન આપતાં દેશનીકાલની આજ્ઞા આપી દીધી.

વંકચૂલ પ્રતિજ્ઞામાં દઢ રહી ગુરુને વારંવાર યાદ કરતો યુવરાજ પદનું સારી રીતે પાલન કરી રહ્યો છે.

એક વખત વંકચૂલને કોઈ રાજા સામે યુદ્ધ કરવા જવું પડયું. યુદ્ધમાં વંકચૂલનું શરીર બાણોથી વીંધાઈ ગયું....મરણ પથારીએ પડેલા વંકચૂલને રાજવૈદ્યોએ આવી કહ્યું–'જો વંકચૂલ કાગડાનું માંસ ખાય તો જ બચી શકે તેમ છે....'

એક તરફ મરણ....બીજી તરફ પ્રતિજ્ઞા....

જીવવું કે મરવું ? આ વખતે શું પસંદ પડે ?

વંકચૂલ હવે પોતાની પ્રતિજ્ઞા કદી છોડે તેમ નથી....ત્રણ ત્રણ નિયમોનો જેણે પ્રત્યક્ષ લાભ જોયો છે. એ હવે એક પણ નિયમને તોડે ખરો ? ....

વંકચૂલને સમજાવવા ઘણા ઘણા પ્રયત્નો થયા. વંકચૂલ એકનો બે ન થયો.

પ્રાન્તે શુભ ભાવપૂર્વક વંકચૂલ કાળ કરી બારમા દેવલોકમાં દેવ થયો.

માનવ જન્મ પ્રગતિના પંથે પ્રયાણ કરવાનું પરમ સાધન છે. કર્મશત્રુને દલિત કરવાનું અમોઘાસ્ત્ર છે. નરભવની ઝંખના દેવલોકના દેવેંદ્રો પણ કરે છે. પરમઆત્મકલ્યાણ સાધવાનો મહામાર્ગ માનવજન્મમાં મળે છે.

પણ....એના માટે નિયમિત જીવન જોઇએ. પ્રતિજ્ઞા પાલનની દૃઢ તાકાત જોઇએ. અપૂર્વ મનોબળ જોઇએ....આજ સુધી અનાદિ કાળથી સંસારની વાસનામાં ફસાઈ જઈ સદ્ધર્મને આરાધી ન શકયા. હવે મનની મજબુતાઈને વધારી, સંપૂર્ણ આત્મવિશ્વાસ કેળવી, પ્રગતિનો પરમપંથ મેળવવા પ્રયાણ પ્રારંભવું જ જોઈએ.

વંકચૂલ નાના નિયમોથી ઉત્તમ પ્રગતિને સાધી ગયો, ત્યારે તમે તો એનાથી ઘણા જ આગળ વધ્યા છો. એ નિઃસંદેહવાત છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મની શુભ ભાવપૂર્વક સુંદર આરાધના કરી પ્રગતિના પુનિતપંથે જગતના સર્વ જીવો પ્રયાણ પ્રારંભો એવી આશા સાથે વિરમું છું.



'સાધનાનાં સોપાન' પ્રથમાવૃત્તિને મળેલા
પૂજ્ય પાદ આચાર્ય દેવેશાદિના
આશીર્વાદ અને અભિપ્રાય

(૧)

'સાધનાનાં સોપાન'માં વ્યાખ્યાનકાર મુનિશ્રીએ આપેલાં વ્યાખ્યાનો પસિદ્ધ થયેલાં જોઈ આનંદ. સર્વજનહિતકર સાહિત્ય એમાં પીરસાયું છે. વ્યાખ્યાનોની શૈલી સુંદર–રસપ્રદ છે. મુનિશ્રી પોતાની શક્તિને શાસન હિતનાં કાર્યોમાં વિકસાવી સ્વ–પર કલ્યાણ સાધો એજ અમારાં અંતરનાં આશીર્વચનો છે.

—પૂ. પાદૂ આ. વિ. જંબૂસૂરીશ્વરજી મ. સા.

(૨)

જડવાદના ઝેરી જમાનામાં જિનવાણીરૂપ અમૃતનો પ્રવાહ વહાવી વ્યાખ્યાતા મુનિશ્રીએ જૈન સિદ્ધાન્તને વફાદાર રહી જે જાહેર વ્યાખ્યાનો આપ્યાં છે તેને 'સાધનાનાં સોપાન' નામના ગ્રંથમાં સંગૃહિત કરવામાં આવ્યાં છે. જે વાંચકોને અવશ્ય ઉપકારક નીવડશે એમાં શંકા નથી. મુનિશ્રી આ રીતે સ્વ–પર કલ્યાણમાં રત રહી જીવનને ઉર્ધ્વગામી બનાવે એજ એક અભિલાષા.

—પૂ. આ. વિ. લક્ષ્મણ સૂરીશ્વરજી મ. સા.

(૩)

'સાધનાનાં સોપાન' વ્યાખ્યાનોના સંગ્રહરૂપ સર્વોપયોગી પુસ્તક છે. આજના વિષમ યુગાનુગામી જનતાને એક અસાધારણ માર્ગદર્શક છે એમ કહેવું અતિશયોક્તિથી પર છે. છાશવારે ને છાશવારે કુબોધોત્પાદક. અશ્લીલ, ગણનાતીત સાહિત્ય પ્રગટ થાય છે, જે વાંચકોની પ્રકૃતિને વિકૃત બનાવી

કુસંસ્કારના અંકુરો હૃદયમાં પ્રગટાવે છે; તેના સ્થાને આવા અનુપમ ધાર્મિક ગ્રંથો વાંચનમાં ગોઠવાતાં શ્રદ્ધા, ત્યાગ, વૈરાગ્ય, અધ્યાત્મના સંસ્કારોનું સુચારૂ સિંચન મળે; અને જીવપરમપાવન બનતાં પ્રાણીમાનવ જન્મ સફળ બનાવી જાય.

વ્યાખ્યાનો આજના યુગને સચોટ જડબાતોડ જવાબ આપનારાં છે. ભાષા સૌષ્ઠવ સારૂં છે. વિષય સંગીન છે. બોધ-ગાંભીર્ય છે. શ્રદ્ધાની સુરભિ પાને પાને પ્રસરે છે. સિદ્ધાન્તોની પ્રિયતા છે. દૃષ્ટાન્તોની શ્રેણિ સતત રસધારા વહાવે જાય છે આ પુસ્તક વાચતાં એમ જ થયું કે 'શાસનની ઉગતી પેઢીમાં વ્યાખ્યાનકાર મુનિશ્રી એક આશાસ્પદ શ્રદ્ધારૂપ બનશે' એ નિઃશંક છે. પ્રતિદિન સર્વકાર્યોમાં વૃદ્ધિપામો એવી અંતરની અભિલાષા.

—પૂ. આ. વિ. ભુવનતિલક સૂરીશ્વરજી મ. સા.

(૪)

પુસ્તક પૂરૂં વાચી આનંદ થયો. મુનિરાજશ્રીના (૧૫) વ્યાખ્યાનો શાસ્ત્રાનુસારી હોવાથી અનુમોદનીય અને પ્રશંસનીય છે. ભવ્યજીવોને ઉપકારક છે. શાસન પ્રત્યેની વફાદારીવાળાં છે. સન્માર્ગ પોષક અને ઉન્માર્ગ શોષક છે. વ્યાખ્યાનો વાચતાં જ મુનિરાજશ્રીનો ક્ષયોપશમ સુંદર જણાય છે, એ સદ્ગુરૂ કુલવાસનો પ્રતાપ છે. સુગુરૂ કુલવાસમાં રહી મુનિરાજશ્રી શાસનસેવા, પ્રભાવના, રક્ષા આદિ સુકાર્યો દિનપ્રતિદિન કરતા રહી સ્વ-પર કલ્યાણને સાધવા ઉજમાળ બનો. એજ એકની એક અભિલાષા.

—પૂ. આ. વિ. અમૃત સૂરીશ્વરજી મ. સા.

(૫)

'સાધનાનાં સોપાન'માં સંગૃહીત થયેલ દરેક વ્યાખ્યાનો સમ્યગ્ જ્ઞાન સાથે દર્શનશુદ્ધિને કરાવનારા અને રસપ્રદ છે વિવેચન સાથે દૃષ્ટાન્તોનો સુમેળ સધાયો હોવાથી વાંચકને અજબ આનંદ આપનારાં છે. ભાષા મનોહર અને રોચક "

પુસ્તકમાં પાને પાને વૈરાગ્ય, કરૂણા અને પ્રશમરસના સ્રોત વહી રહ્યા છે. વ્યાખ્યાનકારોને પણ આ પુસ્તક સુંદર સહકાર આપે તેવું છે. વાંચકવર્ગ આ પુસ્તકને ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચી; એમાં દર્શાવેલ માર્ગે વિચરશે તો જરૂર કલ્યાણ સાધી શકશે.

—પૂજ્ય આચાર્ય વિજય કીર્તિસાગર સૂરીશ્વરજી મ. સા.

(૬)

'સાધનાનાં સોપાન'માં અમદાવાદની શહેર યાત્રામાં થયેલ જાહેરપ્રવચનોનો સંગ્રહ થયેલો છે. વ્યાખ્યાનો જડવાદીઓને સચોટ જવાબ આપનારાં હોઈ અત્યંત ઉપયોગી છે. પ્રત્યેક વ્યાખ્યાનો જુદા જુદા દષ્ટિકોણને સમજાવી વાંચક વર્ગને જીવનમાં જાગૃતિ લાવવાવાળાં બનશે એ નિઃશંક છે. મુનિશ્રી આ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધ આરાધના દ્વારા સ્વ–પર કલ્યાણ-પંથમાં સદાને માટે વિચરતા રહે એ શુભાભિલાષા.

—પૂ. આ. શાન્તિચંદ્ર સૂરીશ્વરજી મ. સા.

(૭)

'સાધનાનાં સોપાન' વાંચતાં અત્યન્ત આનંદ થયો. આજનાં ભૌતિકવાદથી વાસિત બનતા જગતને માર્ગાભિમુખ અને માર્ગસ્થ બનાવવાને માટે સદ્ધર્મદેશનાં એજ મહા સાધન છે. આજ ઉપાયને મુનિશ્રીએ પોતાની મીઠી અને મધુરી ભાષામાં ખૂબ જ સુંદર પદ્ધતિસર વણી લેવાનો પ્રયાસ કર્યો છે. પદ્ધતિ ઘણી જ પ્રશંસનીય અને રસપ્રદ છે.

—પૂ. આ. વિ રામસૂરીશ્વરજી મ. શા. (ડહેલાવાળા)

(૮)

'સાધનાનાં સોપાન' માટેનો પ્રવચનકારનો પ્રયાસ અતિ સ્તુત્ય ગણાય. આ વ્યાખ્યાનમાળા આજના યુવકોને અતિ ઉપયોગી નીવડવા સાથે જીવનની સાચી પ્રગતિ સાધી આપવામાં સહાયભૂત થશે એ નિઃશંક છે.

—પન્યાસ પ્રવરશ્રી પ્રવીણ વિજયજી ગણિવર્ય

વ્યાખ્યાનોમાં નિર્દિષ્ટ માર્ગ દ્વારા ચાલી જીવનની જ્ઞાન જ્યોતમાં ખૂટતી સામગ્રી મેળવી યતીન્દ્રોને ઈષ્ટ મુક્તિના મંગલ માર્ગને સહુ કોઈ પ્રાપ્ત કરો એવી મંગલ કામના.

—મુનિરાજ યતીન્દ્ર વિજયજી મ. (વ્યા. સાહિત્ય તીર્થ)

(૧૨)

'કલ્યાણ' માસિક શું કહે છે?

અમદાવાદ ખાતે ચૈત્ય પરિપાટીના શુભ પ્રસંગે આપેલ ૧૫ જાહેર પ્રવચનોનું મનનીય તથા સારભૂત અવતરણ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. પુસ્તકમાં પ્રગટ થયેલ પ્રવચનો સમસ્ત સંસારી જીવોને આત્મસાધનાનો પ્રેરક સંદેશો આપી જાય છે. જે દરેક રીતે જીવોનોપયોગી તથા ઉદ્બોધક છે. વ્યાખ્યાનની ભાષા શૈલી તથા શબ્દશ્રેણિ એકંદર સચોટ અને આકર્ષક છે. દલીલો દૃષ્ટાન્તો પૂર્વક વર્તમાન વાતાવરણને અનુલક્ષીને શાસ્ત્રીય દૃષ્ટિને સમક્ષ રાખીને નિર્ભય પણે પૂજ્ય મહારાજશ્રીએ સાંભળનાર શ્રોતાવર્ગને સમુત્થાનનો મંગલ સંદેશ આપ્યો છે. વર્તમાન પ્રવાહના અનેક પ્રશ્નોને નજર સમક્ષ રાખીને વર્તમાન જડ વાતાવરણમાં મૂંઝાતા માનવોને ધર્મના કલ્યાણકારી માર્ગે વાળવા આ પ્રવચનોમાં સુંદર વિષયો ચર્ચાયા છે. એક એક વ્યાખ્યાન ઉપયોગી તથા ઉપકારક છે. ૨૪ વર્ષની વયમાં જૈન શાસનના સનાતન સત્ય માર્ગના પ્રચાર માટે નિર્ભય પણે ગુરુનીશ્રામાં રહીને ધગશપૂર્વક પ્રયત્નકરનાર પૂ. વ્યાખ્યાનકાર મુનિવરશ્રીનો આ પ્રવચનોની પાછળનો પરિશ્રમ પ્રશંસનીય છે. પૂજ્ય પન્યાસજી મહારાજશ્રી કનક વિજયજી ગણિવરશ્રીએ—પ્રસ્તુત પુસ્તકમાં 'મંગલ વચન'માં પુસ્તકની મનનીય તથા સારગ્રાહી સમાલોચના કરી છે, ને તે દ્વારા પુસ્તકના વિષયોને મૂલવવા સુંદર પ્રયાસ કર્યો છે. પ્રસ્તુત પ્રકાશન એકંદર અનેક રીતે ઉપયોગી છે. **'કલ્યાણ' નવેમ્બર ૧૯૬૨**